મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ !

مَنْ يُّرِدِ اللّٰهُ بِهٖ خَيْرًا يُفَقِّهْهُ فِى الدِّيْنِ

بہارِ شریعت

# અહકામે શરીઅત

## (ભાગ-૧)

:: ઉર્દૂમાં મૂળ લેખક ::

હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત **હઝરત મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી** આ'ઝમી, કાદરી રઝવી رحمۃ اللہ علیہ

:: અનુવાદકો ::

હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ પીર કમરુદીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા, નક્શબંદી, મુજદિદી (મોડાસ્વી)

**પ્રકાશક**


**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا رَسُوۡلَ اللّٰہِ صلی اللہ علیہ وسلم

وَعَلٰی اٰلِكَ وَاَصۡحَابِكَ یَا حَبِیۡبَ اللّٰہِ صلی اللہ علیہ وسلم

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન


કિતાબનું નામ : **બહારે શરીઅત**
(ભાગ પહેલો)

ઉર્દૂમાં મૂળ લેખક : *હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત* **મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી આ'ઝમી, કાદરી રઝવી** رحمۃ اللہ علیہ

અનુવાદકો : (૧) હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ
**પીર કમરુદ્દીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)**

(૨) મર્હૂમ **હાજી ડોસુભાઈ કે. પહોંચીયા**
નકશબંદી, મુજદ્દિદી (મોડાસ્વી)

પેજીસ : ૬૦ ★ **કિંમત :** ★ **નકલ :** ૨૦૦૦

પ્રકાશન વર્ષ : ૬ રજબુલ મુરજ્જબ, હિ.સ.૧૪૩૦
અંગ્રેજી તા. ૨૯–જુન–૨૦૦૯, વાર : સોમવાર

પ્રાપ્તિસ્થાન : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, (ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, **Email : anjuman2006@hotmail.com**

પ્રકાશક

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧,
(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# પ્રકાશકના બે બોલ....

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ

وَعَلٰى اٰلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ ﷺ

જો કોઈ વ્યક્તિ બીમાર હોય અને તેને નિષ્ણાત ડોક્ટર ચેક કરીને દવાઓ લખી આપે કે આ સવારે નાશ્તા પહેલાં, આ નાશ્તા પછી. આ ગોળી ખાધા પહેલાં અને આ ખાધા પછી. અને આ સૂતી વખતે લેવી. અને આ એક લેવી આ અડધી લેવી.... વગેરે, તો દરેક બીમાર પોતાની તંદુરસ્તીને ખાતર એ જ પ્રમાણે દવા લે છે. કારણ કે એને ડોકટર પર વિશ્વાસ છે કે એ મારા ભલા માટે કહે છે. જો ડોકટરના કહેવાથી ઉલ્ટુ કરે અથવા એક એક કરીને ખાવાને બદલે બધી ગોળી સામટી ગળી જાય તો શું થશે ? જાનનો ખતરો ! સૌ આ વાત સમજે છે જેથી ડોકટરના કહયા વિરુદ્ધ જવલ્લેજ કોઈ કરે છે, અને જે ડોકટરના કહ્યા વિરુદ્ધ કરે તેને બેવકૂફ ઠરાવવામાં આવે છે.

એ જ પ્રમાણે કોઈ અજાણ્યા શહેરમાં તમે જાવ અને કોઈને રસ્તો પૂછો, તો તમને કહેવામાં આવે કે આગળ ચાર રસ્તે જમણી બાજુ વળજો પછી સીધા મેઈન રોડ પર જજો, ત્યાંથી ડાબી બાજુ વળજો, પછી જમણી બાજુ વળજો...તો તમે તમારી મંઝિલે પહોંચી જશો. તો ખૂબ જ ધ્યાનથી એ પ્રમાણે કરવામાં આવે છે. જો ગાઈડની સૂચના વિરુધ્ધ સમજ્યા વિના કોઈ કરે તો ભટકી જાય છે અને એવું કરનારને બેવકૂફ કહેવામાં આવે છે.

એ જ પ્રમાણે તે રબ કે જે તમને તમારી માં કરતાં વિશેષ ચાહે છે તેનાથી વધુ તમારું ભલુ ચાહનારો કોણ હોઈ શકે ? અને તે મહબૂબ ﷺ કે ઉમ્મતીના પગે કાંટો પણ ચૂભે તે પોતે પસંદ નથી કરતા, તે રબ તઆલા ﷻ તથા તેના હબીબ રહ્‌મતુલ્‌ લિલ્‌ આલમીન ﷺ જે જીવનમાર્ગ સૂચવે તેના પર ચાલવું એમાં દરેક માનવની દુનિયા તથા આખેરતમાં ભલાઈ જ ભલાઈ છે અને ઈજ્જત જ ઈજ્જત છે. અને અલ્લાહ વ રસૂલનો સૂચવેલો માર્ગ જ આપણને સહીહ મંઝિલે પહોંચાડી શકે છે.

પરંતુ અફસોસ ! પુષ્કળ લોકો બીમારી વેળા ડોકટરની ઝીણી ઝીણી વાતોને તો ધ્યાનમાં રાખે છે અને તે પ્રમાણે અમલ કરે છે, મુસાફરો અજાણ્યા શહેરમાં ગાઈડની સૂચના વિરુદ્ધ જરાય જતા નથી, કેમ કે ગાઈડની સૂચના વિરુદ્ધ વર્તવાથી ભટકી જવાનો, લૂટાઈ જવાનો ભય રહે છે. અહીં સર્વની બુદ્ધિઓ કામે લાગેલી રહે છે અને તેમના કહ્યાનુસાર ચાલે છે. પણ અફસોસ ! આપણો ખાલિક઼ તથા માલિક રબ્બે કરીમ માનવીને જીવન રથ કયા માર્ગે કઈ રીતે દોડાવવો તે સૂચવે છે, તેના પ્યારા મહબૂબ ﷺ જીવનનાં સર્વ પાસાંઓમાં કઈ રીતે રહેવું, આપણો શું અક઼ીદો અલ્લાહ વ રસૂલ વિશે હોવો જોઈએ, તથા અન્ય કેવી માન્યતાઓ રાખવી, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત શું છે ? અને કઈ રીતે અદા કરવા ? તથા નિકાહ, શાદી વહેવાર, પતિ પત્નીની જિંદગી, બાળકોની પરવરિશ, માંબાપના, ભાઈ બહેન, પડોશીના, મુસ્લિમોના, માનવોના શું શું હક્કો છે..... વગેરે જીવનનાં સર્વ પાસાંઓના નિયમો અલ્લાહ ﷻ વ રસૂલ ﷺએ દર્શાવ્યા છે છતાં મોટાભાગના લોકો જેઓ પોતાને બુદ્ધિવાળા

તથા કેટલા તો પોતાને તત્વચિંતક અને સૌથી હોશિયાર માનનારા કહેવાતા ડોકટર, પ્રોફેસર, સાયન્ટિસ્ટો પણ તેના પ્રમાણે ચાલતા નથી ! તો માનવે સમજવું જોઈએ કે સમગ્ર સૃષ્ટિમાં આપણુ સૌથી અધિક ભલુ ચાહનાર રબ તઆલા તથા તેના રસૂલ ﷺના દર્શાવેલા માર્ગે આપણે ન ચાલીએ, અને એક કયાસથી દવા કરનારા ડોકટર તથા અજાણ્યા શહેરમાં સામાન્ય ગાઈડની વાતને મહત્વ આપીને તેના પર અચૂક અમલ કરીએ તો વિચારો કે આપણાથી મહાન બેવકૂફ કોણ હશે ?! શું ડોક્ટર તથા ગાઈડની વાત રબની વાત તથા રસૂલેપાકની વાતથી અધિક વિશ્વસનીય છે ?!

સારાંશ કે આપણે જો દુનિયા અને આખેરતની ભલાઈ ચાહતા હોઈએ તો અલ્લાહ વ રસૂલ ﷺના કાનૂન એટલે કે "શરીઅત"ના કાયદા મુજબ જીવન જીવવું જોઈએ, એમાં જ બંને જહાનની મુસીબતોનો ઉપાય છે અને એના પર ચાલવાથી જ બંને જહાનમાં સુખી થઈ શકાશે.

પ્રસ્તૂત કિતાબ સદરુશ્શરીઅહ્, ખલીફાએ હુઝૂર આ'લા હઝરત, ફક઼ીહે આ'ઝમ ફખ્રે સુન્નિયત હઝરત અલ્લામા મૌલાના શાહ અબુલ ઉલા **અમજદઅલી આ'ઝમી** કાદરી રઝવી رحمة الله عليهની શરીઅતના ક઼ાનૂન દર્શાવતી, પુષ્કળ હદીષો તથા મસાઈલ સાથે સહીહ જીવન માર્ગ દર્શાવતી અજોડ કિતાબ છે. આ કિતાબ ઉર્દૂમાં કુલ ૨૦ ભાગોમાં છપાઈ છે જેના **ફક્ત દસ ભાગો** ગુજરાતીમાં **હઝરત અલ્લામા મૌલાના સૈયદ ક઼મરુદ્દીન બાવા એ. દરિયાઈ અશરફી (કારંટા શરીફ)** તથા **મર્હૂમ જનાબ ડોસુભાઈ કે પહોંચીયા નક઼્શબંદી (મોડાસાવાળા)**એ કર્યા હતા. મૌલા કરીમ તેઓને જઝાએ ખૈર અતા કરે તથા તેમની આ મહેનતને તેમની નજાતનો ઝરીયો બનાવે, મર્હૂમ ડોસુભાઈને જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

અલ્લાહના ફઝ્લો કરમથી **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ની સૂચનાનુસાર **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** થકી તેને પ્રકાશિત કરવાનું બીડુ ઝડપ્યું છે. જે **૧ થી ૫ ભાગો** એક સાથે અને **૬ થી ૧૦ ભાગો** એક સાથે આમ બે જિલ્દોમાં છપાવી રહ્યા છીએ. અત્રે અમો હઝરત મૌલાના સૈયદ ક઼મરુદ્દીનબાવા કારંટવી સાહબનો આભાર માનીએ છીએ કે તેમણે ખૂબ જ ખુશીભેર ઉષ્માપૂર્વક દુઆઓ સાથે અમને આ **'બહારે શરીઅત'**ના દસ ભાગો પ્રસિદ્ધ કરવાની ઈજાઝત આપી.

મારા દીની સુન્ની ભાઈઓ બહેનોને વિનંતિ કે આપણા જીવનનો, આપણા શરીરનો, આપણી મિલ્કતોનો હક઼ીક઼ી માલિક અલ્લાહ છે અને એ જે માર્ગ જીવન જીવવાનો સૂચવે, જે માર્ગ શરીરનો તથા મિલ્કતનો ઉપયોગ કરવા વિશે સૂચવે તેમાં અગણિત ભલાઈઓ છે, જેથી આ કામમાં આડે આવતી આપણી કુબુદ્ધિને અભરાઈએ ચડાવીને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના સૂચવેલા માર્ગે આપણે ચાલીએ એમાં જ બંને જહાનની ભલાઈ છે અને જો એને અવગણીશું તો દુનિયામાંય બેઈજ્જતી થશે તથા આખેરતમાં જહન્નમમાં સળગાવું પડશે, જેથી અત્યારે જ સમજી વિચારીને શરીઅત પર ચાલવું જોઈએ રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં આપણને તેની રઝાવાળી જિંદગી નસીબ કરે. (આમીન)

**-પટેલ શબ્બીર અલી રઝવી**

*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક, દયાદરા, તા. ૨૦-૬-૨૦૦૯)*

# સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ ના અહવાલ તથા કારનામાંઓ

**મદીને કા મુસાફિર હિંદસે પહુંચા મદીનેમેં**
**કદમ રખને કી નોબત ભી ન આયી થી સફીનેમેં**

હઝરત સદરુશ્શરીઅહ્ હકીમુલ ઉમ્મત અબુલ ઉલા **મૌલાના મુહમ્મદ અમજદઅલી આ'ઝમી કાદરી**, હિંદુસ્તાન, યુ.પી.ના મશહૂર કસ્બા મદીનતુલ ઉલમા (ઘૌસી) જિ. આઝમગઢમાં હિ.સ. ૧૨૯૬, ઈ.સ. ૧૮૭૯ના કોઈ મુબારક મહીનામાં આપે આ મહેકતી ચહેકતી દુનિયામાં કદમ રાખ્યો. આપ મસ્લકની રૂએ સુન્ની હનફી અને કાદરી રઝવી સિલસિલાથી સંબંધિત હતા. વંશાવલિ : પિતા મૌલાના હકીમ જમાલુદ્દીન ઈબ્ને મૌલાના ખુદાબખ્શ ઈબ્ને મૌલાના ખૈરુદ્દીન.

પ્રારંભિક તા'લીમ પૂર્ણ થયા બાદ આપે ઉચ્ચ તા'લીમ માટે મદ્રસા હનફિયા જોનપુરનો ઈરાદો કર્યો અને જામેએ મઅકૂલાત વ મન્કૂલાત હઝરત અલ્લામા હિદાયતુલ્લાહખાં સાહબ રામપૂરી (શાગિર્દે રશીદ મુજાહિદે આઝાદી હઝરત અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી)થી ફૈઝયાબ થવાના ઈરાદાથી તૈયારી કરી લીધી. વિશ્વનીય રિવાયતથી જાણવા મળ્યું કે એ વખતે ઘૌસીથી જાનપૂરનો માર્ગ પગપાળાનો જ હતો. લોકો પગપાળા જ સફર કરતા હતા અથવા બળદગાડાનો સહારો લેતા. સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہનું દિલ શોખના જઝબાતથી ચૂર હતું, ઈલ્મી તલબની આગ કલ્બો જિગરમાં ભડકી રહી હતી જેના કારણે આપે બિસ્તર, કિતાબ તથા અન્ય સામાન માથા પર ઉઠાવ્યો અને સખત ગરમીમાં પસીનાથી રેબઝેબ પગપાળા ચાલી નીકળ્યા. ઘૌસીથી જોનપૂરનું અંતર લગભગ સો માઈલ છે પણ આપ **મન્ સલક તરીકન્ યત્લુબુ ફીહિ ઈલ્મન્** ("જે શખ્સ ઈલ્મની તલબના માટે રસ્તો પાર કરે")ના ખરેખર પાત્ર બનીને કશીય તમા વિના પગપાળા ચાલતા રહ્યા, ત્યાં સુધી કે માર્ગમાં કાફલાના અમીરે આપને જોઈને અનુમાન કરી લીધું કે આ નાની વયના બાળકને કોઈ મહાન ચીજની તલબ છે, જેથી તેણે અનાયાસે પૂછી માર્યું કે તમારે ક્યાં જવું છે ? આપે જણાવ્યું કે જોનપૂર ! તો તેણે એટલી મહેરબાની કરી કે આપનો સામાન પોતાના બળદગાડામાં રાખી લીધો, પણ આપ પગપાળા જ ચાલતા રહ્યા ત્યાં સુધી કે જોનપૂર પોતાના શૈખની બારગાહમાં પહોંચી ગયા.

અને બાકાયદા દર્સ લેવાનું શરૂ કરી આપ્યું. આપની બુદ્ધિતીવ્રતા, યાદશક્તિ, દિમાગની જાગૃતિ, તેજ ગ્રહણશક્તિથી પ્રભાવિત થઈને હઝરત શૈખ જોનપૂરી علیہ الرحمۃ و الرضوانએ આપને પોતાના વિશ્વાસુ, કાબિલે ફખ્ર શાગિર્દ તથા નૂરે નઝર બનાવી લીધા. વધુમાં ઈર્શાદ ફર્માવ્યો, "એક શાગિર્દ મળ્યો અને તે પણ વૃદ્ધવસ્થામાં !"

આ રીતે આપે ત્યાં ઉલૂમે અકલિયા તથા નકલિયાની પરિપૂર્ણતા કરી, અને સનદ તથા ફરાગત હાંસલ કરી. અને ઈલ્મે હદીષનો શૈખુલ મુહદ્દિષીન હઝરત મૌલાના વસી અહમદ સૂરતી رحمۃ اللہ علیہથી

દર્સ લીધો. હિ.સ. ૧૩૨૦ ઈ.સ. ૧૯૦૫માં ફરાગતની સનદ હાંસલ કરી. હિ.સ. ૧૩૨૨માં હકીમ અબ્દુલ વલી લખનવીથી ઈલ્મે તિબ્બ (ડોકટરી વિદ્યા)ની સનદ હાંસલ કરી. પછી ઘરે આવીને તિબ્બી સારવારનું કામ શરૂ કરી આપ્યું પણ દિલ એ તરફ સંતુષ્ઠ ન હતું, મોટાભાગે કહેતા કે આ પણ કોઈ ધંધો છે કે સવાર સવારમાં પેશાબ જોવો પડે ! એ ધંધાથી નારાજ તો હતા જ એવામાં ગયબથી એને ત્યજવાનો એક સબબ પેદા થઈ ગયો. એવું બન્યું કે આઝમગઢના કસ્બા અઝમતગઢના રાજાને ત્યાં કોઈ બીમાર સ્ત્રીને જોવા માટે સવારી મોકલીને રાજાએ બોલાવ્યા. ત્યાં પહોંચતાં પહેલાં જ બીમારી સ્ત્રીનો ઈન્તેકાલ થઈ ગયો. ત્યાંથી આપે પગપાળા ઘોસી પરત થવું પડયું કે જે ઘોસીથી લગભગ ૨૦–૨૫ કિ.મિ. છે. પહેલેથી જ અસંતુષ્ઠ તો હતા જ અને આ બનાવ બનવાથી એટલી અસર આપના પર પડી કે તબીબી વ્યવસાયને ત્યજીને પીલીભીત મુહદ્દિષે સૂરતીના મદરસામાં મુદર્રિસ બની ગયા અને હિ.સ. ૧૩૨૭ સુધી ખૂબ જ ખૂબીપૂર્વક દર્સો તદરીસનું કામ અંજામ આપતા રહ્યા.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ફાઝિલે બરેલ્વીને પોતાના મદરસા માટે એક કાબિલ મુદર્રિસની જરૂરત પડી તો હઝરત મુહદ્દિષે સૂરતીએ આપનું નામ રજૂ કર્યું. આપ બરેલી શરીફ પહોંચ્યા તો દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં મુદર્રિસ નિયુક્ત થયા. આપની કાબેલિયત તથા સુઘડ આયોજન પદ્ધતિને આ'લા હઝરતે ખૂબ જ કદરની નિગાહ જોઈ અને દારુલ ઉલૂમની સર્વ વ્યવસ્થા આપના હવાલે કરી આપી અને મતાએ એહલે સુન્નતના નાઝિમ મુકર્રર કર્યા. આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી આપની ફિકહી કાબેલિયત તથા બસીરત અને ફતાવાના બારામાં આપના પર અતિશય વિશ્વાસ કરતા હતા. એકવાર ઈર્શાદ ફર્માવ્યો, "આપ અહીંના મૌજૂદ લોકોમાં તફક્કુહ જેને કહે છે તે મોલ્વી અમજદ અલી સાહબમાં વિશેષપણે પામશો. એનું કારણ એ છે કે તે ઈસ્તિફા (ફત્વાના પ્રશ્નો) સંભળાવ્યા કરે છે અને જે હું જવાબ આપું છું તેને લખે છે. તબીયત અખ્ખાઝ છે, તર્ઝથી વાકેફિયત થઈ ચૂકી છે." ફર્માવે છે :–

*મેરા અમજદ મજદ કા પક્કા–ઉસસે બહુત કચિયાતે પર હૈં !*

સિલસિલા આલિયા કાદરિયામાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીના દસ્તે હક્ક પરસ્ત પર બયઅત થયા અને વહેલી તકે ખિલાફત તથા ઈજાઝતથી નવાઝવામાં આવ્યા. લગભગ ૧૮ વરસ શૈખે કામિલની ખિદમતમાં હાજર રહીને ફુયૂઝો બરકાતથી માલામાલ થતા રહ્યા અને ઉચ્ચતાના શિખરે પહોંચી ગયા.

સદરુશ્શરીઅહ્‌ને અલ્લાહ તઆલાએ પુષ્કળ ઈલ્મો વિદ્યાઓમાં નિપૂર્ણતા અતા ફર્માવી હતી, પરંતુ તફસીર, હદીષ તથા ફિકહથી ખાસ લગાવ હતો. ફિકહી જુઝઆ (દલીલો) જીભની ટોચે રહેતા હતા અને ફિકહના સર્વ પ્રકરણોના જુઝયા તેની વિગતવાર દલીલો સાથે મોઢે હતા. એટલા માટે આ'લા હઝરત رضی اللہ عنہએ આપને સઘળા હિંદુસ્તાન (અખંડ ભારત)ના કાઝીએ શરઅ નિયુક્ત કર્યા અને ઈર્શાદ ફર્માવ્યો કે આપના ફૈસલાની તે જ હૈસિયત હશે જે શરીઅતના હાકિમના ફૈસલાની હોય છે. હદીષની મશ્હૂર કિતાબ **"તહાવીનો હાશિયો"** સાત મહિનાની સંક્ષિપ્ત મુદ્દતમાં લખી નાખ્યો જે બારીક કલમથી ૪૫૦ પેજીસ પર અવલંબિત છે અને દરેક પેજ ઉપર ૩૫–૩૬ લીટીઓ છે. બીજી કૃતિ **"ફતાવા અમજદિયા"**ના નામથી છે જે મોટી ચાર જિલ્દોમાં છે. **"બહારે શરીઅત"** જેને ફિકહે હનફીનો ઈન્સાક્લોપિડિયા કહેવું યોગ્ય ગણાશે, તેના કુલ ૧૭ ભાગો છે જે આપની જિંદગીમાં જ ઘણીવાર

છપાઈને આમ મક઼બૂલ થઈ ચૂક્યા છે. આ કિતાબથી કેવળ પબ્લિક તો ઠીક બલ્કે ઉલમાએ પણ તેનો સહારો લીધા વિના ચારો નથી, જેને દરેક દારુલ ઉલૂમ તથા દારુલ ઈફતામાં રાખવું જરૂરી સમજવામાં આવે છે, જેનું બીજુ નામ ખૂદ આપે **"આલિમ બનાવનારી કિતાબ"** રાખ્યું છે. **"બહારે શરીઅત"**ના પ્રારંભિક છ ભાગો આ'લા હઝરતે હર્ફ બ હર્ફ સાંભળ્યા છે અને પોતાના મંતવ્યથી નવાઝેલ છે.

ઉસ્તાઝુલ ઉલમા હઝરત હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે, "લોકો કહે છે કે, 'બહારે શરીઅત' સદરુશ્શરીઅહ્‌ની ઉત્તમ કૃતિ છે, જ્યારે કે હઝરતે "બહારે શરીઅત"ને રમઝાનની છુટ્ટીઓમાં અને જ્યારે અન્ય જરૂરી કામોથી ફુરસદ મળતી ત્યારે લખી છે. ઉત્તમ કૃતિ નવરાશની પળોમાં નથી બનતી ! બલ્કે આપનું ઉત્તમ કારનામુ તો આપના શાગિર્દો છે જેના પર ઈલ્મો ફઝ્‌લને પણ નાઝ છે, જેમના અણમોલ નામો સુન્ની જગતમાં સૂર્ય તથા ચંદ્ર બનીને ચમક્યાં. બરેલીનું મક્તબએ ફિક્ર (અહલે સુન્નત) આપની સારી એવી કોશિશોથી ફલ્યુ ફૂલ્યુ અને આપે ઈલ્મી રંગ આપીને એને સૂરૈયા (આકાશ ઊંચાઈ) સુધી પહોંચાડી દીધું. અને આજે મોટાભાગે હિંદ તથા પાક. બલ્કે પૂરા જગતમાં આપના જ શાગિર્દો અથવા શાગિર્દોના શાગિર્દો ઈલ્મો ફનની મેહફિલોની રોનક છે, જેમાંથી અમુક નામો આ પ્રમાણે છે :–

૧. મૌલાના અબ્દુલમુસ્તફા અઝહરી ઈબ્ને સદરુશ્શરીઅહ્‌ શૈખુલ હદીષ અમજદિયા–કરાંચી તથા એમ.એલ.એ. પાકિસ્તાન

૨. મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન મૌલાના સરદાર અહમદ સાહબ.

૩. ઉસ્તાઝુલ ઉલમા હાફિઝે મિલ્લત હઝરત મૌલાના અબ્દુલઅઝીઝ સાહબ, બાની જામિઆ અશ્રફિયા–મુબારકપુર

૪. મુજાહિદે મિલ્લત મૌલાના હબીબુર્રહમાન સાહબ

૫. હઝરત મૌલાના ક઼ાઝી શમ્સુદીન શૈખુલ હદીષ જામિઆ હમીદિયા, રઝવિય્યહ, બનારસ

૬. હઝરત મૌલાના મુહમ્મદ સુલૈમાન અશરફ, માજી શૈખુલ હદીષ હમીદિયા રઝવિય્યહ્‌–બનારસ

૭. હઝરત મૌલાના ગુલામજીલાની આઝમી, શૈખુલ હદીષ : બ્રાઉન શરીફ–બસ્તી

૮. હઝરત મૌલાના ગુલામ યઝદાની આ'ઝમી, શૈખુલ હદીષ : મઝહરે ઈસ્લામ–બરેલી

૯. હઝરત મૌલાના સૈયદ ગુલામ જીલાની, શારેહે બુખારી શરીફ.

૧૦. હઝરત મૌલાના સૈયદ આલે મુસ્તફા, સદર સુન્ની જમિઅતુલ ઉલમા ઓલ ઈન્ડિયા.

૧૧. હઝરત મૌલાના મુબીનુદ્દીન સાહબ, જામિઆ નઈમિયા–મુરાદાબાદ

૧૨. હઝરત મૌલાના વક઼ારુદ્દીન, શૈખુલ હદીષ, કરાંચી–પાકિસ્તાન

હઝરત સદરુશ્શરીઅહ્‌એ યુવાનીના પ્રારંભથી જ દર્સો તદરીસનું કામ અંજામ આપવાનું શરૂ કર્યું અને છેવટ સમય સુધી ચાલુ રાખ્યું અને આપની સઘળી ઔલાદ પણ ઈલ્મો ફન (વિદ્યાઓ)ના અલંકારોથી સજી ધજીને જગતમાં અજોડ બની, જેમનાં નામો આ પ્રમાણે છે :–

(૧) મૌલાના હકીમ શમ્સુલ હુદા (૨) મૌલાના મુહમ્મદ યહ્યા (૩) મૌલાના અતાઉલ્‌ મુસ્તફા (૪) મૌલાના અબ્દુલ મુસ્તફા અઝહરી MLA પાકિસ્તાન. તેમનો ઈ.સ. ૧૯૮૯માં ઈન્તેકાલ થયો. (૫)

મૌલાના કારી રઝાઉલ મુસ્તફા, ખતીબ : ન્યૂ મેમન મસ્જિદ–કરાચી (૬) મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા, માજી શૈખુલ હદીષ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર (૭) મૌલાના ષનાઉલ મુસ્તફા, સદર મુદર્રિસીન ઝિયાઉલ ઈસ્લામ, હોળા, (૮) મૌલાના બહાઉલ કાદરી, મુદર્રિસ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ (૯) મૌલાના ફિદાઉલ મુસ્તફા, મુદર્રિસ શમ્સુલ ઉલૂમ–ઘૌસી અને ત્રણ સાહબઝાદીઓ હતી જેમાંથી એકને આલિમા બનાવ્યાં હતાં.

આપનાથી પહેલાં બાળકોની પ્રાથમિક તા'લીમના કાયદા જાનદાર ચીજોની તસ્વીરો સાથે છપાતા હતા અને ઈસ્લામી મક્તબોમાં તે જ કાયદા ચાલતા હતા પણ આપે એના પર પુષ્કળ દબાણ આપ્યું કે એ કાયદાઓમાંથી જાનદાર ચીજોની તસ્વીરો દૂર કરવામાં આવે અને સમજાવવાના હેતુથી એવા કાયદા છપાવવામાં આવે જે માણસ કે જાનદાર ચીજોથી ખાલી હોય. જેથી આપે પોતે જ એ મહત્વના કાર્યને અંજામ આપ્યું અને એવો કાયદો સંપાદિત કર્યો જે સરળ પણ હતો અને એમાં કેવળ વનસ્પતિ તથા ગૈર જાનદારની તસ્વીરો હતી.

આપની ખૂબીપૂર્વકની કોશિશથી આગલા કાયદા કોર્સમાંથી કાઢી નાખવામાં આવ્યા અને આપના સંપાદન કરેલા કાયદા કોર્સમાં સમાવવામાં આવ્યા. આજે પણ આટલો લાંબો અરસો ગુજરી જવા છતાં મોટા ભાગના ઈસ્લામી મક્તબો જાનદાર ચીજોની તસ્વીરોથી ખાલી જ કાયદા દર્સમાં સામેલ છે.

આ મહત્વના કારનામાથી દરેક દષ્ટિવાન એ ચીજને સારી રીતે સમજી શકે છે કે હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ કેટલા પ્રમાણમાં દીની હુકમોની કાળજી તથા અતિશયપણે શરીઅતના નિયમોની પાબંદી કરતા હતા તેમજ સાથોસાથ વર્તમાનકાળના તકાઝાઓને પૂર્ણ કરતા હતા. કેમ કે જેવી રીતે જાનદાર ચીજોની તસ્વીરો છાપવી શરીઅતમાં નાજાઈઝ તથા હરામ છે એ જ રીતે એની પણ શક્યતા હતી કે નાના બાળકોના દિમાગ પર એની ગલત અસરો પડે.

આપના પ્રારંભિક દૌરમાં જેટલા મૌલાના, શાયરો, સાહિત્યકારો, ઈતિહાસકારો આઝમગઢમાં થયા તેઓ સૌ પોતાના નામ પાછળ "આઝમગઢી" લખતા હતા, જેમ કે આજે પણ "આઝમગઢી" લેખકોની કિતાબોના ટાઈટલ પર છપાયેલું જોવા મળે છે. આપે જ સૌ પ્રથમ "આઝમી" લખવાનું શરૂ કર્યું તો એ એટલું મકબૂલ થયું કે હવે સર્વ લોકો "આઝમગઢી"ને બદલે આઝમી" લખવામાં ગર્વ અનુભવે છે. "આઝમી" શબ્દ જોઈને આપના પીરો મુર્શિદ સરકાર આ'લા હઝરતે "બહારે શરીઅત"ની તકરીઝ (પ્રશંસાના બોલ)માં લખ્યું : "મૌલાના અબુલ ઉલા મોલ્વી હકીમ અમજદીઅલી કાદરી બરકાતી આઝમી બિલ્ મઝહબ વલ્ મશ્રબ વસ્સકની." એટલે શરીઅતમાં મુકલ્લિદ ઈમામે આ'ઝમના, તરીકતમાં ગૌષે આ'ઝમના અને વતનના લેહાઝથી પણ આઝમી. આ ત્રણેવમાં આઝમનો શબ્દ છે એના પ્રતિ કેટલો સરસ નિર્દેશ કર્યો છે જેને શોખવાળાઓ સમજી શકે છે.

હઝરત સદરુશ્શરીઅહ્ના બરેલી રોકાણ દરમ્યાન ઈ.સ. ૧૯૧૯માં પ્રથમવાર હજ્જ તથા ઝિયારતના શરફથી મુશર્રફ થયા. બીજીવાર હરમૈન શરીફૈનની હાજરીના ઈરાદાથી મુંબઈ પહોંચ્યા હતા કે ત્યાં અહલે સુન્નતનો મહાન સૂરજ ૨–ઝીકઅદા હિ.સ. ૧૩૬૭, ૬–સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૪૮ રાતે ૧૨ વાગીને ૨૬ મિનિટે ગુરૂબ થઈ ગયો. એક તરફ જહાઝે રવાનગીનો હોર્ન માર્યો આ તરફ આ આશિકે રસૂલ આ ફાની જગતથી કૂચ કરી ગયો. *(અઝ : હઝરત અલ્લામા બહાઉલ્ મુસ્તફા મિસ્બાહી, અશ્રફિયાના સદરુશ્શરીઅહ નંબર, ઓકટો. નવેમ્બર–૧૯૯૫માંથી સાભાર)*

# જવાહિરે શરીઅત (ભાગ-૧)

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|
| ૧. | પ્રકાશકના બે બોલ.... | |
| ૨. | ખુદાની ઝાત તથા સિફાત વિશેના અકાઈદ | ૦૨ |
| ૩. | નબુવ્વત સંબંધી અકાઈદ | ૦૭ |
| ૪. | ફરિશ્તાઓનું વર્ણન | ૧૮ |
| ૫. | જિન્નનું વર્ણન (જિન્નાતોનું બયાન) | ૧૮ |
| ૬. | આલેમ બરઝખ (મૃત્યુ બાદથી કયામત સુધીના ગાળા)નું બયાન | ૧૯ |
| ૭. | મઆદ તથા હશ્રનું બયાન | ૨૨ |
| ૮. | જન્નતનું બયાન. | ૩૧ |
| ૯. | દોઝખનું બયાન | ૩૫ |
| ૧૦. | ઈમાન તથા કુફ્રનું બયાન | ૩૭ |
| ૧૧. | બાતિલ ફિર્કાઓનું બયાન | ૪૧ |
| ૧૨. | કાદ્યાની | ૪૧ |
| ૧૩. | રાફઝી | ૪૬ |
| ૧૪. | વહાબી | ૪૭ |
| ૧૫. | ગૈર મુકલ્લિદો (કહેવાતા અહલે હદીષ) | ૫૩ |
| ૧૬. | ઈમામતનું બયાન | ૫૪ |
| ૧૭. | વિલાયતનું બયાન | ૫૮ |

بسم الله الرحمن الرحيم

અલ્હમ્દો લિલ્લાહિલ્લઝી અન્ઝલલ્-કુર્આન. વ હદાના બેહિ ઈલા અકાઈદિલ-ઈમાન. વ અઝહર હાઝ-દ્દીનલ-કવીમ અલા સાએરિલ-અદયાન. વસ્સલાતો વસ્સલા મુલ, અતમ્માનો ફીકુલ્લે હીનિંવ્વઆન. અલા સૈયેદે વુલ્દે અદનાન. સૈયેદુલ-ઈન્સે-વલંજાન્ન. અલ્લઝી જઅલહુલ્લાહો ત્આલા મુત્તલેઅન અલલ-ગોયુબે ફઅલેમ માયકુનો વ માકાન. વઅલા આલેહિ વ સહબેહિ વ ઈબ્નેહિ વ હિઝબેહિ વમન તબેઅહુમ બે એહસાન. વજ્અલ્ના મિન્હુમ, યા રહમાનો-યામન્નાન.

ફકીરે બારગાહે કાદેરી, અબૂલઉલા અમજદઅલી આઝમી રઝવી અર્ઝ કરે છે કે, ઝમાનાની હાલતે એ વાત પ્રત્યે ધ્યાનિત કર્યો કે, અવામ ભાઇઓ માટે સહીહ મસાઈલ નો એક સિલસિલો ઉર્દૂ સરળ ભાષામાં લખવામાં આવે, જેમાં દરરોજના જરૂરી મસાઈલ હોય. ફુરસદનો અભાવ અને નિર્ધનતા છતાં, અલ્લાહના ભરોસા પર આ કામનો આરંભ કર્યો. એક ભાગ લખાઈ ગયો હતો કે, એ વિચાર થયો કે અઅમાલની દુરસ્તી અકાઈદની સ્વસ્થતા પર આધારિત છે. અને કેટલાએ મુસલમાનો એવા છે કે મઝહબના મૂળ નિયમોથી જાણકાર નથી. એવાઓ માટે સાચા જરૂરી અકાઈદની પૂંજીની અત્યંત તીવ્ર આવશ્યક્તા છે. ખાસ કરીને આ ઉપદ્રવકાર. ઝમાનામાં કે ઘઉંના દેખાવવાળા, જવ વેચનારા અધિક્તાથી છે, કે પોતાને મુસલમાન કહેતા બલ્કે આલિમ કહેવાય છે વાસ્તવમાં તેમને ઇસ્લામથી કાંઈ વાસ્તો નથી. આમ અજ્ઞાન મુસલમાન તેમના પાખંડમાં ફસાઇને મઝહબ અને દીનથી હાથધોઈ બેસે છે. જેથી તે ભાગ એટલે કે "કિતાબુત તહારત" ને આ સિલસિલાનો બીજો ભાગ કર્યો અને તે ભાઈઓ માટે આ પહેલા ભાગમાં ઈસ્લામી સાચા અકાઈદ બ્યાન કર્યા. આશા છે કે, બિરાદરાને ઇસ્લામ આ કિતાબના વાંચનથી ઇમાન તાઝું કરશે અને ફકીર (લેખક) માટે અફવો-આફીયતે દારૈન, બન્ને જહાનમાં રાહત, શાંતિ માટે અને ઈમાન તથા અહલે સુન્નત મઝહબ પર ખાત્માની દુઆ ફરમાવે.

અલ્લાહુમ્મ સબ્બિત કોલૂબના અલલ-ઈમાને, વતવફ્ફના અલલ્-ઈસ્લામે વર્ઝુકના શફાઅત ખૈરિલ અનામે અલૈહિસ્સલાતો વસ્સલામ. વઅદખિલ્ના બેજાહેહિ ઈન્દક દાર-સ્સલામ. આમીન, યા અર્હમર્રાહેમીન, વલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ-આલમીન.

# ખુદાની ઝાત તથા સિફાત વિષેના અકાઈદ:

**અકીદહ :** (૧) અલ્લાહ એક છે. તેનો કોઈ શરીક (ભાગીદાર) નથી, ન જાતમાં, ન સિફાતમાં, ન અફઆલ (કાર્ય) માં, અહકામમાં, ન અસ્મા (નામ) માં. વાજિબુલ વુજૂદ છે અર્થાત તેનું વુજૂદ જરૂરી છે. અને અદમ (અનસ્તિત્વ) મુહાલ (અશકય) છે. કદીમ છે અર્થાત આદિકાળથી છે, અઝલીનો પણ એજ અર્થ છે. બાકી છે અર્થાત હંમેશાં રહેશે અને તેને જ અબદી પણ કહે છે. એજ તેના યોગ્ય છે કે તેની ઈબાદત અને પૂજા કરવામાં આવે.

**અકીદહ :** (૨) તે બે પરવાહ છે કોઈનો મોહતાજ નથી અને સમગ્ર જગત તેનું મોહતાજ-જરૂરતમંદ (આશ્રિત) છે.

**અકીદહ :** (૩) તેની જાતની અનુભૂતિ બૌધિક રીતે અશકય કે જે ચીઝ સમજમાં આવે છે, બુદ્ધિ તેને મુહીત (વ્યાપ્ત) હોય છે. અને તેને કોઈ હદબંધી કરી શકતું નથી. અલબત તેના અફઆલ (કાર્યો) ધ્વારા સંક્ષિપ્તમાં તેની સિફાત પછી તે સિફાત ધ્વારા તેની મઆરફત પ્રાપ્ત થાય છે.

**અકીદહ :** (૪) તેની સિફતો ન અયન છે ન ગયર અર્થાત સિફાત એજ ઝાતનું જ નામ હોય એવું નથી અને ન તેનાથી કોઈ રીતે વુજુદના પદપરિચયમાં જુદો થઈ શકે, કે નફસે જાતની ઇચ્છુક છે અને અયન જાતને જરૂરી.

**અકીદહ :** (૫) જેવી રીતે તેની ઝાત કદીમ, અઝલી અબદી છે, તેવી રીતે સિફાત પણ કદીમ, અઝલી અબદી છે.

**અકીદહ :** (૬) તેની સિફત ન મખલૂક છે, ન કુદરત આધિન દાખિલ.

**અકીદહ :** (૭) ઝાત અને સિફાત સિવાય સઘળી વસ્તુઓ હાદિસ છે. (હાદિસ એટલે પહેલાં ન હતી પછી અસ્તિત્વમાં આવી.)

**અકીદહ :** (૮) સિફાતે ઈલાહી ને જે મખલૂક કહે અથવા હાદિસ બતાવે તે ગુમરાહ-બદદીન છે.

**અકીદહ :** (૯) જે કોઈ માણસ આલમ (સૃષ્ટિ) માંથી કોઈ વસ્તુને કદીમ માને અથવા તેના ફના થવામાં શંકા કરે તે કાફિર છે. ('કદીમ' એટલે હંમેશથી હોય અને હંમેશાં રહે તે)

**અકીદહ :** (૧૦) ન તે કોઇનો બાપ છે ન બેટો, ન તેના માટે પત્ની. જે તેને બાપ અથવા બેટો બતાવે (કહે) અથવા તેના માટે પત્ની સાબિત કરે (તે) કાફિર છે, બલ્કે જે શકય પણ કહે તે ગુમરાહ બદદીન છે.

**અકીદહ :** (૧૧) તે "હૈ" છે અર્થાત સ્વયં જિવંત છે અને સૌની ઝિંદગી તેના હાથમાં છે. જેને જયારે ઈચ્છે જિવંત કરે અને જયારે ઈચ્છે મૃત્યુ આપે.

**અકીદહ :** (૧૨) તે દરેક મુમ્કીન (શકય) પર કાદિર (શક્તિમાન) છે, કોઇ મુમ્કીન (શકય) તેની કુદરતથી બહાર નથી.

અકીદહ : (૧૩) જે વસ્તુ અશકય છે, અલ્લાહ અઝઝ વજલ્લ તેનાથી પાક છે, કે તેની કુદરત તેને શામિલ હોય કે, અસંભવ તેને કહે છે જે ઉપસ્થિત ન થઈ શકે અને જ્યારે મકદુર (સમર્થ) હશે તો મોજુદ થઈ શકશે, પછી અસંભવ ન રહ્યો, તેને એવી રીતે સમજો કે, બીજો ખુદા મુહાલ (અશકય) છે અર્થાત, થઈ શકતો નથી. તો આ જો કુદરત હેઠળ હોય તો મોજુદ થઈ શકશે તો મુહાલ (અશકય) ન રહ્યું અને તેને અશકય ન માનવું વહદાનિયત (તૌહીદ) નો ઈન્કાર છે. એવી જ રીતે ખુદાનું ફના થવું અશકય છે. જો કુદરત હેઠળ છે તો શકય થશે અને જેની ફના શકય હોય તે ખુદા નથી. તો સાબિત થયું કે, અશકય પર કુદરત (સામર્થ્ય) માનવું અલ્લાહની ઉલુહિય્યત (ખુદાઇ) થી જ ઈન્કાર કરવું છે.

અકીદહ : (૧૪) દરેક મકદુર (સામર્થ્ય) માટે આવશ્યક નથી કે મોજુદ થઈ જાય, અલબત્ત મુમ્કીન (શકય) હોવું જરૂરી છે, જો કે કયારેય મોજુદ ન હોય.

અકીદહ : (૧૫) તે પ્રત્યેક કમાલ તથા ખૂબીનો જામેઅ (ભંડાર) છે અને દરેક તે વસ્તુથા જેમાં અયબ તથા નુકશાન છે, તેનાથી પાક છે. અર્થાત અયબ અને નુકસાનનું તેમાં હોવું અસંભવિત છે, બલ્કે જે વાતમાં ન કમાલ હોય ન નુકસાન તે પણ તેના માટે અસંભવ છે. દા. ત. જુઠ, દગો, ખયાનત, જુલ્મ, અજ્ઞાનતા, બેહયાઈ (નિર્લજતા) વિગેરે દોષો તેના માટે સાવ અસંભવ છે અને એ કહેવું કે જુઠ પર કુદરત ધરાવે (શક્તિમાન) છે, એ અર્થમાં કે તે ખુદ જુઠ બોલી શકે છે, અસંભવને સંભવિત ઠેરવવું અને ખુદાને અયબદાર બતાવવું, ખુદાથી ઈન્કાર કરવા સમાન છે. અને એમ સમજવું કે, અસંભવતા પર શક્તિમાન ન થશે તો કુદરત (શક્તિ) ખામીદાર થઈ જશે (તે) સાવ વ્યર્થ છે કે, તેમાં કુદરતનું શું નુકસાન, નુકસાન તો તે અસંભવતાનું છે, શક્તિના સંબંધની તેમાં યોગ્યતા નથી.

અકીદહ : (૧૬) હયાત, કુદરત, સાંભળવું, દેખવું, બોલવું, જ્ઞાન, ઈરાદો તેની સિફાતે ઝાતીયહ, ઝાતી સિફાત છે. પરંતુ કાન, આંખ, જીભથી તેનું સાંભળવું, દેખવું, વાત કરવું નથી કે, આ સઘળા અવયવો છે અને અવયવો (શરીર) થી તે પાક છે. પ્રત્યેક ક્ષીણથી ક્ષીણ સ્વરને સાંભળે છે, પ્રત્યેક સૂક્ષ્મથી સૂક્ષ્મને કે જે સૂક્ષ્મદર્શક યંત્ર (ખુર્દબીન) થી મહસૂસ ન થાય તેને તે દેખે છે, બલ્કે તેનું દેખવું અને સાંભળવું તે વસ્તુઓ પર આધારિત નથી, દરેક મોજુદને તે દેખે છે અને દરેક મોજુદને તે સાંભળે છે.

અકીદહ : (૧૭) બીજા સિફાત (વિશેષતા) ની જેમ કલામ પણ કદીમ છે, ફાની તથા મખલુક નથી. જે કુર્આનને મખલૂક માને, અમારા ઇમામે આઝમ તથા બીજા ઇમામોએ તેને કાફિર કહ્યો છે. બલ્કે સહાબા રદીયલ્લાહો અન્હુમથી તેની તકફીર સાબિત છે.

અકીદહ : (૧૮) તેનો કલામ સ્વરથી પાક છે અને આ કુર્આને અઝીમ જેને અમો પોતાની જીભથી તિલાવત કરતા અને મસાહિફમાં લખીયે છીએ, તેનો જ કલામ કદીમ અવાઝ વિહોણો છે, અને આ અમારૂં પઢવું-લખવું અને આ આવાઝ હાદિસ છે. એટલે ફાની છે. એટલે અમારૂં પઢવું ફાની છે અને જે અમોએ પઢયું તે કદીમ, અને અમારૂં લખવું ફાની અને જે લખાણું તે કદીમ, અમારૂં સાંભળવું ફાની છે અને જે અમોએ સાંભળ્યું તે કદીમ, અમારૂં હિફઝ (કંઠસ્થ) કરવું ફાની છે અને અમોએ જે હિફઝ કર્યું કદીમ છે. અર્થાત મુતજલ્લા (પ્રકાશસ્થાન) કદીમ છે અને તજલ્લા (પ્રકાશ) ફાની છે.

**અકીદહ** : (૧૯) તેનો ઇલ્મ દરેક વસ્તુને વ્યાપક અર્થાત : અંશિકતા, સંપૂર્ણતા વર્તમાનતા. વિલુપ્તતા, સંભવિતતા, અસંભવિતતા સૌને અઝલ (આદિકાળ) માં જાણતો હતો અને હવે જાણે છે અને અબદ સુધી (અનાદિકાળ) સુધી જાણશે. વસ્તુઓ બદલાય છે પરંતુ તેનો ઇલ્મ બદલાતો નથી દિલોના ખતરાઓ અને વસવસાઓની તેને ખબર છે અને તેના ઇલ્મની કોઇ અવધિ (ઇન્તેહા) નથી.

**અકીદહ** : (૨૦) તે ગૈબ તથા શહાદત સૌને જાણે છે. ઝાતી ઇલ્મ તેની વિશેષતા છે. જે માનવી ઇલ્મે ઝાતી ગયબ ભલે શહાદતનું ગેરખુદા માટે સાબિત કરે તે કાફિર છે. ઝાતી ઇલ્મનો એ અર્થ છે કે, ખુદાના આપ્યા સિવાય ખૂદ પ્રાપ્ત હોય.

**અકીદહ** : (૨૧) એજ દરેક વસ્તુનો ખાલિક-માલિક છે. ઝવાત હોય કે અફઆલ (કર્મ) સઘળું તેનું જ ઉતપન્ન કરેલું છે.

**અકીદહ** : (૨૨) વાસ્તવમાં રોઝીનો પહોંચડનાર એજ છે. ફરિશ્તાઓ વિગેરે માધ્યમ છે.

**અકીદહ** : (૨૩) દરેક ભલાઈ-બુરાઈ તેણે પોતાના અઝલી ઇલ્મ પ્રમાણે મુકદ્દર કરી દીધા છે. જેવું થનાર હતું અને જે જેવું કરનાર હતો પોતાના ઇલ્મથી જાણ્યું અને એજ લખી લીધું. તો એમ નથી કે જેવું તેણે લખી દીધું એવું અમારે કરવું પડે છે, બલ્કે જેવું અમે કરનાર હતા એવું એણે લખી દીધું. દા.ત. ઝયદના માથે બુરાઈ લખી એટલા માટે કે ઝયદ બુરાઇ કરનાર હતો. જો ઝયદ ભલાઇ કરનાર હોત તો તે તેના માટે ભલાઇ લખત, તો તેના ઇલ્મ અથવા તેના લખી દેવાએ કોઇને મજબૂર કરી દીધો નથી. તકદીરના ઇન્કાર કરનારાઓને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આ ઉમ્મતનો મજુસ (અગ્નિપૂજક) કહ્યો છે.

**અકીદહ** : (૨૪) કઝાના ત્રણ પ્રકાર છે (૧) મુબરમ હકીકી કે ઇલ્મે ઇલાહીમાં કોઇ વસ્તુ પર મુઅલ્લક (લટકતી) નથી. (૨) મુઅલ્લક મહઝ (કેવળ લટકતી). કે ફરિશ્તાઓની કિતાબમાં કોઇ વસ્તુ પર તેનું મોઅલ્લક હોવું જાહેર ફરમાવી દેવામાં આવ્યું છે. અને (૩) "મુઅલ્લક શબીહ બમુબ્રમ" એટલે સોહફે મલાઇકામાં મુઅલ્લક હોવું (લટકાવવું) વર્ણિત નથી અને ઇલ્મે ઇલાહીમાં મુઅલ્લક (લટકાવવું) છે. તે જે મુબરમ હકીકી છે તેનો ફેરફાર અશક્ય છે. અલ્લાહના પ્રિય બંદાઓ જો આકસ્મિક રીતે તે વિષે કાંઈ અર્ઝ કરે છે તો તેમને તે વિચારથી પાછા ફેરવી દેવામાં આવે છે. ફરિશ્તાઓ, લૂત અલયહિસ્સલામની કૌમ પર અઝાબ લઇને આવ્યા તો સૈયદના ઇબ્રાહીમ ખલીલુલ્લાહ કે જે સાવ રહેમતરૂપ હતા કે તેમનું પવિત્ર નામજ ઇબ્રાહીમ છે અર્થાત 'અબ રહીમ' (મહેરબાન બાપ). તે કાફિરો વિષે એટલા પ્રયત્નશીલ થયા કે પોતાના રબ્બથી ઝઘડવા લાગ્યા. તેમનો રબ્બ ફરમાવે છે : યુજાદિલુના ફી કૌમે લૂત (અમારાથી ઝઘડવા લાગ્યો લૂતની કૌમ માટે) આ કુર્આને અઝીમે તે બેદીનોનો રદ ફરમાવ્યો જે ખુદાના મહબૂબોને બારગાહે ઇઝ્ઝતમાં, કોઈ ઇઝ્ઝત તથા માન નથી, એમ માને છે અને કહે છે કે, તેના હુઝૂર-રૂબરૂ કોઈ દમ મારી શકતું નથી. જોકે તેમનો રબ્બ તેમની હુરમત-દરજ્જો પોતાની બારગાહમાં જાહેર કરવા માટે ખુદ આ શબ્દોથી ઉલ્લેખ કરે છે કે (અર્થ :) **"અમારાથી ઝઘડવા લાગ્યો લૂતની કૌમ માટે."**

હદીસમાં છે કે, મેઅરાજની રાત્રીએ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એક અવાઝ સાંભળ્યો કે, કોઈ શખ્સ અલ્લાહ તઆલા સાથે બહુ ઉગ્રતાથી અને ઉંચા સાદે વાતચીત કરી રહ્યો છે. હુઝૂરે, હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામને પૂછયું કે આ કોણ છે? તેમણે અર્ઝ કરી કે, તે હઝરત મૂસા અલયહિસ્સલામ છે. હુઝૂરે ફરમાવ્યું કે શું તે પોતાના રબ્બ સાથે ઉગ્ર થઇ વાતચીત કરે છે? જીબ્રઇલે અર્ઝ

કરી કે તેમનો રબ્બ જાણે છે કે તેમના મિઝાજ (સ્વભાવ)માં ઉગ્રતા છે જ્યારે આયતે કરીમાં **"વલ-સવફા યુઅતીકા રબ્બોકા ફતર્દા"** નાઝિલ થઈ કે, "બેશક નજીકમાંજ તમારો રબ્બ તમને એટલું અતા કરશે કે, તમે રાજી થઈ જશો." તો હુઝૂર સૈયેદુલ મહબૂબીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : **ઈઝન લા અર્દા વ વાહેદુન મિન ઉમ્મતી ફીન્નારે.** (એવું છે, તો હું ત્યાં સુધી રાજી થઈશ નહિ જ્યાં સુધી મારો એક ઉમ્મતી પણ આગમાં હોય) એ ભવ્યતાઓ બહુજ ઉચ્ચ સ્થાને છે, જેના પર રિફઅત (ઉચ્ચતા) ઇઝઝત, તથા દરજ્જો ખતમ છે. મુસલમાન માં-બાપનું અધુરૂં બાળક જે ગર્ભ (કસુવાવડ)થી પડી જાય છે તેના માટે હદીસમાં ફરમાવ્યું કે, કેયામતના દિવસે અલ્લાહ તઆલાથી પોતાના માં બાપની મુક્તિ માટે તે એવી રીતે ઝઘડશે જેવું કે લેણદાર કોઈ કરજદારથી ઝઘડે છે. ત્યાં સુધી કે ફરમાવવામાં આવશે. **"અય્યોહસ્સિકતુલ-મુરાગેમો રબ્બહુ."** (હે અધુરા બાળક ! પોતાના રબ્બથી ઝઘડનાર,) તારા માંબાપનો હાથ પકડી લે અને જન્નતમાં ચાલ્યો જા. ખેર ! આતો એક જાણકારી સભર વાકય હતું. પરંતુ ઈમાનવાળાઓ માટે બહુ જ ફાયદામંદ અને શયતાનોની દુષ્ટતાને દુર કરનાર હતું. કહેવાનું એ છે કે લૂતની કૌમ પર અઝાબ-નિશ્ચિત કઝા હતી. ખલીલુલ્લાહ અલયહિસ્સલામ તેમાં ઝઘડયા તો તેમને ઈરશાદ થયો, **"યા ઈબ્રાહીમો અઅરીદ અન હાઝા ઈન્નહુમ આતીહિમ અઝાબુન ગૈર મર્દૂદ."** (કુર્આન) હે ઈબ્રાહીમ ! તે ખ્યાલમાં ન પડો, બેશક તેમના પર તે અઝાબ આવનાર છે, જે પાછો ફરશે નહી અને તે જે જાહેરી કઝાએ મુઅલ્લક (લટકતી-તોળાતી કઝા) છે તેના સુધી અકસર અવલિયાની પહોંચ થાય છે. તેમની દુઆથી, તેમની હિમ્મતથી ટળી જાય છે અને તે જે મધ્યવર્તી સ્થિતિમાં છે જેને ફરિશ્તાઓના સહીફાઓની દ્રષ્ટિએ 'મુબ્રમ' પણ કહી શકીએ છીએ ત્યાં સુધી ખાસ બુઝુર્ગોની પહોંચ થાય છે. હુઝૂર સૈયેદના ગૌસે આઝમ રદીયલ્લાહો અન્હો તેને જ ફરમાવે છે. "હું કઝાએ મુબરમને રદ કરી દઉં છું." અને તે સંબંધેજ હદીસમાં ઇરશાદ થયો. **"ઈન્નદદુઆઅ યરૂદદુલ-કઝાઅ બઅદ માઉબ્રેમા."** બેશક દુઆ કઝાએ મુબરમને ટાળી દે છે.

**મસ્અલહ :** કઝા તથા કદર (તકદીર)ના મસાઇલ આમ બુદ્ધિઓમાં આવી શકતા નથી. તેમાં વધુ વિચાર-ચિંતન કરવું વિનાશના કારણરૂપ છે. હઝરત સિદ્દીકે અકબર તથા ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોમાને આ મસઅલા બાબતમાં ચર્ચા કરવાથી મના ફરમાવવામાં આવ્યા. તો આપણે કઈ ગણત્રીમાં ? એટલું સમજી લો કે અલ્લાહ તઆલાએ માનવીને પત્થર અને બીજા જડ પદાર્થની જેમ હલન ચલન-હિન પેદા નથી કર્યો બલ્કે તેને એક જાતનો અધિકાર આપ્યો છે કે એક કામ ઈચ્છે તો કરે અથવા ન કરે અને તેની સાથે જ બુદ્ધિ પણ આપી છે કે ભલા-બુરાં (ખરા-ખોટા), નફા-નુકશાનને ઓળખી શકે અને દરેક પ્રકારનો સામાન અને સામગ્રી પ્રદાન કરવામાં આવી છે કે જયારે કોઈ કામ કરવા ચાહે છે તો એજ પ્રકારનો સામાન પ્રસ્તુત થઇ જાય છે અને એજ કારણોસર તેના પર પકડ છે. પોતાને બિલકુલ મજબૂર અથવા બિલકુલ મુખતાર સમજવું તે બંને ગુમરાહી છે.

**મસ્અલહ :** બુરૂં (દુષ્ટ) કામ કરીને તકદીર સાથે સંબંધિત કરવું અને અલ્લાહની ઈચ્છાને હવાલે કરવું બહુજ ખરાબ વાત છે, બલ્કે હુકમ એ છે કે જે સારૂં કામ કરે તેને અલ્લાહ તરફથી કહે અને જે બુરાઈનું આચરણ થાય તો તેને નફસની વિપત્તિ કલ્પે.

**અકીદહ :** (૨૫) અલ્લાહ તઆલા દિશા, સ્થળ, સમય, ગતિ, સ્થિરતા, મુખાકૃતિ, સૂરત તથા તમામ હવાદિસ (દુર્ઘટનાઓ) થી પાક છે.

**અકીદહ** : (૨૬) દુનિયાવી ઝિંદગીમાં અલ્લાહ તઆલાનો દીદાર, નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ માટે ખાસ છે. અને આખિરતમાં દરેક સુન્ની મુસલમાન માટે શક્ય, બલ્કે ઘટિત છે. રહ્યું કલ્બીદીદાર અથવા સ્વપ્નમાં દીદાર થવું એ બીજા અંબિયા અલયહિમુસ્સલામ બલ્કે ઔલિયાએ કિરામ માટે પણ હાસિલ છે. અમારા ઈમામે આઝમ અબુહનીફા રદીયલ્લાહો અન્હોને સ્વપ્નમાં સો (૧૦૦) વાર ઝિયારત થઈ.

**અકીદહ** : (૨૭) તેનો દીદાર કૈફવિહિન છે, અર્થાત તેને દેખીશું અને એવું નથી કહી શકતા કે કેવી રીતે દેખીશું. જે વસ્તુને જોઇએ છીએ તેનાથી કેટલુંક અંતર હોય છે. નઝદીક અથવા દુર તે દેખવાવાળાથી કોઈ દિશામાં હોય છે. ઉપર અથવા નીચે, ડાબે અથવા જમણે, આગળ અથવા પાછળ તેનું દેખવું તે સઘળી વાતોથી પાક હશે, પછી એ વાત કેમ કરીને થશે. તો કહેવામાં આવે છે, "કેવી રીતે" ને અહીં સ્થાન નથી. ઈન્શાઅલ્લાહ જ્યારે દેખીશું તે સમયે બતાવી દઇશું. તેની સઘળી વાતોનો ખુલાસો એ છે કે, જ્યાં સુધી બુદ્ધિ પહોંચે છે તે ખુદા નથી અને જે ખુદા છે ત્યાં સુધી બુધ્ધિની પહોંચ નથી અને દીદાર વખતે દૃષ્ટિ તેની હદબંદી કરે તે અસંભવ છે.

**અકીદહ** : (૨૮) તે જે ચાહે અને જેવું ચાહે કરે કોઇને તેના ઉપર કાબુ નથી અને તેના ઈરાદાથી અટકાવનાર કોઈ નથી. તેને ન ઉંઘ આવે ન નિંદ્રા, તમામ સૃષ્ટિની દેખરેખ રાખનાર ન થાકે ના કંટાળે. તમામ જગતને પાળનાર, માંબાપથી અધિક મહેરબાન, ઈલ્મવાળો. તેની જ રહેમત તુટેલા દિલોનો સહારો, તેના માટે જ મોટાઈ અને અઝમત છે. માતાઓના પેટમાં જેવી ચાહે સૂરત બનાવનાર, ગુનાહોને બખ્શનાર, તૌબા કબૂલ કરનાર, કહેરો-ગઝબ ફરમાવનાર (કોપાયમાન થનાર) તેની પકડ બહુજ સખત-કડક છે. જેનાથી તેના છોડાવ્યા વગર કોઇ છુટી શકતું નથી. તે ઇચ્છે તો નાનકડી વસ્તુને વિશાળ બનાવી દે (રાઇને પર્વત બનાવી દે) અને વિશાળને સંકોચી દે. જેને ચાહે ઉચ્ચ કરી દે અને જેને ચાહે તુચ્છ કરી દે. ઝલીલ (તિરસ્કૃત) ને ઇજ્જત આપી દે અને ઈજ્જતવાળાને તિરસ્કૃત કરી દે, જેને ચાહે સન્માર્ગ પર લાવી દે અને જેને ચાહે સીધા રસ્તાથી અલગ (મરદૂદ) કરી દે (દુર હડસેલી દે). જેને ચાહે પોતાનો નજીક બનાવી લે અને જેને ચાહે તેને મરદુદ કરી દે. જેને જે ચાહે તે આપે અને જે ચાહે ઝુંટવી લે. તે જે કાંઇ કરે છે અથવા કરશે તે અદલ-ઈન્સાફ છે, ઝુલ્મ-અત્યાચારથી પાક છે, બહુજ ઉચ્ચ છે. તે સૌને વ્યાપ્ત છે. તેની કોઈ હદ બંધી કરી શકતું નથી. નફો નુકસાન તેના હાથોમાં છે. મઝલૂમ (ત્રાસિત) ની ફરીયાદે પહોંચે છે અને ઝાલિમથી બદલો લે છે. તેની ઇચ્છા અને ઈરાદા વગર કાંઈ થઈ શકતું નથી, પરંતુ સારા પર ખૂશ થાય છે અને ખરાબથી નારાજ થાય છે. તેની રહમત-કૃપા છે કે એવા કામની આજ્ઞા નથી આપતો કે જે શક્તિ બહારનું હોય. અલ્લાહ અઝઝવજલ્લ પર સવાબ અથવા અઝાબ અથવા બંદા સાથે આનંદ અથવા તેની સાથે તે કરવું જે તેના હક્કમાં ઉત્તમ હોય, તેના પર કાંઈ વાજિબ નથી. તે અલલ-ઈત્લાક માલિક છે. જે ચાહે કરે અને જેવું ચાહે હુકમ આપે. હા, તેણે પોતાની કૃપાથી વાયદો ફરમાવી લીધો છે કે, મુસલમાનોને જન્નતમાં દાખલ કરશે અને ઇન્સાફની રૂએ કુફ્ફારને જહન્નમમાં મોકલશે. અને તેના વાયદાઓ તથા ચેતવણીઓ બદલાતી નથી. તેણે વાયદો ફરમાવી લીધો છે કે, કુફ્ર સિવાયના દરેક નાના મોટા ગુનાહોને જેને ઈચ્છે તેને માફ કરી દેશે.

**અકીદહ** : (૨૯) તેના દરેક ફેલ (કાર્ય) માં વિપુલ હિકમતો છે. ભલે આપણને ખબર હોય કે ન હોય, અને તેના ફેલ માટે ગરજ નથી કે, ગરજ તે ફાયદા-લાભને કહે છે જે ફાઇલ (કર્તા) ની તરફ રજુ કરે, તેના તે ફેઅલ માટે ઉદ્દેશ્ય નથી કે ઉદ્દેશ્યનું તાત્પર્ય પણ એજ ગરજ છે. અને તેના અફઆલ, હેતુ તથા કારણના મોહતાજ નથી. તેણે પોતાની સંપૂર્ણ હિકમત પ્રમાણે આલમે અસબાબ

(દુનિયા) માં સાધનોને કારણથી સંબંધિત કરી દીધા છે. આંખ દેખે છે, કાન સાંભળે છે, અગ્નિ બાળે છે, પાણી તૃષા છીપાવે છે. તે ઇચ્છે તો આંખ સાંભળે, કાન દેખે, પાણી બાળે, આગ તૃષા છીપાવે અને તે ન ચાહે તો લાખ આંખો હોય છતાં દિવસે પર્વત દેખાય નહિ. કરોડ અગ્નિઓ હોય છતાં એક તણખલા પર દાઘ સુધ્ધાં લાગે નહિ. કેવા કહેરની આગ હતી, જેમાં હઝરત ઈબ્રાહીમ અલય-હિસ્સલામને કાફિરોએ નાંખ્યા, તે અગ્નિની નિકટ કોઇ જઈ શકતું ન હતું, ગોફણમાં મુકીને આપને ફેંકયા. જ્યારે આગની પાસે આપ પ્હોંચ્યા, ત્યારે હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ હાજર થયા અને અર્ઝ કરી કે, હે હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) કાંઈ હાજત છે? આપે ફરમાવ્યું : છે. પરંતુ તમારાથી નહી. અર્ઝ કરી, તો પછી તેને જ કહો, જેનાથી હાજત છે. ફરમાવ્યું : **ઈલ્મોહુ બેહાલી કફાની અન સુવાલી.** ઇઝહારે એહતેયાજે ખુદ, આંજા ચે હાજત અસ્ત?

રબ્બુલ આલમીનનો ઇરશાદ થયો : **"યા નારો કૂની બરદંવ વ સલામન અલા-ઈબ્રાહીમ."** (હે આગ ઠંડી અને સલામતીવાળી થઈ જા ઈબ્રાહીમ પર) આ ઇરશાદને સાંભળી આ ધરતી પર જેટલી આગો હતી સઘળી ઠંડી થઈ (હોલવાઇ) ગઈ કે કદાચ મને જ ફરમાવવામાં આવી રહ્યું હોય અને એ તો એટલી બધી ઠંડી થઇ કે, ઉલ્મા ફરમાવે છે કે જો તેની સાથે **"વ સલામન"** નો શબ્દ ફરમાવી દેવામાં આવ્યો ના હોત તો કે **"ઈબ્રાહીમ પર ઠંડી અને સલામતીવાળી થઈ જા"** તો તે આગ એટલી બધી ઠંડી થઈ જાત કે, તેની ઠંડક આપને નુકસાન પહોંચાડત, (પરંતુ **"સલામન"** શબ્દ કહેવાથી સખત ઠંડી અને શીતળ થઈ નહિ કે જેનાથી નુકશાન પહોંચે)

## નુબુવ્વત સંબંધી અકાઈદ :

મુસલ્માન માટે અલ્લાહ ત્આલાની ઝાત તથા સિફાતનું જેવી રીતે જાણવું જરૂરી છે કે, કોઇ જરૂરી બાબતનો ઇન્કાર અથવા મુહાલ—અસંભવનો ઇકરાર તેને કાફિર ન બનાવી દે. એવી જ રીતે એ જાણવું પણ જરૂરી છે કે, નબી માટે શું જાઈઝ છે અને શું વાજિબ અને શું અસંભવ કે વાજિબનો ઈન્કાર અને મહાલ—અસંભવનો ઇકરાર, કુફ્રના કારણરૂપ છે. અને બહુજ શકય છે કે, આદમી નાદાનીના કારણે (જરૂરીયાતે દીન) વિરૂદ્ધ અકીદો રાખે અથવા તેની વિરૂદ્ધ વાત જીભથી બોલે તો હલાક (નષ્ટ) થઇ જાય. (આવું કરવાથી શકય છે કે, તે બરબાદ થઇ જાય—અનુવાદક)

**અકીદહ :** (૩૦) નબી તે બશરને કહે છે જેને અલ્લાહ તઆલાએ હિદાયત માટે વહી મોકલી હોય અને રસુલ, બશર સાથે જ ખાસ નથી, બલ્કે મલાઈકા (ફરિશ્તા)માં પણ રસૂલ છે.

**અકીદહ :** (૩૧) અંબીયા સઘળા બશર હતા, અને મર્દ (પુરૂષ) હતા. કોઇ જિન નબી થયો નથી અને કોઈ સ્ત્રી પણ નબી થઇ નથી.

**અકીદહ :** (૩૨) અલ્લાહ અઝઝો—જલ્લ, પર નબી મોકલવું વાજિબ નથી. તેણે પોતાના ફઝલો-કરમ (કૃપારૂપે) લોકોની હિદાયત માટે અંબીયા મોકલ્યા.

**અકીદહ :** (૩૩) નબી હોવા માટે તેના પર વહી નાઝિલ થવું જરૂરી છે, ભલે તે ફરિશ્તા મારફત હોય અથવા કોઈ પણ માધ્યમ વગર.

**અકીદહ** : (૩૪) કેટલાએ નબીઓ પર, અલ્લાહ તઆલાએ સહીફા અને આસમાની પુસ્તકો ( નાઝિલ કર્યા ) તે પૈકી ચાર કિતાબો બહુજ મશહૂર છે

(૧) **તૌરેત**, હઝરત મૂસા અલયહિસ્સલામ પર (૨) **ઝબૂર**, હઝરત દાઉદ અલયહિસ્સલામ પર (૩) **ઈન્જીલ**, હઝરત ઇસાઅલયહિસ્સલામ પર અને (૪) " **કુર્આને અઝીમ** " કે તે સૌથી અફઝલ (સર્વશ્રેષ્ઠ) આસમાની કિતાબ છે તે સૌથી અફઝલ, રસૂલ, હુઝૂર પુરનૂર અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર નાઝિલ થઈ. કલામે ઇલાહીમાં અમુકનું અમુક પર અફઝલ હોવું, તેનો એ અર્થ છે કે, અમારા માટે તેમાં સવાબ અધિક છે. નહી તો, અલ્લાહ એક, તેનો કલામ એક, તેમાં એક બીજા પર અફઝલ તથા ગિન અફઝલ હોવાની ગુંજાઈશ નથી.

**અકીદહ** : (૩૫) સઘળી આસમાની કિતાબો અને સહીફા, હક્ક છે. અને સર્વ અલ્લાહના કલામ છે. તેમાં જે કાંઇ ઇરશાદ થયો, સર્વ કિતાબો પર ઇમાન જરૂરી છે, પરંતુ અલબત એ વાત થઇ કે અગાઉની કિતાબોની રક્ષા અલ્લાહ તઆલાએ ઉમ્મતને સુપ્રત કરી હતી, તેમનાથી તેનું રક્ષણ થઇ શક્યું નહી. " **કલામે ઈલાહી** " (કુર્આન પહેલાંની આસમાની કિતાબો) જેવું ઉતર્યું હતું તેમના હાથોમાં એવું જ બાકી ન રહ્યું બલ્કે તેમના દુષ્ટ લોકોએ તો એવું કર્યું કે, તેમાં ફેરફાર, અર્થ પરિવર્તન કરી નાખ્યો, એટલે કે પોતાની મહેચ્છાઓ પ્રમાણે વધઘટ કરી નાંખી, જેથી જ્યારે કોઇ વાત તે કિતાબોની અમારી સમક્ષ રજુ થાય તો, જો તે આપણી કિતાબ (કુર્આન) પ્રમાણે છે તો અમે તેની પુષ્ટિ કરીશું અને જો વિરૂદ્ધ છે તો નિઃશંક જાણીશું કે, આ તેમના ફેરફારો પૈકી છે અને જો અનુરૂપતા અથવા વિરૂદ્ધતા કાંઈ જણાય નહી તો, હુકમ છે કે, અમો તે વાતની ન પુષ્ટિ કરીએ ન જુઠલાવીએ, બલ્કે એવું કહીએ કે, **આમન્તો બિલ્લાહ, વ મલાઈકતેહિ વ કોતોબેહિ વ રોસોલેહિ.** (અર્થ : અલ્લાહ, તેના ફરિશ્તાઓ અને તેની કિતાબો અને તેના રસૂલો પર અમારૂં ઈમાન છે. )

**અકીદહ** : (૩૬) આ દીન (મઝહબ) હમેશાં રહેનાર છે, જેથી કુર્આને અઝીમની હિફાઝત (રક્ષા) અલ્લાહ તઆલાએ પોતાના ઝિમ્મે રાખી છે. તે ફરમાવે છે. " **ઈન્ના નહનો નઝઝલ્નઝ્ઝિકરા વ ઈન્ના લહુ લહાફિઝુન.** " (કુર્આન)

(અર્થ :બેશક, અમોએ કુર્આન ઉતાર્યું અને બેશક અમે તેના જરૂર નિગેહબાન છીએ) જેથી તેમાં કોઇ શબ્દ અથવા નુકતા (મીંડા)ની વધઘટ અસંભવ છે, જો કે સમગ્ર જગત તેને બદલવા માટે એકત્ર થઈ જાય (તો પણ બદલી શકશે નહી). તો જો એમ કહે કે તે પૈકી કેટલાક પારા (ભાગ) અથવા સુરતો અથવા આયતો બલ્કે એક અક્ષર પણ કોઇએ ઓછો કરી દીધો અથવા વધારી દીધો અથવા બદલી નાખ્યો તો (એવું કહેનાર) નિઃશંક કાફિર છે. કારણ કે તેણે તે આયતનો ઇન્કાર કર્યો જે અમોએ ઉપર રજુ કરી છે.

**અકીદહ** : (૩૭) કુર્આન મજીદ, કિતાબુલ્લાહ (અલ્લાહની કિતાબ) હોવાનું પોતે જ દલીલ છે. કે ખુદ એલાન સાથે ફરમાવી રહ્યું છે કે, " **વઈન કુન્તુમ ફી રૈબિમ મિમ્મા નઝઝલ્ના અલા અબ્દેના ફા'તૂ બે સૂરતિમ્ મિમ્મીસ્લેહી. વદઊ શોહદાઅકુમ્ મિન દૂનિલ્લાહે ઈન્ કુન્તુમ સાદેકીન. ફઈન્-લમ્ તફ્અલૂ વલન્ તફ્અલૂ ફત્તકુન્નારલ્લતી વકૂદોહન્નાસો વલ-હેજારતો ઓઇદ્દત્ લિલ-કાફેરીન.** "

(**ભાવાર્થ** : જો તમને આ કિતાબમાં જે અમોએ પોતાના સૌથી ખાસ બંદા (મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર ઉતારી, કોઇ શંકા-આશંકા હોય તો તેના જેવી કોઇ નાનકડી સૂરત કહી લાવો, અને અલ્લાહ સિવાય પોતાના સઘળા સમર્થકોને બોલાવી લો, જો તમે સાચા છો તો. જો એવું ન કરી શકો, અને અમે કહી દઈએ છીએ કે, તમે હરગિઝ એવું કરી શકશો નહી, તો તે આગથી ડરો જેનું એંધણ આદમી અને પત્થર છે, જે કાફિરો માટે તૈયાર કરવામાં આવી છે.)

જેથી કાફિરોએ તેના મુકાબલામાં તનતોડ પ્રયત્ન કર્યો, પરંતુ તેના જેવી એક લીટી પણ બનાવી શકયા નહિ. અને બનાવી શકશે પણ નહિ.

**મસ્અલહ** : અગાઉની (આસ્માની) કિતાબો અંબીયાઓને જ મોઢે યાદ (કંઠસ્થ) થતી. કુર્આને અઝીમનો એ મોઅજેઝો (ચમત્કાર) છે કે, મુસલમાનોનું બચ્ચું બચ્ચું તેને યાદ કરી લે છે.

**અકીદહ** : (૩૮) કુર્આન અઝીમની 'સાત કિરાઅતો,' સૌથી વધુ મશહૂર અને મુતવાતિર છે. તેમાં, મઆઝલ્લાહ કયાંય અર્થમાં મતભેદ નથી. તે સઘળી કિરઅતો હકક છે. તેમાં ઉમ્મત માટે સરળતા એ છે કે, જેના માટે જે કિરઅત આસાન હોય તે પઢે. હુકમ એ છે કે, જે દેશમાં જે કિરઅત પ્રચલિત હોય, અવામ સામે એજ પઢવામાં આવે. જેવું કે આપણા દેશ (ભારત) માં કિરાઅતે **આસિમ** (હઝરત આસિમની કિરઅત), હઝરત હફસની રિવાયત પ્રમાણેથી, લોકો અજ્ઞાનતાને કારણે ઈન્કાર કરશે, તો તે મઆઝલ્લાહ કુફ્રી કલામ થશે.

(**સમજુતી** : ભારત-પાક. માં હઝરત આસિમની કિરઅત, હફસની રિવાયત પ્રમાણે પઢવામાં આવે છે, જો કોઈ માણસ આ લબો-લહેજાની કિરઅતથી ઈન્કાર કરી બેસશે તો તે 'કુફ્રી કલામ' ઠરશે.— અનુવાદકો.)

**અકીદહ** : (૩૯) કુર્આન મજીદે આગળની કિતાબોના કેટલાએ અહકામ મનસૂખ (રદ) કરી દીધા. એવી જ રીતે કુર્આન મજીદની અમુક આયતોએ, અમુક આયતોને (આયતોના હુકમોને) મનસૂખ કરી દીધા.

**અકીદહ** : (૪૦) નસ્ખ નો અર્થ એ છે કે, કેટલાક અહકામ કોઈ ખાસ સમય સુધી હોય છે. પરંતુ એ જાહેર નથી કરવામાં આવતું કે, આ હુકમ ફલાણા સમય સુધી છે, જ્યારે અવધિ પુરી થઈ જાય છે તો બીજો હુકમ નાઝિલ થાય છે, જેનાથી જાહેરી રીતે એમ સમજાય છે કે, તે પ્રથમનો હુકમ રદ કરી દેવામાં આવ્યો અને વાસ્તવમાં દેખવામાં આવે તો તેના સમયનું ખતમ થઈ જવું બતાવવામાં આવ્યું. મનસૂખનો અર્થ કેટલાક લોકો બાતિલ (વ્યર્થ) થવું કહે છે. તે ઘણીજ સખત બાબત છે. સઘળા અહકામે ઈલાહીયા હક્ક છે ત્યાં બાતિલની પહોંચ કયાં ?

**અકીદહ** : (૪૧) કુર્આનની કેટલીક વાતો "મુહકમ" છે કે જે આપણી સમજમાં આવે છે અને કેટલીક "મુતશાબેહ" છે કે તેનો પુરો મતલબ અલ્લાહ અને અલ્લાહના હબીબ સિવાય કોઈ જાણતું નથી. મુતશાબેહની શોધ અને તેના ભાવાર્થોની કંઠાશ એ જ કરે છે, જેના દિલમાં કુટિલતા-વક્રતા હોય.

**અકીદહ** : (૪૨) વહી, નુબુવ્વતે અંબિયા માટે ખાસ છે, જે તેને કોઈ ગેર-નબી માટે માને તે, કાફિર છે. નબીને સ્વપ્નમાં જે ચીઝ બતાવવામાં આવે તે પણ વહી છે. તેના બાતિલ હોવાની સંભાવના ... વલીના દિલમાં કેટલીકવાર નિંદ્રાવસ્થામાં અથવા જાગૃતાવસ્થામાં કોઈ વાત "ઇલ્હા" થાય છે,

તેને ઈલ્હામ કહે છે. અને શયતાની વહીનું ઈલ્કા શયતાન તરફથી હોય તે કાહિન; જાદુગર અને બીજા કુફ્ફાર તથા ફાસિકો માટે હોય છે.

**અકીદહ :** (૪૩) નુબુવ્વત કસ્બી નથી કે, આદમી ઈબાદત તથા રિયાઝત (મહેનત) દ્વારા પ્રાપ્ત કરી શકે, બલ્કે અલ્લાહની દેણ છે કે, જેને ચાહે છે, પોતાના ફઝલ (કૃપા)થી આપે છે. **હા, આપે તેનેજ છે, જેને આ મહાન મનસબ (પદવી) ને લાયક બનાવે છે.** જે નબૂવ્વત પ્રાપ્તિથી પહેલાં સઘળા અધમ અખલાકોથી પાક અને તમામ અધિક અખલાકોથી સુસજ્જિત થઈને સઘળા વિલાયતના દરજ્જા પસાર કરી જાય છે અને પોતાના નસબ (વંશ) તથા શરીર તથા વર્તન-વાણી તથા હલન ચલનમાં પ્રત્યેક એવી વાતથી અલિપ્ત હોય છે જે નફરતને લાયક હોય, તેને કામિલ (સંપૂર્ણ) બુદ્ધિ અર્પણ કરવામાં આવે છે, જે બીજાઓની બુદ્ધિથી અનેક ગણી અધિક હોય છે. કોઈ જ્ઞાની અને કોઇ ફિલોસોફરની બુદ્ધિ, તેના લાખમા ભાગ સુધી પહોંચી શકતી નથી. અલ્લાહ તઆલા કુર્આન શરીફમાં ફરમાવે છે, **"અલ્લાહો અઅલમો હૈસો યજ્અલો રિસાલતહુ, ઝાલેકા ફઝ્લુલ્લાહે યુતીહ મંય-યશાઓઃ વલ્લાહો ઝુલ ફઝલિલ-અઝીમ."** અને જો કોઈ તેને કસ્બી (મહેનતથી પ્રાપ્ત કરેલી) માને કે, આદમી પોતાનાં કસબ તથા રિયાઝતથી નુબુવ્વતની પદવી સુધી પહોંચી શકે છે, તો તે કાફિર છે.

**અકીદહ :** (૪૪) જે માનવી, નબીથી નુબુવ્વતનો ઝવાલ (પતન) જાઇઝ સમજે, તે કાફિર છે.

**અકીદહ :** (૪૫) નબીનું માસૂમ હોવું જરૂરી છે. નબી અને ફરિશ્તાઓની આ "ઈસ્મત" તેમની વિશિષ્ટતા છે કે, નબી અને ફરિશ્તા સિવાય કોઈ મઅસૂમ નથી. ઈમામોને અંબિયાઓની જેમ મઅસૂમ સમજવું ગુમરાહી અને બેદીની (અધર્મીપણું) છે. ઈસમતે અંબિયાનો એ અર્થ છે કે, તેમના માટે અલ્લાહના રક્ષણનો વાયદો છે જેના કારણે તેમનાથી ગુનાહોનું સાદર થવું અસંભવ છે. ઇમામો તથા મહાન અવલિયાની સરખામણીમાં શરઅન અસંભવ છે. કેમકે અલ્લાહ તેમને (વલીઓને) સુરક્ષિત રાખે છે, તેમનાથી ગુનોહ થતો નથી. પરંતુ જો થાય તો શરઅન મુહાલ (અસંભવ) પણ નથી. (શીઆ ફીરકાવાળા 'ઈમામો' ને માસુમ માને છે તે આ અકીદા વિરૂદ્ધ છે— અનુવાદકો)

**અકીદહ :** (૪૬) અંબિયા અલયહિમુસ્સલામ શિર્ક તથા કુફ્ર અને દરેક તેવા કાર્યથી, જે જગત માટે નફરતના કારણરૂપ હોય, તેનાથી માસુમ છે. જેવું કે જુઠ, ખયાનત તથા અજ્ઞાનતા વિગેરે દુર્ગુણોથી. તદ-ઉપરાંત એવા કાર્યોથી જે ઈઝઝત-આબરૂ મર્યાદા અને સૌજન્યના વિરૂદ્ધ છે. નુબુવ્વત (ની જાહેરાત) પહેલાં અને નુબુવ્વત (નીજાહેરાત) પછી પણ સમગ્ર રીતે મઅસૂમ છે અને કબીરા ગુનાહોથી પણ સાવ મઅસૂમ છે. સત્ય એ છે કે અમ્બેયા જાણી-જોઇને સગીરા ગુનાહોથી નુબુવ્વત પહેલાં અને પછી પણ મઅસૂમ છે.

**અકીદહ :** (૪૭) અલ્લાહ તઆલાએ અંબિયા અલયહિમુસ્સલામ પર બંદાઓ માટે જેટલા અહકામ નાઝિલ કર્યા તેમણે તે સઘળા બંદાઓને પહોંચાડી દીધા. જે એવું કહે કે, કોઈ હુકમને કોઇ નબીએ સંતાડી રાખ્યો, તકીય્યહ એટલે કે ભયના લીધે અથવા બીજા કોઈ કારણોસર ન પહોંચાડયો, તો એવું કહેનાર કાફિર છે.

**અકીદહ :** (૪૮) તબ્લીગી અહકામમાં, અંબિયાઓથી ભૂલ-વિસ્મૃતિ (ભુલી જવું) અસંભવ છે.

**અકીદહ :** (૪૯) તેમના શરીરનું બર્સ (કોઢ) તથા જુઝામ (રક્તપિત્ત) વિગેરે એવી બીમારીઓ કે જેનાથી નફરત-ધૃણા થાય છે, પાક હોવું જરૂરી છે.

**અકીદહ** : (૫૦) અલ્લાહ તઆલાએ, અંબિયા અલયહિમુસ્સલામને પોતાના ગયબો પર ઈત્તેલાઅ આપી, ઝમીન તથા આકાશનો પ્રત્યેક અણુ દરેક નબીની દૃષ્ટિ સમક્ષ છે; **પરંતુ આ જે ઈલ્મ ગયબ તેમને છે તે અલ્લાહના આપવાથી છે, જેથી તેમનો ઈલ્મ અતાઈ થયો અને અતાઈ ઈલ્મ, અલ્લાહ માટે અસંભવ છે.** કારણ કે તેની સિફત, કોઇ કમાલ, કોઈનો **આપેલ થઈ શકતો નથી, બલ્કે ઝાતી છે.** જે લોકો અંબિયા બલ્કે સૈયેદુલ અંબીયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી મુતલક (સર્વથા) ઈલ્મે ગયબનો ઈન્કાર કરે છે તેઓ કુર્આને અઝીમની આ આયતના પ્રમાણક છે. **"અફતુ'મેનુના બે બઅદીલ-કિતાબે વ તકફેરૂના બે બઅદીન.** (અર્થાત-કુર્આનની કેટલીક વાતો માને છે અને કેટલીક સાથે કુફ્ર કરે છે.) કે નફી (નકાર) ની આયતો દેખે છે. અને તે આયતોથી જેમાં અંબીયા અલયહિમુસ્સલામને ગયબી ઉલૂમ અતા કરવાનું બયાન કરવામાં આવ્યું છે તેનો ઈન્કાર કરે છે. જો કે નફી-નકાર તથા ઈસ્બાત (હકાર) બંને હક્ક છે. કે નકાર, ઝાતી ઈલ્મનો છે કે તે ખુદાઈ વિશિષ્ટતા છે. ઇસ્બાત (હકાર) અતાઈનો છે કે તે અંબીયાઓની શાનને લાયક છે, અને ખુદાની શાન વિરૂદ્ધ છે. અને એ કહેવું કે દરેક અણુનો ઈલ્મ નબી માટે માનવામાં આવે તો ખાલિક અને મખલૂકની સમાનતા લાઝિમ આવશે. કેવળ તે બાતિલ છે. કે સમાનતા તો ત્યારે લાઝિમ આવે કે અલ્લાહ માટે પણ એટલો જ ઈલ્મ સાબિત કરવામાં આવે. અને આવું જે કાફિર હશે એજ કહેશે. જગતના પ્રમાણ મર્યાદિત છે અને તેનો ઈલ્મ અમર્યાદિત છે. નહી તો અજ્ઞાનતા લાઝિમ આવશે અને તે અસંભવ છે. કારણ કે ખુદા અજ્ઞાનતાથી પાક છે. તો ઝાતી અને અતાઇનો તફાવત બયાન કરવા છતાં સમાનતાનો આક્ષેપ કરવું સાવ ઈમાન તથા ઇસ્લામની વિરૂદ્ધ છે કે, આ તફાવત હોવા છતાં સમાનતા થઈ જાય તો લાઝિમ છે કે, શકય તથા વાજિબ વુજુદમાં મઆઝલ્લાહ સમાન થઇ જાય કે, શકય પણ મોજુદ છે અને વાજિબ પણ મોજુદ. અને વુજુદમાં સમાન કહેવું ખુલ્લમ ખુલ્લા કુફ્ર, ખુલ્લું શિર્ક છે. અંબીયા અલયહિમુસ્સલામ ગયબની ખબર આપવા માટે આવે જ છે કે, જન્નત તથા જહન્નમ. હશ્ર-નશ્ર (પ્રલય-કયામત) અઝાબ તથા સવાબ, ગયબ નથી તો બીજું શું છે? તેમનો મનસબ (પદ) જ એ છે કે તે વાતો વર્ણન કરે જયાં સુધી બુદ્ધિ અને હવાસ્સની પહોંચ નથી અને એનું જ નામ ગયબ છે. અવલિયાને પણ અતાઈ ઇલ્મે ગૈબ હોય છે, પરંતુ તે અંબીયાઓના વાસ્તા-માધ્યમથી હોય છે.

**અકીદહ** : (૫૧) અંબિયાએ કિરામ, તમામ મખલૂક ત્યાં સુધી કે રસુલે મલાએકહ (ફરિશ્તાઓમાંના રસૂલો) થી અફઝલ છે. વલી કેટલાય મોટા મરતબાવાળો હોય તો પણ તે કોઈ નબીની બરાબર થઈ શકતો નથી. જે કોઈ ગેર નબીને, કોઇ નબીથી અફઝલ અથવા સમાન (બરોબરીનો) બતાવે તો તે કાફિર છે.

**અકીદહ** : (૫૨) નબીની તઅઝીમ ફર્ઝે અયન બલ્કે તમામ ફર્ઝોની અસલ છે. કોઈ નબીની સાધારણ તૌહીન અથવા જુઠલાવવું, કુફ્ર છે.

**અકીદહ** : (૫૩) હઝરત આદમ અલયહિસ્સલામથી લઈ અમારા હુઝુર સૈયેદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સુધી અલ્લાહ તઆલાએ કેટલાય નબીઓને મોકલ્યા, કેટલાકનું સ્પષ્ટ વર્ણન કુર્આન મજીદમાં છે અને અમુકનું નથી. જેમના પવિત્ર નામો સ્પષ્ટતાથી કુર્આન મજીદમાં છે તે આ છે: હઝરત આદમ અલયહિસ્સલામ, હઝરત નૂહ અલયહિસ્સલામ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ, હઝરત ઈસ્માઇલ અલયહિસ્સલામ, હઝરત ઈસ્હાક અલયહિસ્સલામ, હઝરત યાકૂબ અલયહિસ્સલામ, હઝરત યુસુફ અલયહિસ્સલામ, હઝરત મુસા અલયહિસ્સલામ, હઝરત હારૂન અલયહિસ્સલામ, હઝરત શુએબ

અલયહિસ્સલામ, હઝરત લૂત અલયહિસ્સલામ, હઝરત હુદ અલયહિસ્સલામ, હઝરત દાઉદ અલયહિસ્સલામ, હઝરત સુલયમાન અલયહિસ્સલામ, હઝરત ઐયુબ અલયહિસ્સલામ, હઝરત ઈલ્યાસ અલયહિસ્સલામ, હઝરત અલ્યસઅ અલયહિસ્સલામ, હઝરત યહયા અલયહિસ્સલામ, હઝરત ઈસા અલયહિસ્સલામ, હઝરત યુનુસ અલયહિસ્સલામ, હઝરત ઈદ્રીસ અલયહિસ્સલામ, હઝરત ઝુલકિફ્લ અલયહિસ્સલામ, હઝરત સાલેહ અલયહિસ્સલામ, **હુઝુર સૈયેદુલ મુરસલીન મોહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.**

**અકીદહ :** (૫૪) હઝરત આદમ અલયહિસ્સલામને અલ્લાહ તઆલાએ મા-બાપ વગર માટીમાંથી પેદા કર્યા અને પોતાના ખલીફા બનાવ્યા અને તમામ નામવાળી વસ્તુઓનાં નામોનો ઇલ્મ આપ્યો; ફરિશ્તાઓને હુકમ કર્યો કે તેમને સિજ્દો કરે, સૌએ સિજ્દો કર્યો, શયતાને (કે જે જિન્નાતો પૈકી હતો, પરંતુ બહુ મોટો આબિદ-તપસ્વી હતો, અત્રામે મલાઈકહનો શિક્ષક હતો ત્યાં સુધી કે ફરિશ્તાઓના ગિરોહમાં તેની ગણના થતી હતી) ઈન્કાર કર્યો, આથી તે હંમેશ માટે મરદૂદ થઈ ગયો.

**અકીદહ :** (૫૫) હઝરત આદમ અલયહિસ્સલામથી પહેલાં માનવીનું અસ્તિત્વ ન હતું, બલ્કે સઘળા માનવી તેમની જ ઔલાદ છે. એજ કારણોસર માનવીને **આદમી** કહીએ છીએ. અર્થાત આદમની ઔલાદ, અને હઝરત આદમ અલયહિસ્સલામને અબૂલ બશર કહે છે. અર્થાત સઘળા માનવીઓના બાપ.

**અકીદહ :** (૫૬) સૌથી પહેલા નબી હઝરત આદમ અલયહિસ્સલામ થયા અને સૌથી પહેલા રસૂલ, જે કુફ્ફાર પર મોકલવામાં આવ્યા તે હઝરત નૂહ અલયહિસ્સલામ છે. તેમણે સાડા નવસો (૯૫૦) વર્ષ હિદાયત કરી, તેમના જમાનાના કાફિરો બહુજ સખત હતા. દરેક પ્રકારની તકલીફો પહોંચાડતા, તેઓ આપની ઠઠ્ઠા-મશ્કરી કરતા, એટલા વર્ષોમાં ગણુત્રીના જ લોકો મુસલમાન થયા. જ્યારે જોયું કે બાકી રહેલાઓ કદાપી સુધરે તેમ નથી, હઠાગ્રહ અને કુફ્રથી અટકશે નહી. આખરે આપે મજબૂર થઈને પોતાના રબની હુઝુર તેમના વિનાશની દુઆ કરી. તુફાન (પાણીનું ઘોડાપુર) આવ્યું અને સમગ્ર જમીન ડુબી ગઈ, કેવળ તે થોડા જ ગણુત્રીના મુસલમાન અને દરેક જાનવરની એક એક જોડ જે કિશ્તી (નૌકા)માં લઈ લીધી હતી, તે બચી ગયા.

**અકીદહ :** (૫૭) અંબિયા-પયગમ્બરોની કોઈ ચોક્કસ સંખ્યા નક્કી કરવું જોઈએ નથી. કેમકે આ બાબતમાં વિવિધ ખબરો (રિવાયતો) છે. અને ચોક્કસ સંખ્યા પર ઈમાન રાખવામાં નબીને નુબૂવ્વતથી ખારિજ માનવા અથવા ગેર નબીને નબી જાણવાની સંભાવના છે. અને આ બંને વાતો કુફ્ર છે. જેથી એ અકીદો રાખવો જોઈએ કે, અલ્લાહના દરેક નબી પર અમારું ઈમાન છે.

**અકીદહ :** (૫૮) નબીઓના વિવિધ દરજ્જા છે, અમુક ને અમુક પર ફઝીલત છે. સૌથી અફઝલ અમારા આકા વ મૌલા સૈયેદુલ મુરસલીન મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ છે. હુઝુર પછી સૌથી મોટો મરતબો હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ અલયહિસ્સલામનો છે. પછી હઝરત મૂસા અલયહિસ્સલામ, પછી હઝરત ઈસા અલયહિસ્સલામ અને હઝરત નૂહ અલયહિસ્સલામનો છે. આ હઝરતોને ઉલુલ અઝ્મ મુરસલીન કહે છે. અને આ પાંચે હઝરતો બાકીના તમામ અંબીયા તથા મુરસલીન, ઈન્સાન તથા ફરિશ્તા, જિન તથા અલ્લાહની સમસ્ત મખલૂકથી અફઝલ છે. જેવી રીતે હુઝુર તમામ રસૂલોના સરદાર અને સૌથી અફઝલ છે. એવીજ રીતે નિઃશંક હુઝુરના સદકામાં હુઝુરની ઉમ્મત તમામ ઉમ્મતોથી અફઝલ છે.

**અકીદહ :** (૫૯) તમામ અંબિયા અલ્લાહની સમક્ષ મહાન વજાહતવાળા તથા ઇજ્જતવાળા છે. તેમને અલ્લાહ સમક્ષ મઆઝલ્લાહ ચુડા-ચમાર જેવા કહેવું, સ્પષ્ટ ગુસ્તાખી અને કુફ્રી વાણી છે (આવું લખનાર કાફિર થઇ જાય છે-અનુ)

**અકીદહ :** (૬૦) નબીનું નુબૂવ્વતના દઅવામાં સાચા હોવની એક દલીલ એ છે કે, નબી પોતાની સત્યતાનો સ્પષ્ટતાથી દઅવો કરીને અશક્ય વાતો જાહેર કરવાની જવાબદારી લે છે, અને મુનકિરોને તેના અનુરૂપ તરફ બોલાવે છે. અલ્લાહ તઆલા તેના દઅવા મુજબ અસંભવિત કાર્ય જાહેર કરી દે છે અને ઈન્કાર કરનારાઓ સઘળા વિવશ થઇ જાય છે. તેને જ મોઅજેઝા કહે છે. જેવી રીતે હઝરત સાલેહ અલયહિસ્સલામની ઉંટણી, હઝરત મૂસા અલયહિસ્સલામના અસાનું સર્પ થઈ જવું અને "યદે બયઝા" (પ્રકાશ વેરતો હાથ) અને હઝરત ઇસા અલયહિસ્સલામનું મુડદાંઓને સજીવન કરવું અને જન્મજાત આંધળાઓ અને કોઢીઓને સારા કરી દેવું, અને અમારા હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મોઅજેઝાતો અસંખ્ય છે. (સુબ્હાનલ્લાહ—અનુ.)

**અકીદહ :** (૬૧) જે માનવી નબી ન હોય તે નુબૂવ્વતનો દઅવો કરીને કોઈ મુહાલેઆદી (આદતમાં અસંભવ) વાત પોતાના દઅવા પ્રમાણે જાહેર કરી શકતો નથી. નહી તો સાચા-જુઠામાં તફાવત રહેશે નહી.

**ફાયદો :** નબીથી જે વાત નુબુવ્વતથી પહેલાં આદત વિરૂદ્ધ જાહેર થાય તેને "ઈરહાસ" કહે છે, વલીથી જો આવી વાત સાદિર થાય તેને "કરામત" કહે છે, આમ મોમેનીનથી જે સાદિર થાય તેને "મઉનત" કહે છે અને બેબાક ફાજિરો (દુરાચારીઓ) અથવા કુફફારથી જે તેમના અનુરૂપ જાહેર થાય તેને ઈસ્તિદરાજ કહે છે. અને તેના વિરૂદ્ધ જાહેર થાય તો તેને "એહાનત" (અપમાન) કહે છે.

**અકીદહ :** (૬૨) અંબિયા અલયહિમુસ્સલામ પોત પોતાની કબ્રોમાં એવી જ રીતે વાસ્તવિક જીવનથી જીવંત છે જેવા કે દુનિયામાં હતા. ખાય-પીએ છે, જ્યાં જવા ઈચ્છે આવે-જાય છે. ઈલાહી વાયદાની પુષ્ટિ માટે એક ક્ષણ માટે તેમના પર મૃત્યુ તારી થયું પછી નિયમાનુસાર જીવંત થઇ ગયા. તેમની હયાત, શહીદોની હયાતથી બહુજ ઉચ્ચતમ છે. શહીદનો તરકો (વારસો) વહેંચાશે, તેની પત્ની ઈદ્દત પછી બીજું લગ્ન કરી શકે છે, જ્યારે અંબીયાઓના ત્યાં આ જાઈઝ નથી. (એટલે તેમણે છોડેલો માલ તેમના વારસદારોમાં વ્હેંચાશે નહિ, તેમની પત્નીઓ, ફરી નિકાહ કરી શકતી નથી.-અનુ.) અહીં સુધી જે અકાઈદ બ્યાન થયા તેમાં તમામ અંબિયાઓ શરીક છે. હવે કેટલાક તે કાર્યો જે નબીએ કરીમ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વિશિષ્ટતાઓ પૈકી છે તે બ્યાન કરવામાં આવે છે. (તે નીચે મુજબ છે.)

**અકીદહ :** (૬૩) બીજા અંબીયાનું પ્રકટીકરણ ખાસ કોઈ એક કોમ તરફ થયું. પરંતુ, હુઝુરે **અકદસ સલ્લલ્લાહોઅલયહ વસલ્લમ** તમામ મખલુક, ઈન્સાન તથા જિન બલ્કે ફરિસ્તાઓ, પશુ તથા જડ પદાર્થ સઘળાઓની તરફ નબી બનાવીને મોકલવામાં આવ્યા. જેવી રીતે માનવીને માથે હુઝુરની તાબેદારી ફર્ઝ છે એવી જ રીતે દરેક મખલુક પર હુઝુરની ફરમાબરદારી જરૂરી છે.

**અકીદહ :** (૬૪) હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરિશ્તાઓ તથા ઈન્સાનો, જિન તથા હુરો, પશુ-પક્ષીઓ સારાંશ કે તમામ આલમ માટે રહેમત છે. અને મુસલમાનો ઉપર તો અધિક મહેરબાન છે.

અકીદહ : (૬૫) હુઝુર ખાતમુન્નબીય્યીન છે એટલે કે અલ્લાહ તઆલાએ નુબુવ્વતનો સિલસિલો હુઝુર પર ખતમ કરી દીધો. હુઝુરના જમાનામાં અથવા પછી કોઈ નવો નબી થઈ શકતો નથી. જે માણસ હુઝુરના જમાનામાં અથવા હુઝુરની પછી "કોઈને નુબુવ્વત મળવું,"માને અથવા જાઈઝ સમજે તો તે કાફિર છે.

અકીદહ : (૬૬) હુઝુર તમામ મખલૂકે ઈલાહીથી અફઝલ છે કે, બીજાઓને અલગ અલગ જે કમાલાત અતા થયા, હુઝુરમાં તે સઘળા એકત્રિત કરી દેવામાં આવ્યા. અને તે ઉપરાંત હુઝુરને તે કમાલાત (વિશિષ્ટતાઓ) મળ્યા જેમાં કોઈનો ભાગ નથી, બલ્કે **બીજાઓને જે કાંઈ મળ્યું, તે હુઝુરના તુફૈલમાં બલ્કે હુઝુરના પવિત્ર હાથોએથી મળ્યું, બલ્કે કમાલ એટલા માટે કમાલ થયું કે તે હુઝુરની સિફત છે અને હુઝુર પોતાના રબ્બની કૃપાથી પોતાની પવિત્ર જાતમાં કામિલ તથા અકમલ** છે. હુઝુરનો કમાલ કોઈ ગુણથી નથી, બલ્કે તે ગુણનો કમાલ છે કે, કામિલની સિફત બનીને ખુદ કમાલ તથા કામિલ અને અકમલ થઈ ગયો કે, જેમાં ઉપલબ્ધ તેને કામિલ બનાવી દે. ( સુબ્હાનલ્લાહ. અનુ. )

અકીદહ : (૬૭) મુહાલ (અસંભવ) છે કે, કોઈ હુઝુરનો મિસ્લ (સમકક્ષ, જેવો, અનુરૂપ) હોય. જો કોઈ ખાસ સિફતમાં, કોઈને હુઝુરનો મિસ્લ ગણાવે તો તે ગુમરાહ યા કાફિર છે.

અકીદહ : (૬૮) હુઝુરને અલ્લાહે મહેબૂબિયતના મહાન મરતબાથી સન્માનિત કર્યા છે, સમગ્ર ખલ્ક રઝાએ મૌલાની શોધમાં છે અને અલ્લાહ અઝઝ-વ જલ્લ રઝા એ મુસ્તુફાનો તાલિબ છે.

ખુદા કી રઝા ચાહતે હું'ય દો આલમ,
ખુદા ચાહતા હય રઝાએ મુહંમદ. (—આલા હઝરત)

અકીદહ : (૬૯) હુઝુરની વિશિષ્ટતાઓ પૈકી મેઅરાજ છે, મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી અને ત્યાંથી સાતે આસ્માનો અને કુર્સી તથા અર્શ સુધી, બલ્કે અર્શથી ઉપર. રાત્રીના એક અલ્પ ભાગમાં શરીર સાથે તશરીફ લઈ ગયા અને તે નિકટતા પ્રાપ્ત થઈ કે કોઈ બશર તથા ફરિશ્તાને ક્યારેય પ્રાપ્ત ન થઈ, ન થશે. અને આપે જમાલે ઈલાહી માથાની આંખોથી દેખ્યું અને કલામે ઇલાહી આપે કોઈ માધ્યમ વગર સાંભળ્યું અને સઘળા ફરિશ્તાઓ, આકાશ તથા ધરતીને વિસ્તારપૂર્ણ રીતે અણુએ અણુનું નિરિક્ષણ કર્યું.

અકીદહ : (૭૦) તમામ મખલૂક અવ્વલીન (અગાઉ)ની અને આખરીન (પાછળ) ની હુઝુરની મોહતાજ છે, ત્યાં સુધી કે, હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ અલયહિસ્સલામ પણ.

અકીદહ : (૭૧) કયામતના દિવસે શફાઅતે કુબ્રાનો મરતબો હુઝુરની વિશિષ્ટતા પૈકી છે કે, જ્યાં સુધી હુઝુર શફાઅતનો દરવાજો ન ખોલશે ત્યાં સુધી કોઈને શફાઅત નસીબ થશે નહિ, બલ્કે વાસ્તવમાં જેટલા શફાઅત કરવાવાળા છે હુઝુરના દરબારમાં શફાઅત પેશ કરશે અને અલ્લાહ સમક્ષ મખ્લુકાતમાં કેવળ હુઝુર જ શફીઅ છે અને આ "**શફાઅતે કુબ્રા,**" મોમિન, કાફિર, તાબેદાર, ગુનેહગાર સૌના માટે છે કે તે હિસાબનો ઈન્તેઝાર કે, જે સખત પ્રાણઘાતક હશે જેના માટે લોકો તમન્નાઓ કરશે કે સારું થાત કે જહન્નમમાં ફેંકી દેવામાં આવત અને આ ઈન્તેઝારથી છુટકારો થાત. આ બલાથી છુટકારો કુફ્ફારને પણ હુઝુરના લીધે મળશે. તે માટે અવ્વલીન (અગાઉના) અને આખરીન (પાછળના) અનુમોદકો અને વિરોધીઓ, મોમિનો તથા કાફિરો સૌ હુઝુરની પ્રશંસા કરશે. તેનું જ નામ "મકામે-મહમૂદ" છે. અને શફાઅતના બીજા પ્રકારો પણ છે. દા.ત. અગણિત લોકોને હિસાબ વિના જન્નતમાં

દાખલ ફરમાવશે જેમાં ચાર અબજ નેવું કરોડની સંખ્યા માલુમ છે, તેનાથી કેટલાય ગણા બીજા છે જે અલ્લાહ તથા રસૂલ જાણે છે. કેટલાઓ તે હશે જેઓનો હિસાબ થઈ ગયો હશે અને જહન્નમના હકદાર થઈ ગયા હશે, તેમને જહન્નમથી બચાવશે અને કેટલાકોની શફાઅત ફરમાવી જહન્નમથી નજાત અપાવશે. કેટલાકોના દરજાઓ બુલંદ કરશે અને કેટલાકના અઝાબમાં ઘટાડો કરશે.

અકીદહ : (૭૨) દરેક પ્રકારની શફાઅત હુઝુર માટે સાબિત છે. જેવી કે શફાઅત બિલવજાહત, શફાઅત બિલ મુહબ્બત અને શફાઅત બિલ ઈઝન. આમાંથી કોઈ નો ઈન્કાર એજ કરશે જે ગુમરાહ છે.

અકીદહ : (૭૩) મનસબે શફાઅત હુઝુરને આપી દેવામાં આવ્યો છે. હુઝુર ફરમાવે છે: ઓઅતી તુશ્શફાઅત." (મને શફાઅત કરવાનો હોદ્દો આપવામાં આવ્યો.) અને આપનો રબ્બ ફરમાવે છે: "વસ્તગફીર લેઝમ્બેકા વલીલ-મુમેનીના વલ-મુમેનાતે"

(અર્થ : પોતાના ખાસો (ખાસ ચાહકો અને ગુલામો) ના ગુનાહો અને આમ મોમિનીન તથા મોમેનાતના ગુનાહોની મગફેરત ચાહો.) શફાઅત બીજા કોનું નામ છે?

શફાઅતના કેટલાક એહવાલ તથા બીજી વિશિષ્ટતાઓ જે કેયામતના દિવસે જાહેર થશે, "અહવાલે આખેરત"માં ઈન્શાઅલ્લાહ બ્યાન થશે.

અકીદહ : (૭૪) હુઝુરની મહોબ્બત ઈમાનનો મદાર છે, બલ્કે ઇમાન એજ મહોબ્બતનું જ નામ છે. જ્યાં સુધી હુઝુરની મહોબ્બત, માં-બાપ, ઔલાદ અને સમસ્ત જગત કરતાં અધિક ન હોય ત્યાં સુધી આદમી મુસલમાન થઈ શકતો નથી.

અકીદહ : (૭૫) હુઝુરની ઈતાઅત (ફરમાંબરદારી) અયન તાઅતે ઈલાહી છે. (એટલે સાક્ષાત ખુદાની ફરમાંબરદારી છે.) અલ્લાહની ફરમાંબરદારી, હુઝુરની ફરમાબરદારી વિના અશક્ય છે. ત્યાં સુધી કે આદમી જો ફરઝ નમાઝમાં હોય અને હુઝુર તેને બોલાવે તો તુરતજ જવાબ આપે અને આપની પવિત્ર ખિદમતમાં હાજર થઇ જાય અને તે શખ્સ જેટલાએ સમય સુધી હુઝુરથી વાત કરે, નિયમાનુસાર નમાઝમાં છે. તેનાથી નમાઝમાં કોઈ વાંધો આવશે નહી.

અકીદહ : (૭૬) હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તઅઝીમ એટલે કે મહાનતા-અઝમતનો એતેકાદ (આસ્થા) ધરાવવું, એટલે કે ઈમાનનો અંશ અને ઇમાનનો સ્તંભ (રૂકનેઈમાન) છે. અને તઅઝીમનું કાર્ય ઇમાન પછી દરેક ફરઝથી મહત્તમ છે. તેની મહત્વતાનો અંદાઝો તે હદીસથી જણાઈ આવે છે કે, ગઝવએ ખૈબરથી પાછા ફરતાં એક સ્થળે નબીએ કરીમ સલ્લેલ્લાહો અલયહે વસલ્લમે અસરની નમાઝ પઢીને મૌલા અલી કર્રમલ્લાહો તઆલા વજહહુ ના ઝાનુ (સાથળ) પર મસ્તક મુકીને આરામ કર્યો, મૌલા અલીએ અસરની નમાઝ પઢી ન હતી, હઝરત અલી આંખોથી દેખી રહ્યા હતા કે સમય જઈ રહ્યો છે, પરંતુ એ ખ્યાલથી કે જો સાથળ હઠાવીશ તો કદાચ આપની નિંદ્રામાં ખલલ પડે, સાથળ ન હઠાવી ત્યાં સુધી કે સૂરજ આથમી ગયો. જ્યારે આપની પવિત્ર આંખો ખુલી તો મૌલા અલીએ પોતાની નમાઝનો હાલ કહ્યો. હુઝુરે હુકમ કર્યો તો ડુબેલો સૂરજ પાછો નીકળ્યો. મૌલા અલીએ નમાઝ અદાકરી, પછી તે પાછો ડુબી ગયો. આનાથી સાબિત થયું કે, ઇબાદતોમાં અફઝલ નમાઝ અને તે પણ વચ્ચેની નમાઝે-અસર, મૌલા અલીએ હુઝુરની નિંદ્રા પર કુરબાન કરી દીધી કે, ઈબાદતો પણ અમને હુઝુરના જ સદકામાં મળી. બીજી હદીસ તેના સમર્થનમાં એ છે કે "ગારેસોર"માં પહેલા

હઝરત સિદ્દીકે અકબર રદીયલ્લાહો અન્હો દાખલ થયા, પોતાના કપડાં ફાડી ફાડીને તેના છિદ્રો બંધ કરી દીધા, એક છિદ્ર બાકી રહી ગયું તો તેમાં પગનો અંગુઠો મુકી દીધો. પછી હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને અંદર બોલાવ્યા. હુઝુર અંદર તશરીફ લઈ ગયા અને આપે તેમની સાથળ પર પવિત્ર મસ્તક મૂકીને આરામ કર્યો. તે ગુફામાં એક સાંપ આપની ઝિયારતનો અભિલાષી રહેતો હતો, તેણે પોતાનું માથું હઝરત સિદ્દીકે અકબરના પગથી ઘસ્યું, તેમણે એ ખ્યાલથી કે હુઝુરની નિંદ્રામાં વિક્ષેપ ન પડે, પગ ન હઠાવ્યો. છેવટે તેણે પગમાં ડંસ દીધો. જ્યારે હઝરત સિદ્દીકે અકબરના આંસુ ચહેરએ અનવર પર પડયા, ત્યારે હુઝુરની આંખ ખુલી ગઈ, આપે (અશ્રુ ટપકયાનું) કારણ પૂછ્યું. તો હકીકત બ્યાન કરી, તો હુઝુરે પોતાનું પવિત્ર થુંક લગાડી દીધું, તુરતજ આરામ થઈ ગયો. દરેક વર્ષે તે ઝેર પલટી આવતું. બાર વર્ષ પછી સિદ્દીકે અકબર તેના લીધે જ શહાદત પામ્યા.

**શએર :**

**સાબિત હુવા કે જુમ્લા ફરાઈઝ, ફુરુઅ હુંય,**
**અસલુ લ-ઉસૂલ, બંદગી ઈસ તાજવરકી હય.**

**અકીદહ :** (૭૭) હુઝુરની તઅઝીમ જેવી રીતે તે સમયે હતી કે હુઝુર આ જગતમાં જાહેરી નજરોની સામે ઉપસ્થિત હતા અત્યારે પર એવી જ રીતે માનવું ફર્ઝે આઝમ ( મહા ફરજ ) છે કે, જ્યારે હુઝુરનો ઝિક્ર આવે તો એકાગ્રતા તથા વિનમ્રતાથી અદબપૂર્વક સાંભળે અને નામે-પાક સાંભળતાં જ દરૂદ શરીફ પઢવું વાજિબ છે.

**અલ્લાહુમ્મ સલ્લે અલા સૈયેદના વ મૌલાના મુહમ્મદીન મઅદનિલ-જુદે વલ-કરમે વ આલેહીલ-કેરામ વ સહૂબેહીલ એઝામે, વ બારિક્ વસલ્લિમ્."**

અને હુઝુરથી મહોબ્બતની નિશાની એજ છે કે, વધુ પ્રમાણમાં ઝિક્ર કરે અને દરૂદ શરીફ વધુમાં વધુ પઢે અને નામે પાક લખે તો તેના પછી **"સલ્લલ્લાહે અલયહે વસલ્લમ"** લખે. કેટલાક લોકો સંક્ષિપ્તમાં **" સલઅમ "** અથવા **"સ.અ.વ."** ('સાદ')લખે છે, આ કેવળ નાજાઈઝ તથા હરામ છે. અને મહોબ્બતની એ પણ નિશાની છે કે આલ તથા અસ્હાબ, મુહાજિરીન તથા અન્સાર અને આપના સંબંધકર્તા દરેકથી મહોબ્બત રાખે. અને હુઝુરના દુશ્મનોથી અદાવત રાખે, ભલે તે પોતાનો બાપ અથવા પુત્ર અથવા ભાઈ અથવા કુટુંબી કેમ ન હોય ! અને **જે એવું ન કરે તે આ દાવામાં જુઠો છે.** શું તમને ખબર નથી કે, સહાબાએ કિરામે હુઝુરની મહોબ્બતમાં પોતાના સઘળા સ્નેહીઓ, નિકટવાળાઓ; બાપ, ભાઈઓ અને વતનને છોડયું. આ કેવી રીતે બની શકે છે કે, અલ્લાહ અને રસૂલથી પણ મહોબ્બત હોય અને તેમના દુશ્મનોથી પણ પ્રેમ ! એક ને ધારણ કરો. પરસ્પર વિરૂદ્ધ વાતો એકત્ર થઈ શકતી નથી. યા તો જન્નતના માર્ગે ચાલ અથવા જહન્નમમાં જા. મહોબ્બતની ઓળખ એ છે કે, હુઝુરની શાને અકદસમાં જે શબ્દો ઉપયોગમાં લેવામાં આવે તે અદબમાં ડુબેલા હોય, હુઝુરની શાને પાકમાં કોઈ એવો શબ્દ જેમાં ઓછી તઅઝીમની ગંધ પણ હોય, કયારેય જીભ પર ન લાવે. જો હુઝુરને પુકારે તો નામે પાક સાથે નિદા (પોકાર) ન કરે કે (દા.ત. યા મુહમ્મદ !) તે જાઈઝ નથી. બલ્કે આપની સિફતો સાથે પુકારે અને એમ કહે, **' યા નબીયલ્લાહ, ' યા રસૂલલ્લાહ. યા હબીબલ્લાહ.'** જો મદીના તૈયેબહની હાજરી નસીબ થાય તો રોઝા શરીફની સામે ચાર હાથ છેટેથી હાથ બાંધીને-જેવું કે નમાઝમાં ઉભા રહીએ છીએ—ઉભા રહીને માથું નમાવી, સલાતો સલામ અરજ કરે. બહુ નિકટ ન જાય. આમ તેમ જુએ નહી. અને ખબરદાર, અવાઝ કયારેય ( ઘાટો પાડે નહિ ) બુલંદ ન કરજે, કે ઉમર ભરનું કર્યું-કરાવ્યું અકારત થઈ જશે. અને મહોબ્બતની એ ઓળખ પણ છે કે હુઝુરના **અકવાલ-અફઆલ** તથા **અહવાલ** (વાણી-વર્તન અને અહવાલ ) લોકોને પૂછે અને તેની પેરવી કરે.

**અકીદહ :** (૭૮) હુઝુરના કોઈ કોલ-ફેઅલ-અમલ તથા હાલતને જે ધિક્કારની નજરથી એદે તે કાફિર છે.

**અકીદહ :** (૭૯) હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહના નાઈબે મુત્લક (સર્વથા નાયબ) છે. તમામ જગત હુઝુરના અધિકાર હેઠળ (આધીન) કરી દેવામાં આવ્યું, જેવું ચાહે કરે, જેને જે ઈચ્છે આપે, જેનાથી જેવું ચાહે પાછું લઈલે. સમગ્ર સૃષ્ટિમાં તેમની આજ્ઞાને ફેરવનાર કોઈ નથી. આખું જગત તેમનું તાબેદાર છે અને તેઓ પોતાના રબ્બ સિવાય કોઈના મહકુમ (હુકમ હેઠળ) તાબેદાર નથી. તમામ આદમીઓના માલિક છે. જે તેમને પોતાના માલિક ન સમજે, તે સુન્નતની ચાસણીથી મહેરૂમ રહે. સઘળી જમીન તેમની મિલ્કત છે. તમામ જન્નત તેમની જાગીર છે. આલમે મલ્કુત, આકાશ-ધરતી હુઝૂરના ફરમાન હેઠળ જન્નત અને દોઝખની કુંચીઓ આપના હાથમાં આપી દેવામાં આવી. રિઝક તથા ખૈર અને દરેક પ્રકારનું અર્પણ હુઝૂરના જ દરબારથી વહેંચાય છે. દુનિયા તથા આખેરત હુઝૂરના પ્રદાનનો એક ભાગ છે. શરીઅતના અહકામ હુઝૂરના કબ્જામાં આપી દેવામાં આવ્યા કે, જેના માટે જે ઈચ્છે તે હરામ કરી દે અને જેના માટે જેવું ચાહે, તે હલાલ કરી દે અને જે ફર્ઝ ઈચ્છે, માફ કરી દે. (સુબ્હાનલ્લાહ— અનુ.)

**અકીદહ :** (૮૦) સૌથી પહેલાં નુબુવ્વતનો મરતબો હુઝૂરને મળ્યો. **'રોઝે મીસાક'** (કોલ-કરારનો દિવસ) તમામ અંબિયાઓથી હુઝૂર પર ઈમાન લાવવા અને હુઝૂરની મદદ કરવાનું વચન લેવામાં આવ્યું. અને એજ શરત પર એ મહાન પદવી તેમને આપવામાં આવી. હુઝૂર નબીઉલ અમ્બિયા છે અને સઘળા અમ્બિયા હુઝૂરના ઉમ્મતી છે. સૌએ પોત પોતાના યુગમાં હુઝૂરના નાયબપણામાં કામ કર્યું. અલ્લાહ અઝઝ વજલ્લે હુઝૂરને પોતાની ઝાતના મઝહર (પ્રકટિસ્થાન) બનાવ્યા અને હઝરતના નુરથી સકળ સંસારને પ્રકાશિત કર્યું. એનો અર્થ એ થયો કે હુઝૂર દરેક જગ્યાએ તશરીફ ફર્મા (હાજર) છે.

**કશ્શમ્સે ફી વસ્તીસ્સમાએ વ નૂરોહા.**
**યગ્શીલ-બિલાદ મશારેકંવ્વમગારેબા.**

પરંતુ હૃદયના અંધાપાનો શો ઈલાજ ?

**"ગર નબીનદ બરોઝ શપ્પરા ચશ્મ, ચશ્મએ આફતાબ રા ચેગુનાહ"**

**જરૂરી મસ્અલા :** અમ્બિયાએ કિરામથી જે લગઝિશો (લપસવું) થઈ, તેનો ઉલ્લેખ, તિલાવતે કુર્આન તથા હદીસની રિવાયતો સિવાય હરામ અને સખત હરામ છે. બીજાઓને તે મહાન સરકારોમાં હોઠ હલાવવાની શું મજાલ ? મૌલા તઆલા તેમનો માલિક છે, જે ઠેકાણે જેવી રીતે ચાહે તઅબીર કરે. તેઓ તેના પ્યારા બંદાઓ છે. પોતાના રબ્બ માટે જે પ્રમાણે ચાહે નમ્રતા કરે. બીજો તે શબ્દોને સનદ બનાવી શકતો નથી અને ખુદ તેનો ઉપયોગ કરે તો **મરદુદે બારગાહ થઈ જાય.** પછી તેમના આ કાર્યો જેને ઝિલ્લત ('ઝિલ્લત,' ઝેથી છે.) અને લગઝિશથી તઅબીર કરવામાં આવે. હજારો હુકમ તથા ઉદ્દેશ્ય પર આધારિત, હજારો ફાયદાઓ અને બરકતોને છુપાવેલ હોય છે. આદમ અલયહિસ્સલામની એક લગઝિશને જુઓ, જો તે ન થાત તો જન્નતથી ન ઉતરતા, દુનિયા આબાદ ન થાત, ન કિતાબો ઉતરતી ન રસૂલ આવતા, ન જેહાદ થતા. લાખો કરોડો **મસુબાત** (નેકીના કાર્યો) ના દરવાજા બંધ રહેતા. તે સઘળાની સમ્પન્નતા એક લગઝિશે-આદમનો મુબારક નતીજો અને પાક બદલો છે. સુકાર્યોથી અફઝલ અને આ'લા છે. **હસનાતુલ-અબ્રારે, સૌયેઆતુલ-મુકર્રબીન.**

# ફરિશ્તાઓનું વર્ણન :

ફરિશ્તાઓ નૂરી શરીરવાળા છે. અલ્લાહ તઆલાએ તેમને એ શક્તિ આપી છે કે, તેઓ જે રૂપધારણ કરવા ચાહે, ધારણ કરી શકે છે, કયારેક તેઓ માનવીના રૂપમાં જાહેર થાય છે અને કયારેક બીજા સ્વરૂપે.

**અકીદહ** : (૮૧) તેઓ એ જ કરે છે જે હુકમે ઈલાહી છે. ખુદાના હુકમ વિરૂદ્ધ તેઓ કાંઈ કરતા નથી. ન ઈરાદા પૂર્વક, ન ભૂલચૂકથી, ન ખતાપૂર્વક, તેઓ અલ્લાહના મઅસૂમ બંદા છે. દરેક પ્રકારના સગીરા તથા કબીરા ગુનાહોથી પાક છે.

**અકીદહ** : (૮૨) તેમને વિવિધ સેવાઓ સુપ્રત કરવામાં આવી છે. કોઈના જીમ્મે હઝરત અંબિયાએ કિરામની ખિદમતમાં વહી લાવવું, કોઈના જીમ્મે પાણી વરસાવવું, કોઈના જીમ્મે હવા ચલાવવું, કોઇના જીમ્મે રોઝી પહોંચાડવું, કોઈના જીમ્મે માના ઉદરમાં બાળકની સૂરત બનાવવું, કોઇના જીમ્મે માનવીય શરીરમાં તસર્રૂફ કરવું. કોઇના જીમ્મે માનવીનું શત્રુઓથી રક્ષણ કરવું. કોઈના જીમ્મે (ખુદા-રસૂલનો) ઝિક્ર કરનારાઓના સમૂહની શોધ કરી, તેમાં હાજર થવું. કોઈના જીમ્મે માનવીનું અઅમાલનામું લખવું. કેટલાકોનું દરબારે રિસાલતમાં હાજર થવું, કોઈના જીમ્મે હુઝુર સમક્ષ મુસલમાનોના સલાતો-સલામ પહોંચાડવું. કેટલાકોના જીમ્મે મુર્દાઓને સવાલ કરવા. કોઈના જીમ્મે રૂહ કબ્ઝ કરવું. કેટલાકોના માથે અઝાબ કરવું. કોઈના જીમ્મે સૂર ફૂંકવું અને આ ઉપરાંત પણ કેટલાક બીજા અનેક કામો છે જે ફરિશ્તાઓ પરિપૂર્ણ કરે છે.

**અકીદહ** : (૮૩) ફરિશ્તા ના મર્દ છે, ના ઓરત.

**અકીદહ** : (૮૪) તેમને કદીમ [અનાદિ] માનવું અથવા ખાલિક (સર્જનહાર) જાણવું કુફ્ર છે.

**અકીદહ** : (૮૫) તેમની સંખ્યા એજ જાણે જેણે તેમને પેદા કર્યા અને તેના બતાવવાથી તેના રસુલ જાણે. ચાર ફરિશ્તા બહુજ મશહૂર છે. [૧] હઝરત જિબ્રાઇલ, [૨] હઝરત મીકાઇલ, [૩] હઝરત ઈસરાફીલ તથા [૪] હઝરત ઈઝરાઈલ અલયહિમુસ્સલામ. તેઓ, સઘળા ફરિશ્તાઓ પર ફઝીલત ધરાવે છે.

**અકીદહ** : (૮૬) કોઇ ફરિશ્તા સાથે નાનકડી ગુસ્તાખી પણ કુફ્ર છે. જાહિલ લોકો પોતાના કોઇ શત્રુ અથવા તિરસ્કારયુક્તનેન્દેખી કહે છે કે, "**મલકુલ મૌત** [મોતનોફરિશ્તો] અથવા ઇઝરાઇલ આવી ગયો." આ વાક્ય કુફ્રી વાણીની નિકટ છે.

**અકીદહ** : (૮૭) ફરિશ્તાઓના અસ્તિત્વનો ઈન્કાર અથવા એમ કહેવું કે ફરિશ્તો, નેકીની શક્તિને, કહે છે અને તે સિવાય કાંઈ નથી.- આ બંને વાતો કુફ્ર છે.

# જિન્નનું વર્ણન : (જિન્નાતોનું બયાન)

જિન્ન (જિન્નાત) આગથી ઉત્પન્ન કરવામાં આવ્યા છે. તેમનામાં પણ કેટલાકને એ શક્તિ આપવામાં આવી છે કે, જેવું સ્વરૂપ ધારણ કરવા ચાહે ધારણ કરી શકે છે. તેમનું આયુષ્ય બહુ લાંબુ હોય છે. તેમના પૈકી જે શરીર [દુષ્ટ] હોય છે તેને શયતાન કહે છે. આ સઘળા માનવીની જેમ બુદ્ધિ-

શીલ અને રૂહવાળા તથા શરીરવાળા છે. તેમનામાં જન્મ-સંતાન ઉત્પત્તિ થાય છે. ખાય-પીએ છે. જન્મ-મરણ થાય છે.

અકીદહ : (૮૮) તેઓમાં મુસલમાન પણ છે અને કાફિરપણ. પરંતુ તેમના કુફ્ફાર, માનવીઓની સરખામણીમાં અધિક છે અને તેમનામાં મુસલમાન નેક પણ છે અને ફાસિક પણ. સુન્ની પણ છે અને બદમઝહબ પણ. અને તેમનામાં માનવીઓની સરખામણીમાં ફાસિકોની સંખ્યા વધારે છે.

અકીદહ : (૮૯) તેમના અસ્તિત્વનો ઇનકાર કરવું અથવા બદીની શક્તિનું નામ જિન અથવા શયતાન રાખવું, કુફ્ર છે.

# આલમે બરઝખનું વર્ણન :

દુનિયા અને આખિરતની વચ્ચે એક બીજું આલમ છે, તેને "બરઝખ" કહે છે. મરવા પછી અને કયામતથી પહેલાં સઘળા ઇન્સાનો તથા જિનોને મરતબા પ્રમાણે તેમાં રહેવું પડે છે અને આ આલમ આ દુનિયાથી બહુજ મોટું છે. દુનિયા સાથે બરઝખને એજ સંબંધ છે, જે માંના પેટ સાથે દુનિયાને. બરઝખમાં કોઇને આરામ છે અને કોઇને તકલીફ.

અકીદહ : (૯૦) દરેક માનવીની જેટલી ઝિંદગી મુકર્રર છે તેમાં ન વધારો થઈ શકે છે ન ઘટાડો. જ્યારે ઝિંદગીનો સમય પૂરો થઈ જાય છે ત્યારે હઝરત ઇઝરાઇલ અલયહિસ્સલામ રૂહ કબ્ઝ કરવા માટે આવે છે અને તે માણસના ડાબે-જમણે જ્યાં સુધી નઝર પહોંચે છે ફરિશ્તા દેખાય છે. મુસલમાનની આસપાસ રહેમતના ફરિશ્તા હોય છે અને કાફિરના ડાબે-જમણે અઝાબના ફરિશ્તા હોય છે. તે વખતે દરેક વ્યક્તિ પર ઇસ્લામની વાસ્તવિક્તા સૂર્ય કરતાં વધુ પ્રકાશિત થઈ જાય છે. પરંતુ તે વખતનું ઈમાન લાવવું માન્ય નથી. એટલા માટે કે હુકમ ઈમાન બિલ ગયબનો છે. અને હવે ગયબ ન રહ્યું, બલ્કે આ ચીઝ પ્રત્યક્ષ દર્શન થઈ ગઈ.

અકીદહ : (૯૧) મૃત્યુ પછી પણ રૂહનો સંબંધ માનવીય શરીર સાથે બાકી રહે છે. જો કે રૂહ શરીરથી અલગ થઈ ગઈ, પરંતુ શરીર પર જે ગુજરસે રૂહ જરૂર તેનાથી જાણકાર અને પ્રભાવિત થશે કે, જેવી રીતે દુનિયામાં થાય છે, બલ્કે તેનાથી પણ વધારે. દુનિયામાં ઠંડુ પાણી, શીતળ હવા, નરમ પાથરણા, સ્વાદિષ્ટ ભોજન સઘળી વાતો શરીર પર અસર કરે છે, પરંતુ રાહત અને લિજ્જત રૂહને પહોંચે છે અને તેનું અકસ પણ શરીર પર જ દેખાય છે. અને સંતાપ તથા કષ્ટ રૂહ પામે છે. રૂહ માટે ખાસ પોતાની રાહત તથા શોકના અલગ કારણો છે, જેનાથી હર્ષ અથવા ગમ ઉત્પન્ન થાય છે. તદાનુરૂપ એજ સઘળી વાતો, હાલતો બરઝખમાં છે.

અકીદહ : (૯૨) મૃત્યુ પછી મુસલમાનની રૂહ મરતબા પ્રમાણે વિવિધ સ્થાનોમાં રહે છે. કેટલાકની કબર પર, કેટલાકની ઝમઝમના કૂવામાં, કેટલાકની આસમાન તથા જમીનની વચ્ચે, કેટલાકની પહેલા, બીજા, સાતમા આસમાન સુધી અને કેટલાકની આસમાનોથી પણ ઉપર અને કેટલાકની રૂહો અર્શની નીચે કન્દીલોમાં અને કેટલાકની અઅલા ઇલ્લીયન [અતિ ઉચ્ચતમ સ્થાને] માં. પરંતુ તે ગમે ત્યાં હોય તેમનો સંબંધ પોતાના શરીર સાથે નિયમાનુસાર રહે છે. જે કોઈ કબ્ર પર આવે તેને દેખે-ઓળખે છે. તેની વાત સાંભળે છે, બલ્કે રૂહનું દેખવું કબ્રની નિકટથી જ ખાસ નથી. તેનું દષ્ટાંત હદીસમાં એ ફરમાવ્યું

છે કે એક પક્ષી પહેલાં પિંજરામાં બંધ હતું અને હવે આઝાદ [મુક્ત] કરી દેવામાં આવ્યું, અઈમ્મ-એ કિરામ ફરમાવે છેઃ **"ઈન્નન્નોફુસલ-ફુદસીયત ઈઝા તજર્રદત્ અનિલ-અલાઈકીલ-બદનીયતે ત્તસલત્ બિલ-મલઈલિ-અઅલા વતરા વ તસ્મઉલ-ફુલ્લ કલ-મુશાહદે."**

[**અર્થ** : બેશક પાક જીવો જ્યારે શરીરના બંધનથી જુદા થાય છે, આલમે બાલાથી મળી જાય છે અને સઘળું જ એવી રીતે દેખે સાંભળે છે જેવું કે અહીં હાજર છે.] હદીસમાં ફરમાવ્યું છે : **"ઈઝા માતલ-મુમેનો યુખલ્લા સબીલોહુ યસ્રહો હૈસો શાઅ"**

[**અર્થ**:જ્યારે મુસલમાન મૃત્યુ પામે છે, તેનો માર્ગ ખોલી દેવામાં આવે છે જ્યાં જવા ચાહે જાય]

**શાહ અબ્દુલ અઝીઝ સાહબ લખે છેઃ "રૂહરા કુર્બો-બુઅદે મકાની યકસાં અસ્ત."** કાફિરોની ખબીસ રૂહો કેટલાકની તેમના મરઘટ [સ્મશાન] અથવા કબર પર રહે છે. કેટલાકની બરહૂતના કુવામાં [યમનમાં એક નાળું છે.] કેટલાકની પહેલી, બીજી, સાતમી જમીન સુધી, કેટલાકની તેનાથી પણ નીચે સિજ્જીનમાં. અને તે ક્યાંય પણ હોય જે તેની કબર અથવા મરઘટ [સ્મશાન] પાસેથી નીકળે તેને દેખે-ઓળખે અને વાતને સાંભળે છે. પરંતુ ક્યાંય જવા આવવાનો અખત્યાર નથી. કારણ કે તે કેદમાં છે.

**અકીદહ** : (૯૩) એ માન્યતા કે તે રૂહ કોઈ બીજા શરીરમાં ચાલી જાય છે ભલે તે માણસનું શરીર હોય કે કોઇ જાનવરનું, જેને તનાસુખ અને **"આવાગમન"** કે પુનઃજન્મ કહે છે, તે કેવળ બાતિલ છે અને તેનું માનવું કુફ્ર છે.

**અકીદહ** : (૯૪) મૃત્યુનો અર્થ રૂહનું શરીરથી જુદા થઇ જવું છે. ન એકે રૂહ મરી જાય છે. જે રૂહને ફના માને તે બદમઝહબ છે. [રૂહ મરતી નથી. બલ્કે શરીરથી જુદી કરવામાં આવે છે. તેને મૃત્યુ કહે છે—અનુ.]

**અકીદહ** : (૯૫) મડદું વાત પણ કરે છે અને તેની વાણીને જિન્ન અને ઈન્સાન સિવાય તમામ જાનવરો વિગેરે સાંભળે પણ છે.

**અકીદહ** : (૯૬) જ્યારે મડદાને કબરમાં દફન કરીએ છીએ ત્યારે કબર તેને દબાવે છે, જો તે મુસલમાન છે તો તેનું દબાવવું એવું હોય છે કે જાણે માં પ્યારથી પોતાના બાળકને જોરથી છાતીએ લગાવી લે છે. અને જો તે કાફિર છે તો તેને એટલા જોરથી દબાવે છે કે, એક બાજુની પાંસળીઓ બીજી બાજુએ અને બીજી બાજુની પાંસળીઓ આ બાજુએ થઈ જાય છે.

**અકીદહ** : (૯૭) જ્યારે દફન કરનારાઓ દફન કરીને ત્યાંથી ચાલવા લાગે છે તો તે તેમના પગરખાનો અવાઝ સાંભળે છે. તે વખતે તેની પાસે બે ફરિશ્તા પોતાના દાંતોથી જમીન ચીરતા આવે છે, તેમના ચેહરા બહુજ ભયાનક હોય છે. તેમના શરીરનો રંગ શ્યામ [કાળો] અને આંખો કાળી અને વાદળી અને દેગની બરાબર અને અગ્નિ ફુંકતી હોય છે અને તેમના વાળ માથાથી પગો સુધી અને તેમના દાંત કેટલાય હાથ લાંબા કે જેનાથી જમીન ચીરતા આવશે. તેઓ પૈકી એકને મુન્કિર બીજાને નકીર કહે છે. તેઓ મડદાને ઝંઝોળીને ઉઠાડે છે અને બહુજ કડકાઈ સાથે સખ્ત અવાઝમાં સવાલ કરે છે. પહેલો સવાલ, **"મન રબ્બોકા ?"** તારો રબ્બ કોણ છે ? બીજો સવાલ **"મા દીનોકા ?"** તારો દીન શું છે ? ત્રીજો સવાલ **માકુન્ત તકુલો ફી હાઝાર્રજુલ."** (આમના વિષે તું શું કહેતો

હતો ?) મદદું મુસલમાન છે તો પહેલા સવાલનો જવાબ આપશે મારો રબ્બ અલ્લાહ છે. અને બીજાનો જવાબ આપશે, મારો દીન ઈસ્લામ છે. ત્રીજા સવાલનો જવાબ આપશે. "તેઓ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ છે. તેઓ કહેશે કે તને કોણે શીખવ્યું ? તે કહેશે કે મેં અલ્લાહની કિતાબ [કુર્આન] પઢી, તેના પર ઈમાન લાવ્યો અને તેનું સમર્થન કર્યું. કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે, ફરિશ્તાઓ સવાલનો જવાબ મેળવીને કહેશે કે, અમને તો ખબર હતી કે તું આમજ કહીશ. તે વખતે આકાશમાંથી એક મુનાદી [નિદા કરનાર] નિદા કરશે કે, મારા બંદાએ સાચું કહયું, તેના માટે જન્નતનું પાથરણું પાથરો અને જન્નતનો લિબાસ પહેરાવો અને તેના માટે જન્નત તરફનો એક દરવાજો ખોલી દો. જન્નતની ખૂશ્બૂ-સુગંધ તેની પાસે આવતી રહેશે અને જયાં સુધી નજર પહોંચશે ત્યાં સુધી તેની કબર વિશાળ કરી દેવામાં આવશે અને તેને કહેવામાં આવશે, **દુલ્હાની જેમ સુઈ જા.** આ ખાસ લોકો માટે, સામાન્યતઃ છે. અને અવામમાં તેમના માટે જેમને તે ચાહે. નહિ તો કબરની વિશાળતા મરતબા પ્રમાણે વિવિધ છે. કેટલાક માટે ૭૦-૭૦ હાથ લાંબી-પહોળી અને કેટલાક માટે તે ઈચ્છે તેટલી અધિક, ત્યાં સુધી કે નજર પહોંચે ત્યાં સુધી. અને કબરમાં કેટલાકો પર તેમના પાપ પ્રમાણે અઝાબ પણ થશે. પછી તેના પીરાને ઉઝઝામ અથવા મઝહબના ઇમામ અથવા બીજા ઔલીયાએ કિરામની શફાઅત અથવા કેવળ રહેમતથી જયારે તે ઇચ્છશે, નજાત પામશે અને કેટલા ઉલમાઓએ કહ્યું: ગુનેહગાર મોમિન પર અઝાબે કબ્ર જુમ્માની રાત આવતા સુધી છે. તેના આવતાંજ ઉઠાવી લેવામાં આવશે. **વલ્લાહો તઆલા આઅલમ.** હા, એ હદીસથી સાબિત છે કે જે મુસલમાન જુમ્માની રાત્રે અથવા જુમ્માના દિવસે અથવા રમઝાન મુબારકના કોઈ પણ દિવસે મૃત્યુ પામશે, મુનકર-નકીરના સવાલ તથા કબરના અઝાબથી સુરક્ષિત રહેશે. અને આ જે ઇરશાદ થયો કે તેના માટે જન્નતની ખિડકી ખોલી દેશે. આ એવી રીતે થશે કે પ્રથમ તેના ડાબા હાથ તરફથી જહન્નમની ખિડકી ખોલશે જેની જવાળાઓ અને બળતરા અને ગરમ હવા અને ભયાનક દુર્ગંધ આવશે, તેને તત્કાળ બંધ કરી દેશે. તે પછી જમણી દિશાએથી જન્નતની ખિડકી ખોલાશે અને તેને કહેવામાં આવશે કે, જો તું આ પ્રશ્નોનો સાચો પ્રત્યુત્તર આપત નહી તો તારા માટે તે હતી અને હવે આ છે કે જેથી તે પોતાના રબ્બની નેઅમતની કદર સમજે કે કેવી મહાન બલાથી બચાવી, કેવી મહિમાશાળી નેઅમત અતા કરી.

અને મુનાફિક માટે તેનાથી વિરૂદ્ધ થશે, પ્રથમ જન્નતની ખિડકી ખોલશે કે, તેની સુગંધ ઠંડક, રાહત અને નેઅમતની ઝલક [આભા] દેખશે અને તત્કાળ બંધ કરી દેવામાં આવશે. અને દોઝખની ખિડકી ખોલી દેશે કે જેથી તેના પર તે મહા બલાની સાથે મહાહસરત [ખેદ] પણ થાય કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ન માનીને અથવા તેમની ઉચ્ચશાનમાં નજીવી ગુસ્તાખી કરીને કેવી નેઅમત ગુમાવી અને કેવી આફત પામ્યો. અને જો મદદું મુનાફિક છે તો સઘળા સવાલોના જવાબમાં કહેશે કે, **હા, હા, લાઅદ્દરી.**" (અર્થ : અફસોસ મને તો કાંઇ ખબર નથી) "**કુન્તો અસ્મઉન્નાસ યકૂલૂન શૈઅન ફઅકૂલો.**" (હું લોકોને કહેતા સાંભળતો હતો, સ્વયં પણ કહેતો હતો,) તે વખતે એક પોકારનાર આસ્માનથી પોકારશે કે એ જુઠો છે, તેના માટે આગનું બિસ્તર બિછાવો અને આગનો લિબાસ પહેરાવો અને જહન્નમની બાજુએ એક દરવાજો ખોલી દો, તેની ગરમી અને લપેટ તેને પહોંચશે અને તેના પર અઝાબ આપવા માટે બે ફરિશ્તા નિયુકત થશે. જે આંધળા અને બહેરા હશે. તેમની સાથે લોખંડનો ગુરજ હશે કે, જો પહાડ પર મારવામાં આવે તો ભસ્મ થઈ જાય, તે હથોડાથી તેને મારતા રહેશે. તદઉપરાંત સાપ તથા વિંછુ તેને અઝાબ પહોંચાડતા રહેશે. તે ઉપરાંત તેના આમાલ ઉચિત રૂપધારણ કરીને દુઃખ આપશે.

**અકીદહ** : (૯૮) અઝાબે કબ્ર હક્ક છે અને એવી રીતે જ કબરનું સુખ (પણ) હક્ક છે. અને શરીર તથા રૂહ બંને પર છે. જેવું કે ઉપર ઉલ્લેખ થઈ ગયો. શરીર જો કે સડી જાય, બળી જાય, માટી થઇ જાય પરંતુ તેના અસલી અવયવો કેયામત સુધી બાકી રહેશે, તે અઝાબ તથા સવાબના ભાગીદાર થશે અને તેમના પર જ કેયામતના દિવસે ફરીથી શરીર રચના કરવામાં આવશે. કરોડ-રજ્જુમાં તે કાંઈક એવા બારીક ઝર્રાત-અણુઓ છે જેને અજબુઝ ઝનબ કહે છે. કે જે ન કોઇ સુક્ષ્મ-દર્શક યંત્રથી દેખી શકાય છે, ન અગ્નિ તેમને બાળી શકે છે, ન જમીન તેમને સડાવી ગળાવી શકે છે. એજ શરીરનાં બીજ છે જેથી કેયામત ના દિવસે રૂહોનું પાછું ફરવું એજ શરીરમાં થશે, ન કે બીજા શરીરમાં. ઉપરના વધારાના અવયવોનું ઘટવું-વધવું, શરીરને બદલતું નથી. જેવું કે બાળક કેટલું નાનું પેદા થાય છે પછી કેટલું મોટું થઈ જાય છે. મહાકાય જવાન, બીમારીમાં ઓગળીને કેટલો ક્ષીણ થઈ જાય છે. પછી નવું માસ-લોહી આવીને પ્રથમ જેવો થઈ જાય છે. આ ફેરફારથી કોઇ કહી શકતું નથી કે માનવી બદલાઈ ગયો. એવી જ રીતે કેયામતના દિવસનું આગમન થવાનું છે. એજ માંસ અને હાડકાંઓ કે જે માટી અથવા ભસ્મ થઈ ગયા હોય તેના રજકણો કયાંય પણ ફેલાઈ ગયા હોય, રબ્બ તઆલા તેમને એકત્ર કરીને તે પ્રથમ આકૃતિ પર લાવીને, તેમને પ્રથમના મૂળ અવયવો પર રચના કરશે અને દરેક રૂહને એજ ભૂતપૂર્વ શરીરમાં મોકલશે. તેનું નામ **હશર** છે. કબરના અઝાબ તથા સુખનો ઇનકાર એજ માણસ કરશે જે ગુમરાહ છે.

**અકીદહ** : (૯૯) મુરદહ (મડદું) જો કબરમાં દફન ન કરવામાં આવે, તો તે જ્યાં પડી રહ્યું અથવા ફેંકી દેવામાં આવ્યું સારાંશ કે તે કયાંય પણ હોય, તેનાથી ત્યાંજ સવાલો થશે અને ત્યાંજ તેને સવાબ કે અઝાબ પહોંચશે. ત્યાં સુધી કે જેને સિંહ ખાઈ ગયો તો સિંહના પેટમાં સવાલ તથા સવાબ અને અઝાબ જે કાંઇ હોય તે પહોંચશે.

**મસ્અલા** : અંબિયા અલયહિમુસ્સલામ અને ઔલીયાએકિરામ તથા ઉલ્માએ દીન શહીદો તથા હાફિઝે કુર્આન કે, જે કુર્આન મજીદ પર અમલ કરતા હોય અને તેઓ જે મહોબ્બતની પદવી પર આરૂઢ હોય (વલીયુલ્લાહ) અને તે શરીર જેણે કયારેય અલ્લાહની અવજ્ઞા ન કરી અને તેઓ કે જે પોતાનો સમય દુરૂદ શરીફમાં વ્યસ્ત રાખે છે, **તેમના શરીરને માટી ખાઈ શકતી નથી.** જે માણસ અંબિયાએ કિરામ અલયહિમુસ્સલામની શાનમાં આ દુષ્ટ વાકય કહે કે, "**મરીને માટીમાં મળી ગયા**" તે કહેનાર ગુમરાહ, બદદીન, ખબીસ (દુષ્ટ) અને તૌહીન આચરનાર છે.

# મઆદ તથા હશરનું બયાન :

નિઃશંક ઝમીન તથા આકાશ અને જિન તથા ઇન્સાન તથા ફરિશ્તા સૌ એક દિવસ ફના થનાર છે. કેવળ એક અલ્લાહ તઆલા માટે નિરંતરતા અને બકા છે. દુનિયા ફના થવાથી પહેલાં, કેટલાક ચિન્હો પ્રગટ થશે. તે આ પ્રમાણે છે. ૧. ત્રણ ખસફ [ધરતીકંપ] થશે. અર્થાત આદમી જમીનમાં ધસી જશે. એક પૂર્વમાં બીજો પશ્ચિમમાં અને ત્રીજો અરબ ટાપુમાં. ૨. ઇલ્મ નષ્ટ થઈ જશે. અર્થાત ઉલ્માઓ ઉઠાવી લેવામાં આવશે. એ અર્થ નથી કે ઉલ્મા તો બાકી રહે અને તેમના દિલોમાંથી ઇલ્મ લુપ્ત કરી દેવામાં આવે. ૩. અજ્ઞાનતાનો વધારો થશે. ૪. વ્યભિચારનો વધારો થશે અને એવી નિર્લજતા સાથે વ્યભિચાર થશે જેવું કે ગધેડા સંભોગ કરે છે. નાના મોટા કોઈની મર્યાદા હશે નહિ. ૫. પુરૂષ ઓછા હશે અને સ્ત્રીઓ

અધિક ત્યાં સુધી કે એક પુરૂષના આસરા નીચે પચાસ (૫૦) સ્ત્રીઓ હશે. ૬. તે મોટા દજ્જાલ ઉપરાંત બીજા ત્રીસ દજ્જાલ થશે. કે તેઓ સૌ નુબુવ્વતનો દાઅવો કરશે, જો કે નુબુવ્વત ખતમ થઈ ગઈ છે. તેઓ પૈકી કેટલાક ભૂતકાળમાં થઇ ગયા, જેવા કે મુસૈલમા કઝઝાબ, તલીહા બિન ખુવયલિદ, અસ્વદ ઉન્સી, સજાહ નામની ઓરત કે, જે પાછળથી ઇસ્લામ લઇ આવી, મિર્ઝા ગુલામ અહમદ કાદયાની વિગેરે. અને જે બાકી છે તે અવશ્ય થશે. ૭. માલ-દૌલતની વિપુલતા થશે. ફુરાત નહેર પોતાના ખજાના ખોલી દેશે કે, તે સોનાના પહાડ હશે. ૮. અરબ દેશમાં ખેતી તથા બગીચાઓ અને નહેરો થઈ જશે. ૯. દીન-મઝહબ પર કાયમ રહેવું એટલું મુશ્કેલ થઈ જશે જેવું કે મુઠીમાં અંગારો લેવું, ત્યાં સુધી કે માણસ કબ્રસ્તાનમાં જઇને તમન્ના કરશે કે, સારૂં થાત કે હુ આ કબરમાં હોત, ૧૦. સમયમાં બરકત ન હશે ત્યાં સુધી કે વર્ષ, મહીનાની જેમ અને મહીનો, અઠવાડીયાની જેમ અને અઠવાડીયું, દિવસની જેમ અને દિવસ એવો થઈ જશે જેવું કે કોઈ ચીઝમાં આગ લાગી અને એકદમ ભડકો થઈને ખતમ થઈ ગઈ, અર્થાત બહુજ ઝડપથી સમય પસાર થશે. ૧૧. ઝકાત આપવું લોકોને ભારે પડશે કે (લોકો)તેને તાવાન (દંડ) સમજશે. ૧૨. (લોકો) ઇલ્મેદીન પઢશે. પરંતુ દીનના માટે નહી, પેટ ભરવા માટે પઢશે ૧૩. પુરૂષ પોતાની સ્ત્રીનો તાબેદાર હશે. ૧૪. માં બાપની નાફરમાની કરશે. ૧૫. પોતાના મિત્રોથી મેળ મિલાપ રાખશે અને બાપથી જુદાઇ. ૧૬. મસ્જિદમાં લોકો બરાડા પાડશે (મોટા અવાજથી ધાંટા નાખશે) ૧૭, ગાવા-વગાડવા [વાજીંત્ર]ની કસરત [અધિક્તા] થશે. (દા. ત. રેડીયો, ટેલિવિઝન વિગેરેમાં ગાયનોનું પ્રદર્શન થાય છે.) ૧૮. અગાઉના લોકો પર લોકો લાઅનત કરશે. તેમને બુરા કહેશે. ૧૯. જાનવરો આદમીથી વાત કરશે. કોરડાનો સાટકો અને બુટની દોરી વાત કરશે. તેના બજાર ગયા પછી ધરમાં જે કાંઈ થયું, તે કહેશે. બલ્કે ખૂદ માણસની સાથળ તેને ખબર આપશે. ૨૦. ઝલીલ [તુચ્છ] લોકો જેમને શરીરનું વસ્ત્ર, પગના પગરખાં નસીબ ન હતાં, મોટા મોટા પહેલો [બંગલાઓ] માં અભિમાન કરશે. ૨૧. દજ્જાલ જાહેર થશે, ચાલીસ દિવસમાં હરમયન શરીફયન [મક્કા શરીફ અને મદીના શરીફ] સિવાય સમગ્ર પૃથ્વીનું ચક્કર લગાવશે. ચાલીસ દિવસમાં, પહેલો દિવસ એક વર્ષ જેટલો હશે અને બીજો દિવસ મહીના જેટલો અને ત્રીજો દિવસ અઠવાડીયા જેટલો અને બાકીના દિવસો ચોવીસ-ચોવીસ કલાકના હશે. અને તે બહુ ઝડપથી પ્રવાસ કરશે, જેવાં કે વાદળ જેને પવન ઉડાડતો હોય. તેનો ફિત્નો બહુજ ઉગ્ર હશે, એક બાગ અને એક આગ તેની સાથે હશે. જેમના નામ જન્નત તથા દોઝખ રાખશે. જ્યાં તે જશે આ પણ તેની સાથે જશે. પરંતુ તે જે દેખવામાં જન્નત માલમ થશે તે વાસ્તવમાં આગ હશે અને જે જહન્નમ દેખાશે તે ખરેખર આરામનું સ્થાન હશે. અને તે ખુદાઇ નો દઆવો કરશે. જે તેના પર ઇમાન લાવશે તેને પોતાની જન્નતમાં નાંખશે અને જે ઇન્કાર કરશે તેને (તેની) જહન્નમમાં દાખલ કરશે. મુરદાઓને સજીવન કરશે. જમીનને આદેશ આપશે તો તે લિલોતરી ઉગાડશે, આકાશમાંથી પાણી વરસાવશે અને તે લોકોના જાનવર લાંબા-પહોળા, રૂષ્ટપુષ્ટ અને દુધાળા થઇ જશે અને વેરાન જગ્યાએ જશે તો ત્યાંના ખજાના મધમાખીઓની જેમ ટોળેટોળાં તેની સાથે થઈ જશે.

આ પ્રકારની તે કેટલીય માયાજાળ બતાવશે અને વાસ્તવમાં આ જાદુના ચમત્કાર હશે અને શયતાનના તમાશા, જેમને વાસ્તવિકતાથી કાંઈ સંબંધ નથી, એટલા માટે જ તેના ત્યાંથી જવાથી જ લોકો પાસે કાંઇ ન રહેશે. હરમયન શરીફયન [ મક્કાશરીફ-મદીનાશરીફ ] માં જ્યારે જવા ઇચ્છશે ત્યારે ફરિશ્તાઓ તેનું મુખ ફેરવી દેશે, અલબત્ત મદીના તૈયબહમાં ત્રણ ઝલઝલા [ધરતીકંપ] આવશે ત્યાં જે લોકો દેખાવના મુસલમાન બન્યા હશે અને દિલમાં કાફિર હશે અને તેઓ જે ઇલ્મેઇલાહીમાં દજ્જાલપર ઇમાન લાવી, કાફિર થનાર છે તેઓ આ ઝલઝલાઓના ભયથી શહેરની બહાર ભાગી જશે અને તેના ફિત્નામાં સપડાઈ જશે. દજ્જાલની

સાથે યહૂદની ફોજો હશે તેની પેશાની [લલાટ] પર લખેલું હશે "કાફ-ફે-રે" [અર્થાત: કાફિર] તેને દરેક મુસલમાન વાંચશે અને તે કાફિરને દેખાશે નહી. જ્યારે તે સમગ્ર જગતમાં ફરીને શામ [સિરીયા] દેશમાં જશે ત્યારે હઝરત ઈસા મસીહ અલયહિસ્સલામ આસ્માનથી દમિશ્કની જામેઅ મસ્જિદના પૂર્વીય મીનારા પર ઉતરાણ કરશે તે વખતે સવારનો સમય હશે. ફજરની નમાઝ માટે ઇકામત થઈ ગઈ હશે. **હઝરત ઈમામ મહેદીને** કે જેઓ તે જમાઅતમાં હાજર હશે તેમને ઇમામત કરવાની આજ્ઞા કરશે. હઝરત ઈમામ મહેદી [રદીયલ્લાહો અન્હો] નમાઝ પઢાવશે. તે લઈન દજ્જાલ હઝરત ઇસા અલયહિસ્સલામના શ્વાસની સુગંધથી પીગળવો શરૂ થશે, જેવું કે પાણીમાં (નિમક) મીઠું ઓગળે છે. અને તેમના શ્વાસની સુગંધ હદ્દેબસર સુધી (જ્યાં સુધી નજર) પહોંચશે તે ભાગશે તેઓ તેનો પીછો કરશે અને તેની પીઠમાં નેઝો-ભાલો મારશે, તેનાથી તે જહન્નમ રસીદ થશે.

(૨૨) હઝરત ઈસા અલયહિસ્સલામનું આસ્માનથી નુઝૂલ-ઉતરાણ કરવું, તેના વિષે સંક્ષિપ્ત કૈફિયત [થોડી જાણકારી] ઉપર માલમ થઇ ગઈ. આપના જમાનામાં માલ-મિલ્કતની અધિકતા થશે. ત્યાં સુધી કે જો કોઈ વ્યક્તિ બીજાને માલ આપશે તો તે સ્વીકારશે નહી. વળી તે જમાનામાં અદાવત તથા દ્વેષ તથા ઈર્ષા પરસ્પર બિલ્કુલ હશે નહિ. હઝરત ઈસા અલયહિસ્સલામ સલીબ [ક્રોસ] તોડશે અને ખિન્ઝીર [સુવ્વર] ને કતલ કરશે. તમામ અહલેકિતાબ જેઓ કતલ થવાથી બચી ગયા હશે તેઓ સઘળા તેમના પર ઈમાન લાવશે, સમગ્ર જગતમાં એક જ ધર્મ હશે અને તે **દીને ઈસ્લામ હશે.** અને મઝહબ એક ફક્ત અહલે સુન્નત, મઝહબ હશે. બાળકો સાંપથી રમશે અને વાઘ તથા બકરી એક સાથે ચરશે તેઓ (હઝરત ઇસા અલયહિસ્સલામ) ચાલીસ વર્ષ સુધી (દુનિયામાં) નિવાસ કરશે. નિકાહ પણ કરશે અને આપને ઔલાદ પણ થશે. વફાત પછી, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના રોઝએ અનવરમાં દફન થશે.

(૨૩) **હઝરત ઇમામ મેહદી રદીયલ્લાહો અન્હોનું પ્રગટ થવું :** તેની સંક્ષિપ્ત ઘટનાઓ એ છે કે, દુનિયામાં જ્યારે સર્વત્ર કુફ્રનું આધિપત્ય હશે તે વખતે તમામ અબ્દાલ, બલકે સઘળા ઔલિયા સર્વત્ર સ્થળોથી સમેટાઇને હરમયન શરીફયન હિજરત કરી જશે. કેવળ ત્યાંજ ઇસ્લામ હશે અને સઘળી જમીન કુફ્રસ્તાન થઈ જશે. રમઝાન શરીફનો મહીનો હશે. અબ્દાલ લોકો કા'બાના તવાફમાં લીન હશે અને હઝરત ઇમામ મેહદી પણ ત્યાં હશે. અવલિયાઓ તેમને ઓળખી જશે અને તેમનાથી બયઅતની દરખાસ્ત કરશે, તેઓ ઇન્કાર કરશે, અચાનક ગૈબથી એક અવાઝ આવશે. "**હાઝા ખલીફતુલ્લાહીલ-મહદીયો ફસ્મઉ લહુ વઅતીઉહો.** (અર્થ : આ અલ્લાહના ખલીફા મેહદી છે, તેની વાત સાંભળો અને તેનો હુકમ માનો.) સઘળા લોકો તેમના મુબારક હાથો પર બયઅત કરશે, ત્યાંથી સૌને પોતાની સાથે લઇને, શામ દેશ તરફ લઇ જશે. દજ્જાલની કતલ પછી, હઝરત ઈસા અલયહિસ્સલામને હુકમે ઈલાહી થશે કે, મુસલમાનોને તૂર પર્વત પર લઈ જાવ, એટલા માટે કે કેટલાક એવા લોકો પ્રગટ કરવામાં આવશે કે, જેનાથી લડવાની કોઈનામાં શક્તિ નથી.

(૨૪) **યાજુજ તથા માજુજનું પ્રગટ થવું :** મુસલમાનોના તૂર પહાડ પર ગયા પછી યાજુજ-માજુજ જાહેર થશે. આ એટલા પ્રમાણમાં અધિક હશે કે તેમનું પ્રથમ ટોળું બુહયરહતિબરિયા (અખાત) પર (જેની લંબાઇ દસ માઇલ હશે) જ્યારે પ્રસાર થશે તો તેનું પાણી પીને એવી રીતે સુકવી નાખશે કે, પાછળવાળું બીજુ ટોળું જ્યારે આવશે તો કહેશે કે અહીંયા કયારેય પાણી ન હતું, પછી દુનિયામાં

ફસાદ તથા કતલે આમથી જ્યારે ફુરસદ મેળવશે તો કહેશે ધરતીવાળાઓને તો કતલ કરી નાખ્યા, આવો હવે આકાશવાળાઓને કતલ કરીએ. આવું કહીને પોતાના તીર આકાશ તરફ ફેંકશે, ખુદાની કુદરત કે તેમના તીર ઉપરથી લોહીયાળ પડશે. તેઓ પોતાની એજ હરકતોમાં મશગુલ હશે અને ત્યાં પર્વત પર હઝરત ઈસા અલયહિસ્સલામ પોતાના સાથીઓ સમેત ઘેરાએલા હશે. ત્યાં સુધી કે તેમના નજીક ગાયના માથાની તે મહત્વતા હશે જે આજે તમારી નજરોમાં ૧૦૦ (સો) અશરફીઓની મહત્વતા નથી, તે વખતે હઝરત ઈસા અલયહિસ્સલામ પોતાના સાથીઓ સાથે દુઆ કરશે, અલ્લાહ તઆલા તેમની ગરદનોમાં એક પ્રકારના કીડા (જંતુ) પેદા કરી દેશે કે. ક્ષણવારમાં તેઓ સઘળાં મૃત્યુ પામશે. તેમના મૃત્યુ પછી હઝરત ઈસા અલયહિસ્સલામ પર્વતથી ઉતરશે. દેખશે કે તમામ જમીન તેમની લાશો અને દુર્ગંધથી ભરાઈ ગઈ છે. વેંત જમીન પણ ખાલી નથી. તે વખતે હઝરત ઈસા અલયહિસ્સલામ પોતાના સાથીઓ સાથે ફરીથી દુઆ કરશે. અલ્લાહ તઆલા એક પ્રકારના પક્ષીઓ મોકલશે. તેઓ તેમની લાશોને જ્યાં અલ્લાહ ચાહશે ત્યાં ફેંકી આવશે અને તેમના તીર-કમાન તથા તરકશને મુસલમાનો સાત વર્ષ સુધી બાળશે. તે પછી વર્ષા થશે કે જમીનને સમતલ કરશે અને જમીનને હુકમ થશે કે, પોતાના ફળો ઉગાડ અને પોતાની બરકતો ઓકવી નાખ અને આકાશને આજ્ઞા થશે કે પોતાની બરકતો ઠાલવી દે, તો એ હાલત થશે કે એક દાડમને એક જમાઅત ખાશે અને તેની છાલના છાંયડામાં દસ માણસો બેસશે અને દૂધમાં એવી બરકત થશે કે, એક ઉંટણીનું દૂધ એક જમાઅતને કાફી થશે અને એક ગાયનું દૂધ કબીલા ભરને અને એક બકરીનું દૂધ સમસ્ત ખાનદાનને પુરતું થઈ પડશે.

**(૨૫) ધુમાડો જાહેર થશે :** કયામતના નજીક એક ધુમાડો પ્રગટ થશે, તેના કારણે જમીનથી આસ્માન સુધી અંધકાર છવાઈ જશે.

**(૨૬) દાબ્બતુલ અર્દનું નીકળવું :** આ એક જાનવર છે. તેના હાથમાં હઝરત મુસા અલયહિસ્સલામનો અસો (હાથમાં પકડવાની લાકડી) અને હઝરત સુલયમાન અલયહિસ્સલામની વિંટી હશે, તે **અસાથી** દરેક મુસલમાનની પેશાની પર એક નુરાની નિશાની બનાવશે. અને વિંટીથી દરેક કાફિરના લલાટ પર એક સખત કાળો ડાઘ પાડશે, તે વખતે તમામ મુસલમાન તથા કાફિર સ્પષ્ટ રીતે જાહેર થશે. આ ચિનહ કયારેય બદલાશે નહી, જે કાફિર છે તે કદાપિ ઈમાન લાવશે નહિ અને જે મુસલમાન છે તે હંમેશાં ઈમાન પર કાયમ રહેશે.

**(૨૭) સૂરજનું પશ્ચિમથી ઉદય થવું :** આ નિશાની જાહેર થતાં જ તૌબાનો દરવાજો બંધ થઈ જશે. તે વખતનો ઈસ્લામ સ્વીકાર માન્ય રાખવામાં આવશે નહિ (૨૮) સૈયદના ઈસા અલયહિસ્સલામની વફાતના થોડા સમય પછી કે જયારે કયામત સ્થાપિત થવાને કેવળ ચાલીસ વર્ષ બાકી રહેશે. એક સુગંધિત ઠંડી હવા ચાલશે જે લોકોની બગલો નીચેથી પસાર થશે. જેની અસર એ થશે કે મુસલમાનની રૂહ કબ્ઝ થઈ જશે અને દુનિયામાં કાફિર જ કાફિર રહી જશે અને તેમના પરજ કયામત કાયમ થશે.

આ કેટલીક નિશાનીઓ બયાન કરવામાં આવી, તે પૈકી કેટલીક ઘટિત થઈ ગઈ અને કેટલીક બાકી છે, જ્યારે આ નિશાનીઓ પૂર્ણ થઈ જશે અને મુસલમાનોની બગલોની નીચેથી તે સુગંધિત હવા પસાર થઈ જશે જેનાથી સઘળા મુસલમાનોની વફાત થઈ જશે. પછી જ્યારે તે ચાલીસ વર્ષનો ગાળો એવો વિતી જશે કે તેમાં કોઇને સંતાન થશે નહિ. અર્થાત ચાલીસ વર્ષથી ઓછી વયનો કોઈ

રહેશે નહી અને જગતમાં કાફિર જ કાફિર હશે, "અલ્લાહ" કહેનાર કોઈ હશે નહી. કોઇ પોતાની દીવાલ લીંપતુ હશે. કોઇ ખાણું ખાતું હશે, સારાંશ કે લોકો પોતપોતાના કામોમાં મશગૂલ હશે કે, ઓચિંતુ હઝરત ઈસરાફીલ અલયહિસ્સલામ ને સૂર ફુંકવાનો હુકમ થશે. આરંભમાં તેનો અવાજ સૂક્ષ્મ હશે અને પછી ધીમે ધીમે બહુ જ ઉગ્ર થઈ જશે, લોકો કાન લગાવી તેનો અવાજ સાંભળશે અને બેહોશ થઈને પટકાઈ પડશે અને મૃત્યુ પામશે. આકાશ, જમીન, પહાડ ત્યાં સુધી કે "સૂર" અને ઈસરાફીલ અને સઘળા ફરિશ્તા ફના થઈ જશે, તે વખતે તે વાહિદે હકીકી (અલ્લાહ) સિવાય કોઇ ન હશે. તે ફરમાવશે. "લે મનિલ-મુલ્કુલયૌમ ? આજે કોની બાદશાહત છે, કયાં છે મહાશક્તિશાળીઓ ? કયાં છે અભિમાનીઓ ? પરંતુ છે કોણ કે જવાબ આપે, પછી ખુદજ ફરમાવશે. "લિલ્લાહિલ વાહેદિલ કહહાર" કેવળ અલ્લાહ વાહિદ-કહહારની સલતનત છે." પછી જયારે અલ્લાહ તઆલા ચાહશે, ત્યારે ઈસરાફીલ ને જીવંત કરશે અને સૂરને ઉત્પન્ન કરીને બીજીવાર સૂર ફુંકવવાનો હુકમ આપશે. સૂર ફુંકતાજ સઘળા અગાઉના તથા પાછળના ફરિશ્તાઓ તથા ઈન્સ.નો, જિન્નો તથા જાનવરો ઉપસ્થિત થઈ જશે. સૌથી પહેલાં હુઝૂરે અનવર સલ્લાહો અલયહે વસલ્લમ પોતાની કબ્ર મુબારકથી એવી રીતે બહાર નીકળશે કે, જમણા હાથમાં હઝરત સિદ્દીકે અકબર (રદીયલ્લાહો અન્હો)નો હાથ અને ડાબા હાથમાં હઝરત ફારૂકે આઝમ (રદીયલ્લાહોઅન્હો)નો હાથ હશે. પછી મક્કા મોઅઝઝમાં તથા મદીના તૈયેબહની કબ્રોમાં જેટલાં મુસલમાન દફન છે, સૌને પોતાની સંગાથે લઈને હશરના મયદાનમાં તશરીફ લઈ જશે.

**અકીદહ :** (૧૦૦) કેયામત બેશક કાયમ થશે, તેનો ઈન્કાર કરનાર કાફિર છે.

**અકીદહ :** (૧૦૧) હશર કેવળ રૂહનો નથી બલ્કે રૂહ તથા શરીર બંનેનો છે, જે એમ કહે કે કેવળ રૂહો ઉઠશે. શરીરો જીવંત થશે નહિ તે પણ કાફિર છે.

**અકીદહ :** (૧૦૨) દુનિયામાં જે રૂહ, જે શરીર સાથે સંબંધિત હતી તે રૂહનો હશર એજ શરીરમાં થશે, એવું નહિ કે, કોઈ નવું શરીર ઉત્પન્ન કરીને, તેની સાથે રૂહ જોડી દેવામાં આવશે.

**અકીદહ :** (૧૦૩) શરીરના અવયવો જો કે મૃત્યુ પછી વિખુટા પડી ગયા અને વિવિધ જાનવરોનો ખોરાક થઇ ગયા, પરંતુ અલ્લાહ તઆલા તે સઘળા અવયવો (અંશો) ને એકત્ર કરીને કેયામતના દિવસે ઉઠાવશે. કેયામતના દિવસે લોકો પોતપોતાની કબ્રોથી નગ્ન શરીરે, ઉઘાડાપગે, ખત્ના વગરના ઉઠશે, કોઈ પગપાળા, કોઈ સવાર અને તેઓમાં કેટલાક એકલા સવાર હશે અને કોઈ સવારી પર બે, કોઇ પર ત્રણ, કોઈ પર ચાર, કોઈ પર દસ હશે, કાફિર ઉંધા મોઢે ઢસડાતો હશરના મેદાનમાં આવશે, કોઇને ફરિશ્તાઓ ઢસડીને લઇ જશે, કોઇને આગ એકત્ર કરશે, આ હશરનું મયદાન શામ દેશની જમીન પર સ્થાપિત થશે. જમીન એવી સમતલ હશે કે, આ કિનારા પર રાઈનો દાણો પડી જાય તો બીજા કિનારાથી દેખી શકાય. તે દિવસે જમીન તાંબાની હશે અને સૂરજ એક મીલ-માઇલના અંતરે હશે. હદીસના રાવીએ ફરમાવ્યું : "ખબર નથી કે માઈલથી મુરાદ સુરમાની સળી છે અથવા પ્રવાસનો માઈલ ? ' જો યાત્રાનો માઈલ હોય તો પણ શું અધિક અંતર છે કે, અત્યારે ચાર હજાર વર્ષના માર્ગના ફાસલા (અંતર) પર છે અને આ તરફ સૂરજની પીઠ છે તે છતાં પણ જયારે મધ્યાન્હ આવી જાય છે ત્યારે ઘરથી બહાર નીકળવું ભારે થઈ જાય છે, તો તે વખતે કે જયારે એક માઇલના અંતરે હશે અને તેનું મુખ આ તરફ હશે, તો તેના તાપ અને ગરમીનો શું હાલ હશે ? અને અત્યારે માટીની જમીન છે, પરંતુ ઉનાળાની ગરમીમાં જમીન પર પગ મુકી શકતો નથી, તો તે વખતે કે જયારે જમીન તાંબાની હશે અને સૂરજ

એટલો નિકટ હશે તો તેનો તાપકોણ વર્ણવી શકે? અલ્લાહ પનાહમાં રાખે ભેજાં ઉકળતા હશે અને એટલા પ્રમાણમાં પરસેવો નીકળશે કે સિત્તેર ગજ જમીનમાં શોષાઈ જશે. પછી જે પરસેવો જમીન શોષી શકશે નહી તે ઉપર ચઢશે, કોઈના ઘૂંટી સુધી હશે તો કોઈના ઘૂંટણ સુધી, કોઈ કોઇની છાતી સુધી, કોઇના ખભા સુધી અને કાફિરના તો મોઢા સુધી ચઢીને લગામની જેમ જકડી લેશે. જેમાં તે ડુબકીયો ખાશે, આ ગરમીની હાલતમાં તૃષાની જે કેફીયત હશે તે વર્ણનથી બહાર છે. જીભો સુકાઈને કાંટો થઈ જશે, કેટલાકોની જીભો મોઢાની બહાર નીકળી પડશે, હૃદય ઉભરાઇને ગળા સુધી આવી જશે. દરેક માણસ ગુનાહના પ્રમાણમાં તકલીફમાં સપડાવવામાં આવશે, જેણે સોના-ચાંદીની જકાત ન આપી હશે તે માલને ખૂબ ગરમ કરીને તેના પડખા, પીઠ તથા પેશાની પર ડામ દેવામાં આવશે. જેણે જાનવરોની ઝકાત ન આપી હશે તેના જાનવર કેયામતના દિવસે ખૂબ રૂષ્ટ પુષ્ટ થઈને આવશે અને તે માણસને ત્યાં સુવાડશે અને તે જાનવર પોતાના શીંગડાઓથી મારતા અને પગોથી કચડતા તેના ઉપરથી પસાર થશે. જ્યારે સઘળા આવી રીતેપસાર થઈ જશે પછી તે બાજુએથી પાછા આવી એમજ તેના ઉપરથી પસાર થશે. આવી રીતે કરતા રહેશે ત્યાં સુધી કે લોકોના હિસાબ કિતાબ થઇ જાય. આવી મુસીબતો છતાં કોઇ કોઇનો મદદગાર ન હશે, ભાઈથી ભાઈ ભાગશે. માંબાપ ઔલાદથી પીછો છોડાવશે. બીવી-બચ્ચાં અલગ જીવ ચોરાવશે. દરેક પોતપોતની મુસીબતમાં ગિરફતાર હશે. કોણ કોનો મદદગાર થાય, હઝરત આદમ અલયહિસ્સલામને હુકમ થશે : અય આદમ ! દોઝખીઓની જમાઅત અલગ કર. અર્ઝ કરશે કેટલામાંથી કેટલા છુટાપાડું, ? ઈરશાદ થશે : દરેક હજારમાંથી નવસો નવ્વાણું છુટાપાડ. આ તે સમય હશે કે બાળકો ચિંતાના માર્યા વૃદ્ધ થઈ જશે, સગર્ભાનો હમલ પડી જશે, લોકો એવા દેખાશે કે જાણે નશાની હાલતમાં છે. જોકે નશામાં હશે નહિ. પરંતુ અલ્લાહનો અઝાબ બહુ સખત છે. તાત્પર્ય કે કયી કયી મુસીબતનું વર્ણન કરવામાં આવે. એક હોય, બે હોય, સો હોય, હજાર હોયતો કોઈ બયાન પણ કરે હજારો કષ્ટો અને તે પણ એવા ઉમકે અલ્લાહની પનાહ અને આ સઘળી તકલીફો બે ચાર કલાક, બે ચાર દિવસ, બે ચાર મહીનાની નથી બલ્કે કેયામતનો દિવસ કે જે પચાસ હજાર વર્ષનો એક દિવસ હશે, તે દિવસના અર્ધો દિવસ ગુજરી ગયાની છે. અને હજી સુધી મહશર વાળાઓ એજ સ્થિતિમાં છે, હવે પરસ્પર વિચારણા કરશે કે, આપણે કોઈ સિફારશી શોધીએ કે, અમને આ મુસીબતોથી છુટકારો અપાવે. અત્યાર સુધી તો એજ ખબર પડતી નથી કે છેવટે આપણે કયી બાજુએ જવું છે. આ મશવરાથી એવું નક્કી થયુ, કે હઝરત આદમ અલહિસ્સલામ આપણા સૌના બાપ છે. અલ્લાહતઆલાએ તેમને પોતાની કુદરતથી બનાવ્યા છે અને જન્નતમાં રહેવાની જગ્યા આપી અને નુબુવ્વતના મરતબાથી સન્માનિત કર્યા છે. તેમની ખિદમતમાં હાજર થવું જોઈએ, તેઓ આપણને આ મુસીબતથી મુક્તિ અપાવશે. સારાંશકે પડતા, આખડતા કેટલીય મુશ્કેલીઓથી તેમની પાસે હાજર થશે. અને વિનંતી કરશે કે, અય આદમ અલયહિસ્સલામ ! આપ અબૂલ બશર (માનવપિતા) છો, અલ્લાહે આપને પોતાની કુદરતથી બનાવ્યા અને પોતાની ચુંટીકાઢેલ રૂહ આપના શરીરમાં નાખી અને ફરિશ્તાઓથી આપને સિજદો કરાવ્યો અને આપને જન્નતમાં રાખ્યા. સઘળી ચીઝોનાં નામ આપને શીખડાવ્યા. આપને "સફી" બનાવ્યા, આપ દેખતા નથી કે, અમે કયી હાલતમાં છીએ ? આપ અમારી શફાઅત કરો કે અલ્લાહ તઆલા અમને આમાંથી છુટકારો કરે. **આપ ફરમાવશે :** મારો એ મરતબો નથી. મને આજે પોતાના જીવની ફિકર છે. આજે રબ્બ તઆલાએ એવો ગઝબ ફરમાવ્યો છે કે, આથી પહેલા કયારેય આવો ગઝબ ફરમાવ્યો ન હતો અને ન ભવિષ્યમાં હશે. તમે કોઈ બીજા પાસે જાવ લોકો પૂછશે : અમે કોની પાસે જઈએ ? આપ ફરમાવશે કે, નૂહ (અલયહિસ્સલામ) પાસે જાવ કે, તેઓ પ્રથમ રસૂલ છે કે, જે જમીનપર હિદાયત માટે મોકલવામાં આવ્યા. લોકો એજ હાલતમાં હઝરત નૂહ અલયહિસ્સલામની ખિદમતમાં હાજર થશે.

અને તેમના ફઝાઈલ બ્યાન કરીને વિનંતી કરશે : આપ પોતાના રબ્બની સમક્ષ અમારી શફાઅત કરો કે તે અમારો ફેંસલો કરી દે. અહીંયાથી પણ એજ જવાબ મળશે કે, હું એ લાયક નથી. મને મારી પડી છે, તમે કોઈ બીજા પાસે જાવ. લોકો અરજ કરશે કે આપ અમોને કોની પાસે મોકલો છો. આપ ફરમાવશે : તમે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ પાસે જાવ કે તેમને અલ્લાહ તઆલાએ ખલીલના મરતબાથી સન્માનિત કર્યા છે. લોકો અહીં હાજર થશે, તેઓ પણ એજ જવાબ આપશે કે, હું તેના કાબિલ નથી. મને મારો અંદેશો છે. તાત્પર્ય કે તેઓ હઝરત મુસા અલયહિસ્સલામની ખિદમતમાં મોકલશે. ત્યાં પણ એજ જવાબ મળશે. પછી હઝરત મુસા અલયહિસ્સલામ, હઝરત ઇસા અલયહિસ્સાલામની પાસે મોકલશે. તેઓ પણ એજ ફરમાવશે કે મારાથી આ કામ થાય તેમ નથી. આજે મારો રબ્બ એટલો ગજબમાં છે કે આથી પહેલાં કયારેય ન હતો. મને મારા જીવનો ડર છે. તમે કોઈ બીજા પાસે જાવ. લોકો અરજ કરશે : આપ અમોને કોની પાસે મોકલો છો, તેઓ ફરમાવશે : તમે તેમના હુઝૂર હાજર થાવ, જેમના હાથો પર વિજય મુકવામાં આવ્યો છે. જે આજે નિર્ભય છે અને તેઓ તમામ ઔલાદે આદમના સરદાર છે. તમે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થાવ, તેઓ ખાતમુન્નબીય્યીન છે. તેઓ આજે તમારી શફાઅત કરશે. તેમનાજ સમક્ષ હાજર થાવ. તેઓ અહિં હાજર છે." હવે લોકો ફરતા ફરતા, ઠોકરો ખાતા, રડતા-કકડતા, દુહાઈ દેતા આપની બારગાહે બેકસ પનાહમાં હાજર થઈ, અરજ કરશે કે અય મુહમ્મદ : (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અય અલ્લાહના નબી ! હુઝૂરના હાથો પર અલ્લાહ અઝઝોજલ્લે વિજય મુકયો છે. આજે હુઝૂર નિશ્ચિંત છે. તદઉપરાંત (અહલે મહશર) બીજા કેટલાએ ફઝાઈલ બ્યાન કરીને અર્ઝ કરશેઃહુઝૂર ! અમારી પ્રત્યે દેખો, અમે કેવી મુસીબતમાં છીએ, અને અમારી કેવી હાલત થઈ છે ? હુઝૂર બારગાહે ખુદાવંદીમાં અમારી શફાઅત કરો અને અમને આ આફતથી નજાત અપાવો." જવાબમાં ઈરશાદ ફરમાવશે. **અના લહા** (હું આ કામ માટે છું). **"અના સાહેબોકુમ"** (હું તેજ છું જેને તમો તમામ જગ્યાએ શોધી આવ્યા) આમ ફરમાવી, બારગાહે ઇઝઝતમાં હાજર થશે અને સિજદો કરશે. અલ્લાહ તરફથી ઈરશાદ થશે : **"યા મુહમ્મદો ઈર્ફઅ રાસકા વ કુલ તુસ્મઓ વ સલ તુઅતહ વશ્ફઅ તોશફફઅ.** (અર્થ : અય પ્યારા મુહમ્મદ પોતાનું માથું ઉઠાવો અને કહો, તમારી વાત સાંભળવામાં આવશે અને માંગો, જેકાંઈ માંગશો મળશે અને શફાઅત કરો તમારી શફાઅત મકબૂલ (સ્વીકાર્ય) છે.) બીજી રિવાયતમાં છે **"વકુલ તુતઅ"** ફરમાવો, તમારી એતાઅત કરવામાં આવશે. પછીતો શફાઅતનો સિલસિલો શરૂ થઈ જશે. ત્યાં સુધી કે જેના દિલમાં રાઇના દાણાથી ઓછામાં ઓછું પણ ઈમાન હશે તેના માટે પણ શફાઅત ફરમાવી તેને જહન્નમથી કાઢશે. ત્યાં સુધી કે જે સાચા હૃદયથી મુસલમાન થયો, જોકે તેની પાસે કોઈ નેક અમલ નથી, તેને પણ દોઝખથી કાઢશે. હવે તમામ અંબિયાઓ પોતાની ઉમ્મતની શફાઅત કરશે. ઔલિયાએ કિરામ, શોહદા, ઉલ્મા, હાફીઝો, હાજીઓ, બલ્કે દરેક તે વ્યક્તિ જેને કોઇ દીની મનસબ (પદવી) પ્રાપ્ત થયો તે પોત પોતાના સંબંધિતોની (ખુદાએપાકથી) શફાઅત કરશે. નાબાલિગ બાળકો જે મરી ગયા છે તેઓ પોતાના માં બાપની શફાઅત કરશે. ત્યાં સુધી કે ઉલ્માની પાસે આવીને કેટલાક લોકો અરજ કરશે કે, અમોએ આપના વુઝૂ માટે ફલાણાં સમયે, પાણી ભરી આપ્યું હતું. કોઇ કહેશે કે, મેં આપને ઇસ્તિંજા માટે ઢેફો આપ્યો હતો, ઉલ્માઓ, તે લોકો સુદ્ધાંની (ખુદાએ પાકથી) શફાઅત કરશે.

**અકીદહ** : (૧૦૪) હિસાબ હક્ક છે. અઅમાલનો હિસાબ થવાનો છે,

**અકીદહ** : (૧૦૫) હિસાબનો મુન્કિર કાફિર છે, કોઈથી તો એવી રીતે હિસાબ લેવામાં આવશે કે ગુપ્તરીતે તેને પૂછવામાં આવશે : તેં આ કર્યું અને તે કર્યું : તે અરજ કરશે : હા, હે રબ્બ. ત્યાં

સુધી કે સઘળા ગુનાહોનો સ્વીકાર કરી લેશે. હવે તે પોતાના મનમાં સમજશે કે, "હવે આવી બન્યું," (પરતું) અલ્લાહ ફરમાવશે કે, અમોએ દુનિયામાં તારા અયબ છુપાવ્યા અને હવે (તને) બખ્શી દઇએ છીએ, કોઈથી સખ્તી સાથે એક એક વાતની પૂછપરછ થશે, જેનાથી આવી રીતે સવાલ થયા, તે હલાક થયો, કોઈને ફરમાવશે : અય ફલાણા ! શું મેં તેને ઈજ્જત આપી ન હતી ? તને સરદાર ન બનાવ્યો અને તારા માટે ઘોડા અને ઉંટ વિગેરેને વશ ન કર્યા ? તે ઉપરાંત ખુદાએપાક બીજી નેઅમતો યાદ દેવડાવશે, તે માણસ અરજ કરશે : હા. તે સર્વ કાંઈ આપ્યું હતું. પછી અલ્લાહ ફરમાવશે ? તો શું તું એમ સમજતો હતો કે, "મારાથી મળવું પડશે ?" તે કહેશે કે, ના, એવો મારો ખ્યાલ ન હતો, અલ્લાહ ફરમાવશે : તો જેવી રીતે તેં અમને યાદ ન કર્યો (એવી રીતે) અમે પણ તને અઝાબમાં નાંખીએ છીએ. કેટલાક કાફિરો એવા પણ હશે કે જ્યારે (તેમને) નેઅમતો યાદ દેવડાવી, અલ્લાહ ફરમાવશે કે તેં શું કર્યું ? તે અરજ કરશે કે, તારાપર અને તારી કિતાબપર અને તારા રસુલો પર ઈમાન લાવ્યો, નમાઝો પઢી, રોઝા રાખ્યા, સદકા આપ્યા, અને તે ઉપરાંત જ્યાં સુધી બની શકશે નેક કામોનો ઉલ્લેખ કરી જશે. અલ્લાહનો ઈરશાદ થશે; તો સારૂં. તું થોભી જા. તારા પર સાક્ષીઓ કજુ કરવામાં આવશે. તે પોતાના મનમાં વિચારશે, મારા પર કોણ સાક્ષી અપશે. ત્યારે તેના મોઢા પર સીલ મારી દેવામાં આવશે. અને તેના અવયવોને આજ્ઞા થશે કે, બોલતા જાવ, તે વખતે તેની સાથળ અને હાથ પગ, માંસ, ચામડી અને હાડકાં સૌ સાક્ષી આપશે કે આતો આવો હતો, તેવો હતો, તેને જહન્નમમાં નાંખી દેવામાં આવશે. નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : મારી ઉમ્મતમાંથી ૭૦ હજાર વગર હિસાબે જન્નતમાં દાખલ થશે. અને તેમના તુફૈલમાં દરેકની સાથે ૭૦ હજાર દાખલ થશે. અને રબ્બ તઆલા તેમની સાથે ત્રણ જમાઅતો બીજી આપશે, ખબર નથી કે દરેક જમાઅતમાં કેટલા હશે. તેની ગણત્રી એજ જાણે. તહજ્જુદ પઢનાર વગર હિસાબે જન્નતમાં જશે. આ ઉમ્મતમાં તે વ્યક્તિપણ હશે જેના ૯૯ દફતર (ચોપડા) ગુનાહોના હશે અને દરેક દફતર એટલું લાંબુ હશે જ્યાં સુધી નજર પહોંચે, તે સઘળાં ખોલવામાં આવશે, અલ્લાહ તઆલા ફરમાવશે : આ પૈકી કોઈ કાર્યનો તને ઈન્કાર છે ? મારા ફરિસ્તા કિરામિન-કાતિબીને તારા પર ઝુલ્મ તો કર્યો નથી ને ? અરજ કરશે : નહી. પછી અલ્લાહ ફરમાવશે : તારી પાસે કોઈ ઉઝર (બહાનું) છે. તે અરજ કરશે, નહિ, મારા રબ્બ, અલ્લાહ ફરમાવશે હા, તારી એક નેકી અમારી સમક્ષ છે. અને તારા પર આજે ઝુલ્મ (અત્યાચાર) થશે નહિ. તે વખતે એક કાગળનો ટુકડો જેમાં "અશ્હદો અલ્લાઇલાહા ઇલ્લલ્લાહુ વ અશ્હદોઅન્ન મુહમ્મદન અબ્દોહુ વ રસૂલોહ." લખેલું હશે, કાઢવામાં આવશે અને હુકમ થશે આને લઈજા અને તોલ કરાવ, તે અરજ કરશે : "હે રબ્બ ! આ ટુકડો તે દફતરોની સરખામણીમાં શું હેસિયત ધરાવે છે ?" અલ્લાહ ફરમાવશે : "તારા પર ઝુલ્મ થશે નહિ." પછી ત્રાજવાના એક પલ્લામાં આ સઘળા દફતર મુકવામાં આવશે, અને એક પલ્લામાં તે પરચો (ટુકડો) મુકવામાં આવશે. એ પરચો તે દફતરોથી ભારે થઈ જશે. તાત્પર્ય કે તેની રહેમતની કોઈ હદ નથી. જેના પર રહેમ કરે થોડી ચીઝ પણ બહુજ વિપૂલ છે.

અકીદહ : (૧૦૬) કેયામતના દિવસે દરેક માનવીને તેનું આઅમાલ નામું આપવામાં આવશે. નેક લોકોના જમણા હાથમાં અને બદ-દુષ્ટ લોકોના ડાબા હાથમાં, કાફિરની છાતી તોડીને તેનો ડાબો હાથ તેની પીઠ પાછળ કાઢવામાં આવશે.

અકીદહ : (૧૦૭) હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને હૌઝે કૌસર આપવામાં આવ્યો, તે હક્ક છે. તે હૌઝની લંબાઈ એક મહીનાનો માર્ગ છે, તેના કિનારાઓ પર મોતીના કુબ્બા

છે. ચારે ખૂણા સરખા, તેની માટી અતિશય સુગંધીત મુશ્કની છે. તેનું પાણી દૂધ કરતાં અધિક શ્વેત, મધથી વધારે મીઠું અને કસ્તુરી કરતાં વધુ પાકીઝા છે. તેના પરના વાસણો તારાઓ કરતા પણ ગણત્રીમાં વધારે છે. જે તેનું પાણી પીશે કયારેય પ્યાસો તૃષાતુર થશે નહિ. તેમાં જન્નતમાંથી બે ચશ્મા (ઝરણા) વહેતા રહે છે, તે પૈકી એક સોનાનો છે અને બીજો ચાંદીનો છે.

**અકીદહ** : (૧૦૮) મીઝાન (ત્રાજવું) હક્ક છે. તેના પર લોકોના નેક અને બદ અઅમાલ તોલવામાં આવશે. નેકીનું પલ્લું ભારે હોવાનો એ અર્થ છે કે, ઉંચે જશે. દુનિયા જેવો મામલો નથી કે, જે ભારે હોય છે તે નીચે નમે છે.

**અકીદહ** : (૧૦૯) હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને અલ્લાહ તઆલા મકામે મહમૂદ અતા કરશે કે, તમામ અગાઉના તથા પાછળના બધા હુઝૂરની પ્રશંસા કરશે.

**અકીદહ** : (૧૧૦) હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એક ઝંડા અર્પણ થશે, જેને "લેવાએ હમ્દ" કહે છે. તમામ મોમિનો, હઝરત આદમ અલયહિસ્સલામથી લઈને અંત સુધી સૌ તેની જ નીચે હશે.

**અકીદહ** : (૧૧૧) સિરાત હક્ક છે. આ એક પુલ છે કે જે જહન્નમની પીઠ પર સ્થાપિત કરવામાં આવશે. તે વાળથી વધારે બારીક અને તલવારથી વધારે તેજ હશે જન્નતમાં જવાનો એજ રસ્તો છે. સૌથી પહેલાં, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તેની પરથી પસાર થશે પછી બીજા અંબિયા તથા મુરસલીન, પછી આ ઉમ્મત, પછી બીજી ઉમ્મતો પસાર થશે. અઅમાલ પ્રમાણે પુલસિરાત પર લોકો વિવિધ રીતે પસાર થશે. કેટલાકો તો એવી ઝડપથી પસાર થશે કે, જાણે વિજળીનો ચમકાર કે હમણાં ચમકી અને તરત જ લુપ્ત થઈ ગઈ. કેટલાક તેજ હવાની જેમ, કોઈ એવી રીતે જેવી રીતે પક્ષી ઉડે છે અને કેટલાક ઘોડાની દોડ માફક અને કેટલાક એવી રીતે કે જેમ આદમી દોડે છે. ત્યાં સુધી કે કેટલાક માણસો નિતંબ પર ઢસડાતા અને કોઈ કીડીની ચાલે પસાર થઈ જશે. પુલ સિરાતની બંને બાજુએ મોટા-મોટા આંકડા (અલ્લાહ જ જાણે કે તે કેટલા મોટા હશે) લટકતા હશે. જે વ્યક્તિ માટે હુકમ થશે તેને પકડી લેશે, પરંતુ કેટલાક તો ઝખ્મી થઈને નજાત પામશે અને કેટલાકોને જહન્નમમાં ફેંકી દેશે, અને તે હલાક થયો. આ સઘળા મહેશરવાળાઓ તો પુલ પરથી પસાર થવામાં મશગુલ હશે, પરંતુ તે બેગુનાહ, ગુનાહગારોના શફીઅ પુલસિરાતના કિનારે ઉભેલ અતિશય આક્રંદથી પોતાની ગુનેહગાર ઉમ્મતની નજાત (મુક્તિ)ની ચિંતામાં પોતાના રબ્બથી દુઆ કરી રહ્યા છે; "રબ્બે સલ્લિમ-સલ્લિમ." ઈલાહી આ ગુનેહગારોને બચાવીલે બચાવીલે. ફક્ત આ એકજ જગ્યાએ નહી, બલ્કે હુઝૂર તે દિવસે સઘળા સ્થળે ફેરો લગાવતા રહેશે. કયારેક મીઝાન પર તશરીફ લઈ જશે ત્યાં જેની નેકીઓમાં કમી દેખાશે તેની શફાઅત કરી નજાત અપાવશે. અને તુરતજ દેખો તો આપ હૌઝે કૌસર પર પણ હાજર છે ત્યાં તરસ્યાઓને તૃપ્ત કરી રહ્યા છે અને ત્યાંથી પુલ (સિરાત) પર ઉપસ્થિત થયા અને પડતાઓને બચાવ્યા. તાત્પર્યકે દરેક સ્થળે આપનીજ દુહાઇ, દરેક માણસ તેમનેજ પોકારતો, તેમનેજ ફરીયાદ કરે છે. અને તેમના સિવાય કોને પોકારે કે દરેક તો પોતાની ચિંતામાં છે, બીજાઓની શી ખબર કાઢે. કેવળ એકજ આ તે જેમને પોતાની કાંઈ ચિંતા નથી અને સમસ્ત સૃષ્ટિનો ભાર તેમના પવિત્ર માથે છે.

**સલ્લલ્લાહો તઆલા અલૈહે વ અલા આલેહિ વ અસ્હાબેહિ વબારક વ સલ્લમ. અલ્લાહુમ્મા નજજેના મિન અહવાલિલ-મહશરે બેજાહે હાઝન્નબીયીલ-કરીમ. અલૈહે વ અલા આલેહિ અફઝલુસ્સલાતે વત્તસ્લીમ. આમીન.**

આ કેયામતનો દિવસ કે, વાસ્તવમાં કેયામતનો દિવસ છે. જે પચાસ હજાર વર્ષનો દિવસ હશે. જેના કષ્ટો અસંખ્ય હશે. અલ્લાહના જે ખાસ બંદાઓ છે તેમના માટે એટલો હલકો કરી દેવામાં આવશે કે એવું માલૂમ પડશે કે આમાં આટલો સમય વ્યતિત થયો જેટલો એક સમયની ફર્ઝ નમાઝમાં વ્યતિત થાય છે બલ્કે એનાથી પણ ઓછો ત્યાં સુધી કે કેટલાકો માટે તો પલક મારવામાં સઘળો દિવસ પસાર થઈ જશે. **વમા અમ્રુસ્સાઅતે કલમ્હીલ-બસરે અવ-હુવા અકરબ.** આ કેયામતનો મઆમલો નથી પરંતુ જાણે પલક ઝબકવું બલ્કે એનાથી પણ ઓછુ. મુસલમાનોને તે દિવસે જે સૌથી ઉચ્ચ નેઅમત મળશે. તે અલ્લાહનો દીદાર છે કે, આ નેઅમતની બરાબર બીજી કોઈ નેઅમત નથી, જેને એક વખત દીદાર પ્રાપ્ત થશે તે નિરંતર તેના શોખમાં લીન રહેશે અને ક્યારેય ભૂલશે નહી. સૌથી પહેલાં અલ્લાહનો દીદાર હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને નસીબ થશે. અહીં સુધી તો હશરને સંક્ષિપ્ત અહેવાલ બયાન કરવામાં આવ્યો. આ તમામ સમસ્યાઓ પછી હવે તેને નિરંતરતાના ઘરમાં જવું છે. કોઇને આરામનું ઘર મળશે જેની સુખ સમૃદ્ધિની કોઈ હદ નથી, તેને જન્નત કહે છે અથવા કોઈને તકલીફના ઘરમાં જવું પડશે, જેની તકલીફની કોઇ હદ નથી, તેને જહન્નમ કહે છે.

અકીદહ : (૧૧૨) જન્નત અને દોઝખ હક્ક છે. તેનો ઇન્કાર કરનાર કાફિર છે.

અકીદહ : (૧૧૩) જન્નત તથા દોઝખની ઉત્પત્તિને હજારો વર્ષ થયા અને તેઓ હજુ મૌજુદ છે. એવું નથી કે, તે સમય સુધી મખલૂક પયદા થએલ ન હોય અને કેયામતના દિવસે બનાવવામાં આવશે. (બલ્કે તે પેદા થઈ ગએલી જ છે—અનુ)

અકીદહ : (૧૧૪) કેયામતના તથા બઅસ તથા હશર તથા હિસાબ તથા સવાબ તથા અઝાબ તથા જન્નત તથા દોઝખ સઘળાનો એજ અર્થ છે જે મુસલમાનોમાં મશહૂર છે, જે વ્યક્તિ આ ચીઝોને તો હક્ક કહે પરંતુ તેમના નવા (મનઘડીત) અર્થો ઘડે દા. ત. સવાબનો અર્થ પોતાની નેકીઓને જોઇને ખૂશ થવું અને અઝાબનો અર્થ પોતાના બુરા અઅમાલને દેખીને ઉદાસ થવું અથવા હશર કેવળ રૂહોનુ થવું, તે વાસ્તવમાં તે ચીઝોનો મુનકીર છે. એવો શખ્સ કાફિર છે. હવે જન્નત તથા દોઝખનું સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવે છે.

## જન્નતનું બયાન :

જન્નત એક મકાન છે કે, અલ્લાહ તઆલાએ ઈમાનવાળાઓ માટે બનાવ્યું છે તેમાં એ નેઅમતો પ્રસ્તુત કરી છે જેને ના આંખોએ દેખી ના કાનોએ સાંભળી (૧) ના કોઈ આદમીના દિલપર તેમનો ખતરો ગુજર્યો. જે કાંઇ દષ્ટાંત તેની પ્રસંશામાં આપવામાં આવે તે સમજાવવા માટે છે. નહી તો દુનિયાની શ્રેષ્ઠમાં

(૧) અર્થાત દેખ્યા વગર. નહી તો દેખીને તો પોતે જ જાણશે. તો જેમણે જીવંત હાલતમાં દુનિયામાં જ નિરિક્ષણ કરી લીધું તેઓ આ હુકમથી મુક્ત છે. અર્થાત મુળમાં જ આ હુકમ તેમને શામિલ જ નથી. ખાસ કરીને સાહેબે મેઅરાજ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.

શ્રેષ્ઠ(૨) વસ્તુ જન્નતની કોઈ વસ્તુ સાથે સંબંધ ધરાવી શકતી નથી. ત્યાંની કોઈ સ્ત્રી જો જમીન તરફ ઝાંખે તો, જમીનથી આસમાન સુધી પ્રકાશમય થઈ જાય અને સુગંધથી ભરાઈ જાય, ચંદ્ર-સૂર્યની રોશની ઝાંખી પડી જાય. તેનો દુપટ્ટો (ઓઢણું) દુનિયાની સઘળી વસ્તુઓથી ઉત્તમ છે, રિવાયતમાં એમ છે કે જો "હુર" પોતાની હથેળી જમીન તથા આકાશની વચ્ચે કાઢે તો તેના સૌંદર્યના કારણે સંસાર ફિત્નામાં પડી જાય અને જો પોતાનો દુપટ્ટો જાહેર કરે તો તેની ખૂબ સુરતી આગળ સૂર્ય એવો થઈ જાય જેવું કે સૂર્યની સામે દીવો (ચિરાગ). જો જન્નતની કોઈ નખ જેટલી વસ્તુ દુનિયામાં જાહેર થાય તો સમગ્ર આકાશ તથા જમીન તેનાથી સુશોભિત થઈ જાય અને જો જન્નતીનું કંગન જાહેર થાય તો સૂર્યનો પ્રકાશ મટાડી દે, જેવું કે સૂર્ય તારાઓનો પ્રકાશ મિટાવી દે છે. જન્નતની એટલી જગ્યા જેમાં કોરડો મુકી શકીએ તે જગતની તમામ વસ્તુઓથી બહેતર છે. જન્નત કેટલી વિશાળ છે, તેને અલ્લાહ તથા રસૂલ જ જાણે. જન્નતનું સંક્ષિપ્ત વર્ણન એ છે કે, તેમાં સો દરજ્જા (શ્રેણી) છે. દરેક બે શ્રેણી વચ્ચે એટલું અંતર છે જેટલું આકાશ તથા જમીન વચ્ચે છે. હવે એ વાત બાકી રહી કે, ખુદ એ દરજાની લંબાઇ કેટલી છે, તો તેના વિષે કોઇ રિવાયત ખ્યાલમાં નથી. અલબત્ત એક હદીસ તિરમિઝી શરીફની એવી રીતે છે, "જો તમામ આલમ એક દરજામાં એકત્ર થાય તો તે સઘળા માટે પુરતું થાય એટલું વિશાળ છે. જન્નતમાં એક વૃક્ષ છે જેના છાંયડામાં સો વર્ષ સુધી વેગવંત ઘોડા પર (બેસીને) સવાર ચાલતો રહે, તો પણ ખતમ થાય નહિ.

**જન્નતના** દરવાજા એટલા વિશાળ હશે કે, એક બાજુએથી બીજી બાજુ સુધી (જવા માટે) ઝડપી ઘોડાનો સિત્તેર વર્ષનો માર્ગ હશે. તે છતાં જવાવાળાઓની એટલી અધિકતા હશે કે, ખભેથી ખભો ટકરાતો હશે, બલ્કે ભીડના લીધે દરવાજો ચરચર બોલવા લાગશે, તેમાં ભાત ભાતના જવાહિરના મહેલ છે જે એવાં સાફ હશે કે અંદરનો ભાગ બહારથી અને બહારનો ભાગ અંદરથી દેખાશે. જન્નતની દીવાલો સોના અને ચાંદીની ઈંટો તથા મુશ્ક (કસ્તુરી)ના ગારાથી બનેલી છે. એક ઈંટ સોનાની અને એક ઈંટ ચાંદીની. જમીન જાફરાનની કાંકરીઓને સ્થાને મોતી અને યાકૂત લગાવેલા છે. એક રિવાયતમાં છે કે, "જન્નતે અદન"ની એક ઈંટ સફેદ મોતીની છે અને એક લાલયાકુતની, એક લીલા ઝબરજદની મુશ્કનો ગારો છે. ઘાસની જગ્યાએ જાફરાન છે અને મોતીની કાંકરીઓ અંબરની માટીની બનેલી છે.

**જન્નતમાં** એક એક મોતીનો તંબુ હશે, જેની ઉંચાઇ સાઇઠ માઈલ હશે, જન્નતમાં ચાર નદીઓ છે, એક પાણીની, બીજી દૂધની, ત્રીજી મધની, ચોથી પવિત્ર શરાબની. પછી તેમનામાંથી નહેરો નીકળી દરેકના મકાનમાં વહે છે. ત્યાંની નહેરો જમીન ખોદીને વહેતી નથી, પરંતુ જમીનના ઉપર ઉપર વહે છે. નહેરોનો એક મિનારો મોતીનો અને બીજો મિનારો યાકુતનો અને નહેરોની જમીન શુદ્ધ મુશ્કના છે. ત્યાંની શરાબ દુનિયા જેવી નથી કે જેમાં દુર્ગંધ અને કડવાશ અને નશો હોય. છે અને પીવાવાળા બે અક્કલ થઇ જાય છે અને ભાન ગુમાવી વ્યર્થ બકે છે. (બલ્કે) તે પાક શરાબ આ સઘળી વાતોથી પાક અને પવિત્ર છે.

**જન્નતીઓને** જન્નતમાં દરેક પ્રકારના સ્વાદિષ્ટ ખાણાં મળશે. જેની ઈચ્છા કરશે, તે વસ્તુ તત્કાળ તેમની સમક્ષ મોજૂદ હશે. જો કોઇ પક્ષીને દેખીને તેનું ગોશ્ત ખાવાની ઈચ્છા થશે તો તેજ

(૨) કઅબા મોઅઝ્ઝમા, જન્નતથી ઉચ્ચતર છે અને તુરબતે અતહરનો તે ને ભાગજ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પવિત્ર જીસ્મથી લાગેલો છે તે તો કા'બા, બલ્કે અર્શથી પણ અફ્ઝલ છે. પરંતુ તે દુનિયાની ચીઝો નથી.

વખતે સેકેલું ગોશ્ત તેમની પાસે આવી જશે જો પાણી વિગેરેની ઈચ્છા થાય તો કુજા ખુદ હાથમાં આવી જશે. તેમાં ઠીક અંદાઝા પ્રમાણે પાણી, દૂધ, (જન્નતી) શરાબ અને મધ હશે કે, તેમની ઈચ્છાથી એક ટીપું ઓછું ન વધુ હશે. પી લીધા પછી સ્વયં જયાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા જશે. ત્યાં નજાસત, ગંદકી, મળ-મુત્ર, થુંક, રીંઠ, કાનનો મેલ, શરીરનો મેલ લેશમાત્ર હશે નહિ. એક સુગંધિત પ્રસન્નતાદાયક ડકાર (ઓડકાર) આવશે, સુગંધિત પ્રફુલ્લજનક પરસેવો નીકળશે. જેનાથી બધું ખાધેલું હજમ થઈ જશે અને ડકાર તથા પરસેવામાંથી મુશ્કની સુગંધી આવશે દરેક માનવીને સો આદમીઓના ખાવાપીવા તથા સંભોગની શક્તિ આપવામાં આવશે. પ્રત્યેક ક્ષણે જબાનથી તસ્બીહ તથા તકબીર ઈરાદાપૂર્વક અને ઈરાદાવગર શ્વાસની જેમ જારી રહેશે.

દરેક માણસના શીરાણે, ઓછામાં ઓછા દસ હજાર ખાદિમ (સેવક) ઉભા હશે. ખાદિમોમાં દરેકના એક હાથમાં ચાંદીનો પ્યાલો હશે અને બીજા હાથમાં સોનાનો પ્યાલો હશે. દરેક પ્યાલામાં નવા નવા રંગની નેઅમત હશે. જેટલું ખાતો જશે સ્વાદમાં ઉણપ ન આવશે બલ્કે, અધિકતા થશે. દરેક લુકમા (કોળીઆ)માં ૭૦ જાતનો સ્વાદ હશે. દરેક સ્વાદ બીજાથી ઉચ્ચતર હશે. તે તત્કાળ મહસૂસ થશે. એકનો એહસાસ બીજાના અડચણરૂપ થશે નહિ.

**જન્નતીઓ**ના લિબાસ જુના થશે નહિ અને તેમની જવાની ફના થશે નહિ. પ્રથમ ગિરોહ જે જન્નતમાં જશે તેમના ચહેરા એવા ચમકતા હશે કે, જાણે પુનમની રાતનો ચંદ્ર અને બીજો ગિરોહ જાણે કોઈ અતિશય પ્રકાશિત તારો. જન્નતીઓ સૌ એક દિલ હશે તેમનામાં પરસ્પર કોઇ મતભેદ તથા ઈર્ષા ન હશે. તેમનામાંથી દરેકને "હુરેઈન" માંથી ઓછામાં ઓછી બે પત્નીઓ એવી મળશે કે તેણીઓએ ૭૦-૭૦ વસ્ત્રો પહેર્યા હશે તે છતાં તે વસ્ત્રો અને માંસના બહારથી તેમની પીંડલીઓનો ગુદો દેખાશે. જાણે સફેદ શીશામાં, લાલ શરાબ દેખાય છે. આ એટલા કારણે કે અલ્લાહે તેમને યાકૂતથી સરખાવી. અને યાકૂતમાં છિદ્ર કરીને જો દોરો પરોવવામાં આવે તો તે જરૂર બહારથી દેખાશે.

જન્નતી આદમી પોતાના ચહેરાને તેણીના ગાલમાં, દર્પણ કરતાં પણ અધિક સાફ દેખશે. અને તેન પર હલકા દરજ્જાનો જે મોતી હશે તે એવો કે, પૂર્વથી પશ્ચિમ સુધી પ્રકાશિત કરી દે. એક રિવાયતમાં છે કે, પુરૂષ પોતાનો હાથ તેના ખભાઓની વચ્ચે મુકશે તો છાતી તરફથી કપડાં અને ત્વચા અને માંસની બહારથી દેખાશે. જો જન્નતનું કપડું દુનિયામાં પહેરવામાં આવે તો, તેને જે દેખે તે બેહોશ થઈ જાય અને લોકોની નજરો તેને સહન ન કરી શકે પુરૂષ જયારે તેની (હુરેઈન-પત્ની) પાસે જશે ત્યારે તેને દરેક વાર કુંવારી પામશે, પરંતુ તેના લીધે પુરૂષ તથા સ્ત્રી કોઈને, કોઇ પ્રકારની તકલીફ થશે નહી. જો કોઈ હુર સમુદ્રમાં થૂંકી દે તો, તેના થૂંકની મીઠાશના કારણે સમુદ્ર સ્વાદિષ્ટ થઈ જાય. એક રિવાયતમાં છે કે, જો જન્નતની સ્ત્રી સાત સમુદ્રમાં થુંકે તો તે મધથી વધારે મીઠા થઈ જાય.

જયારે કોઈ બંદો જન્નતમાં જશે તો તેના શિરાણે અને પાંગતે બે હુરો અતિ સુંદર સ્વરે ગાશે, પરંતુ તેમનું ગાવું આ શયતાની વાજિંત્ર નથી. બલ્કે અલ્લાહ તઆલાની હમ્દ તથા પાકી હશે. તે સુંદર સ્વર વાળી હશે કે, મખલૂકે એવો સ્વર કયારેય સાંભળ્યો ન હશે. અને એવું પણ ગાશે કે અમે હંમેશા રહેવાવાળીઓ છીએ, (જન્નતમાં) કયારેય મરીશું નહીં. અમે ચેનવાળીઓ છીએ, કયારેય તકલીફમાં પડીશું નહી, અમે રાજી છીએ, નારાજ થઈશું નહિ. મુબારકબાદ તેના માટે જે અમારો છે અને અમે તેની હોઈશું.

માથાનાવાળ અને પાંપણો અને ભ્રમર સિવાય જન્નતીના શરીર પર કયાંય વાળ ન હશે. (જન્નતી) સૌ દાઢી વગરના હશે સુરમાઇ આંખોવાળા ત્રીસ વર્ષની વયના જણાશે, કયારેય એનાથી વધુ જણાશે નહિ. સામાન્ય જન્નતી માટે એંસી હજાર સેવક અને ૭૨ પત્નીઓ હશે અને તેમને એવા તાજ મળશે કે તેઓમાનો સાધારણ મોતી પૂર્વ અને પશ્ચિમની વચ્ચે પ્રકાશિત કરી દે અને જો મુસલમાન, ઔલાદની ઈચ્છા કરે તો, તેનો હમલ, જન્મ અને પુરી ઉમર (એટલે કે ત્રીસ સાલની) ઇચ્છા કરતાં જ એકપળમાં થઈ જશે. જન્નતમાં નિંદ્રા નથી, કારણ કે નિંદ્રા એક પ્રકારનું, મૃત્યુ છે અને જન્નતમાં મોત નથી.

**જન્નતી** જયારે જન્નતમાં જશે દરેક પોતાના અઅમાલના પ્રમાણમાં મરતબો મેળવશે. અને તેના ફઝલની કોઈ હદ નથી. પછી તેમને દુનિયાના એક અઠવાડિયાના સમય પછી ઈજાઝત આપવામાં આવશે કે, પોતાના પરવરદિગારની ઝિયારત કરે, અને અર્શ-ઇલાહી જાહેર થશે, અને રબ્બ તઆલા જન્નતના બાગો પૈકી એક બાગમાં તજલ્લી ફરમાવશે. અને આ જન્નતીઓ માટે મિમ્બર ગોઠવવામાં આવશે. નૂરના મિમ્બર, મોતીના મિમ્બર, યાકૂતના મિમ્બર, ઝબરજદના મિમ્બર, સોનાના મિમ્બર, ચાંદીના મિમ્બર, અને તેમના પૈકીનો અદના માણસ, મુશ્ક તથા કાફૂરના ઢગલા પર બેસશે અને તેઓમાં અદના કોઇ નથી. પોતાના ગુમાનમાં કુર્સીવાળાઓને કાંઈ પોતાનાથી વધીને ન સમજશે. અને ખુદાનો દીદાર એવો સ્પષ્ટ થશે જેવો કે, સૂર્ય અને પૂનમના ચંદ્રને દરેક પોતપોતાની જગ્યાએથી દેખે છે કે, એકનું દેખવું બીજા માટે પ્રતિબંધક નથી. અલ્લાહ તઆલા દરેક પર તજલ્લી કરશે. તેઓમાંથી કોઇને ફરમાવશે : અય ફલાણાં બિન ફલાણાં! તને યાદ છે જે દિવસે તેં આવું આવું કર્યું હતું; દુનિયાના કેટલાક ગુનાહો યાદ દેવડાવશે, બંદો અર્જ કરશે : તો હે રબ્બ! શું તેં મને બખ્શી ન દીધો? અલ્લાહ ફરમાવશે : હા, મારી મગફેરતની વિસ્તૃતતાના લીધે જ તું આ મરતબાએ પહોંચ્યો છે. તેઓ સૌ એ જ સ્થિતિમાં હશે કે વાદળ છાઈ જશે અને તેમના પર સુગંધી વરસાવશે કે, તેના જેવી સુગંધી તે લોકોએ કયારેય સૂંઘી ન હતી. અલ્લાહ તઆલા ફરમાવશે કે, જાવ એની તરફ જે મેં તમારા માટે ઈજ્જત તૈયાર કરી રાખી છે, જે ઇચ્છો તે લો. પછી લોકો એક બજારમાં જશે જેને ફરિશ્તાઓ ઘેરેલ છે. તેમાં એ ચીઝો હશે કે તેના જેવી કયારેય ન આંખોએ દેખી, ન કાનોએ સાંભળી, ન હૃદયમાં તેનો ખ્યાલ પણ આવ્યો. તે પૈકી તેઓ જેને ઈચ્છશે તેમની સાથે કરી દેવામાં આવશે અને ખરીદ-વેચાણ થશે નહિ. જન્નતીઓ તે બજારમાં પરસ્પર મળશે. નાના મરતબાવાળો, મોટા મરતબાવાળાને દેખશે. તેનો લિબાસ પસંદ કરશે, હજી વાતચીત પુરી પણ થઈ હશે નહી કે ખ્યાલ કરશે કે, મારો લિબાસ તેનાથી સારો છે અને એના લીધે કે જન્નતમાં કોઇના માટે ગમ નથી. પછી ત્યાંથી પોતપોતાના રહેઠાણોએ પાછા આવશે તેમની પત્નીઓ તેમનું સ્વાગત કરશે અને મુબારકબાદ (વધાઈ) આપીને કહેશે કે, આપ પાછા આવ્યા અને આપનું સૌંદર્ય તેનાથી બહુજ અધિક છે કે, જયારે આપ અમારી પાસેથી ગયા હતા. તેઓ જવાબ આપશે કે પરવરદિગારની સમક્ષ બેસવું અમને નસીબ થયું તો અમારે એવાજ થઈ જવું ઘટિત હતું. જન્નતીઓ જયારે પરસ્પર મળવા ઈચ્છશે તો એકનું તખ્ત બીજાની પાસે ચાલ્યું જશે. એક રિવાયતમાં એવું છે કે તેમની પાસે અતિશય ઉંચા પ્રકારની સવારીઓ અને ઘોડા લાવવામાં આવશે અને તેમના પર સવાર થઈને જયાં ચાહશે ત્યાં જશે.

સૌથી ઓછા દરજજાનો જે જન્નતી છે તેના બગીચા અને પત્નીઓ અને સેવકો અને તખત હજાર વર્ષના અંતર સુધી હશે. અને તેઓ પૈકી અલ્લાહની નજરોમાં સૌથી પ્રતિષ્ઠિત તે છે જે

અલ્લાહ ત્આલાની કૃપાના લીધે તેના દીદારથી સવાર સાંજ ભાગ્યવંત થશે. જ્યારે જન્નતી જન્નતમાં પહોંચી જશે ત્યારે અલ્લાહ તેમને ફરમાવશે : " કાંઈ બીજું ઇચ્છો છો, જે તમને આપું." તેઓ અરજ કરશે : તેં અમારા મુખડા પ્રકાશિત કર્યા, જન્નતમાં દાખલ કર્યા, અને જહન્નમથી નજાત આપી. તે વખતે મખ્લૂક પર જે પડદો હતો તે હઠાવી લેવશે, તો દીદારે ઇલાહીથી વધીને તેમને બીજી કઈ ચીઝ જોઈએ ! ( – સુબ્હાનલ્લાહ' "અલ્લાહુમ્મર્ઝુકના ઝિયારત વજહેકલ-કરીમ, બેજાહે હબીબેકર્રઉફિર્ર્હીમ અલૈહિસ્સલાતો વત્તસ્લીમ આમીન.

## દોઝખનું બયાન :

આ એક મકાન છે કે તે કહ્હાર તથા જબ્બારના જલાલ તથા કહરનું મઝહર (પ્રકટી કરણનું સ્થાન) છે જેવી રીતે તેની રહેમત તથા નેઅમતની હદ નથી કે માનવીય વિચારો અને કલ્પનાઓ જ્યાં સુધી પહોંચે તે તેની અસંખ્ય નેઅમતો પૈકી અલ્પ છે. એવીજ રીતે તેના ગઝબ તથા કહેરની કોઈ હદ નથી કે દરેક તે તકલીફ તથા કષ્ટ કે જે અનુભૂત કરી શકાય તે એક તેના અનંત અઝાબનો નાનકડો ભાગ છે, કુર્આનમજીદ તથા હદીસોમાં જે તેની સખ્તીઓ વર્ણિત છે તે પૈકી કેટલીક સંક્ષિપ્તમાં બયાન કરવામાં આવે છે કે મુસલમાનો દેખે અને તેનાથી પનાહ માંગે અને તે અઅમાલથી બચે, જેની સઝાજ હનમ છે,

હદીસમાં છે, કે જે બંદો જહન્નમથી પનાહ માંગે છે, જહન્નમ કહે છે : હે રબ્બ આ મારાથી પનાહ માંગે છે, તું તેને પનાહ આપ, કુર્આનમાં અનેકવાર ઇરશાદ થયો કે, જહન્નમથી બચો, દોઝખથી ડરો, અમારા આકા વ મૌલા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અમને શિખવવા માટે અધિકતાથી તેનાથી પનાહ માંગતા હતા. જહન્નમની આગના અંગારા ઉંચા ઉંચા મહેલની બરાબર ઉડશે, જાણે પીળા ઉંટોની કતારો કે સતત આવતા રહેશે. આદમી તથા પત્થર તેના ઇંધણ છે. આ દુનિયાની જે આગ છે તે એ આગનો સિત્તેરમો ભાગ છે. જેને સૌથી ઓછા દરજાનો અઝાબ થશે તેને આગના જોડા ( પગરખાં ) પહેરાવી દેવાશે જેનાથી તેનું ભેજું એવું ઊકળશે જેવું કે તાંબાની તપેલી ઉકળે છે, તે સમજશે કે સૌથી વધારે અઝાબ તેના પરજ થઈ રહ્યો છે, જો કે તેના પર સૌથી હલકો અઝાબ છે, સૌથી હલકા દરજાનો જેના પર અઝાબ થશે તેને અલ્લાહ ત્આલા પૂછશે કે, જો સમગ્ર ધરતી તારી થઈ જાય તો શું આ અઝાબથી બચવા માટે તું તેને બક્ષીશમાં આપી દઈશ. તે અરજ કરશે : હા, અલ્લાહ ફરમાવશે કે, જ્યારે તું આદમની પીઠમાં હતો ત્યારે અમોએ તેનાથી બહુજ સરળ ચીઝનો હુકમ આપ્યો હતો કે, કુફ્ર ન કરજે, પરંતુ તું માન્યો નહી.

જહન્નમની આગ હજાર વર્ષ સુધી ધખાવવામાં આવી ત્યાં સુધી કે લાલચોળ થઈ ગઈ પછી બીજા એક હજાર વર્ષ સુધી કે તે સફેદ થઈ ગઈ, ફરી બીજા એક હજાર વર્ષ સુધી કે ત્યાં સુધી કે તે કાળી થઈ ગઈ. તો હવે તો સાવ કાળી છે, જેમાં પ્રકાશનનું નામ નથી. હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સોગંદ પૂર્વક અરજ કરી કે, જો જહન્નમમાંથી (આગ) સોયના નાકા બરાબર ખોલી દેવામાં આવે તો તમામ જમીનવાળાઓ સૌ તેની ગરમીથી મરી જાય, અને કસમ ખાઈને કહ્યું કે જો જહન્નમનો કોઈ દારોગો દુનિયાવાળાઓ પર જાહેર થાય તો ધરતીપર રહેનારાઓ સઘળાજ તેના ભયથી મરી જાય, અને સોગંદ પૂર્વક બયાન કર્યું કે, જો જહન્નમીઓની સાંકળની એક કડી દુનિયાના

પહાડો પર મુકી દેવામાં આવે તો પર્વત કાંપવા લાગે અને જ્યાં સુધી નીચેની જમીનમાં ધસી ન જાય ત્યાં સુધી તેમને શાંતિ ન થાય.

આ દુનિયાની આગ ( જેની ગરમીથી કોણ વાકેફ નથી કે કેટલીક ૠતુઓમાં તો તેની નિકટ જવું અપ્રિય લાગે છે. તો પણ આ આગ) ખુદાથી દુઆ માંગે છે કે, તેને જહન્નમમાં ફરી ન લઈ જવામાં આવે. પરંતુ આશ્ચર્ય છે એ માનવીથી કે તે જહન્નમમાં જવાના કામ કરે છે, અને તે આગથી ડરતો નથી જેનાથી આગ પણ ડરે છે અને પનાહ માંગે છે. દોઝખની ઉંડાઈને ખુદાજ જાણે કે કેટલી ઉંડી છે. હદીસમાં છે કે, જો પત્થરની શીલા જહન્નમના કિનારાથી તેમાં ફેંકવામાં આવે તો સિત્તેર (૭૦) વર્ષમાં પણ તે તળીએ ન પહોંચે જો માનવીના માથા બરાબર કાચનો ગોળો આકાશથી જમીન પર ફેંકવામાં આવે તો રાત પડતાં પહેલાં જમીન સુધી પહોંચી જશે. જોકે આ પાંચસો વર્ષનો રસ્તો છે. વળી તેમાં વિવિધ વર્ગ તથા ખીણો અને કુવાઓ છે. કેટલીક ખીણો એવી છે કે, જહન્નમ પણ દરરોજ સિત્તેર (૭૦) વાર અથવા તેનાથી વધારેવાર પનાહ માંગે છે. આ ખુદ એ મકાનની હાલત છે કે જો તેમાં બીજો કોઇ અઝાબ ન હોત તો એજ શું ઓછો હતો. પરંતુ કુફ્ફારના ફિટકાર માટે બીજા જાતજાતના અઝાબ ઉપલબ્ધ કર્યા છે. લોખંડના એવા ભારે ગુરજો (ગદાઓ)થી ફરિશ્તાઓ મારશે કે, જો કોઇ ગુરજ જમીન પર મુકી દેવામાં આવે તો તમામ માનવીઓ તથા જિન્નાતો ભેગા થઈને તેને ઉઠાવી શકતા નથી.

બખ્તી ઉંટ ( એક પ્રકારનું કદાવર ઉંટ ) ની ગર્દન જેટલા વિંછુ અને અલ્લાહ જાણે કેટલા મોટા સર્પ કે જો એકવાર ડંશી જાય તો તેની બળતરા દર્દ તથા બેચેની હજાર વર્ષ સુધી રહે. તેલમાં બળેલ તલછટ જેવી વસ્તુ જેવું સખત ઉકળતું પાણી પીવા માટે આપવામાં આવશે કે, મોંઢાની નજીક લાવતાંજ તેની ગરમીથી ચહેરાની ચામડી ઉતરી જશે. માથા પર ગરમ પાણી રેડવામાં આવશે. જહન્નમીઓના શરીરમાંથી જે પીપ વહેશે તે પીવડાવવામાં આવશે. કાંટાવાળો થુવર ખાવા માટે આપવામાં આવશે. તે એવો હશે કે, જો તેનું એક ટીપું દુનિયામાં આવે તો તેની બળતરા દુર્ગંધ સકળ સંસારની આજિવીકા નષ્ટ કરી નાખે, અને તે ગળામાં જઇને ફસાઈ જશે તેને નીચે ઉતારવા માટે લોકો પાણી માંગશે તો તેમને ઉકળતું પાણી આપવામાં આવશે કે, મોંઢાની પાસે આવતાંજ મોંઢાની ત્વચા ઓગળીને તેમાં પડી જશે અને પેટમાં જતાંજ આંતરડાંઓના ટુકડે ટુકડા કરી નાંખશે, અને શેરવાની (પ્રવાહી) જેમ વહીને પગો તરફ નીકળશે.

લોકો એટલા સખત તૃષાતુર હશે કે તે પાણી પર તરસ્યા ઉંટોની માફક તુટી પડશે. પછી કુફ્ફાર થાકીને પરસ્પર મશવરો કરશે. જહન્નમના દારોગાને પોકારશે કે હે માલિક (અલયહિસ્સલાતો વસ્સલામ)તારો રબ્બ અમારો કિસ્સો ખતમ કરી નાંખે. માલિક (અલયહિસ્સલાતો વસ્સાલામ) હજાર વર્ષ સુધી તેઓને જવાબ આપશે નહીં. હજાર વર્ષ પછી ફરમાવશે કે, મને શું કહો છો, તેને કહો કે જેની તમોએ નાફરમાની કરી છે. હજાર વર્ષ સુધી રબ્બુલ ઈઝઝત ને તેની રહેમતના નામોથી પુકારશે, તે હજાર વર્ષ સુધી જવાબ ન આપશે. ત્યાર પછી ફરમાવશે : તો એ ફરમાવશે કે, "દૂર થઇ જાવ, જહન્નમમાં પડયા રહો. મારી સાથે વાત ન કરો." ત્યારે કુફ્ફાર દરેક પ્રકારની ભલાઈથી નિરાશ થઈ જશે અને ગધેડાના અવાજની જેમ બરાડા પાડીને રડશે. આરંભમાં આંસુ નીકળશે, પરંતુ જ્યારે આંસુ સુકાઈ જશે ત્યારે તે લોકો લોહી રડશે. રડતાં રડતાં ગાલોમાં ખાડા પડી જશે. રડવાનું લોહી તથા પીપ એટલા પ્રમાણમાં હશે કે, જો તેમાં હોડીઓ મુકવામાં આવે તો તરવા લાગે.

જહન્નમીઓના ચહેરા એવા કદરૂપા હશે કે, દુનિયામાં કોઈ જહન્નમી એજ સ્વરૂપે લાવવામાં આવે તો સઘળા લોકો તેની કદરૂપતા અને દુર્ગંધના કારણે મરી જાય, અને તેમનું શરીર એવું મોટું કરી દેવામાં આવશે કે, એક ખભાથી બીજા ખભા સુધી ઝડપી સવાર માટે ત્રણ દિવસનો રસ્તો હોય. તેની એક દાઢ ઓહદના પહાડ જેટલી હશે. ચામડીની જાડાઈ બેંતાલીસ વરાઅની હશે જીભ એક કોસ બે કોસ સુધી મોંઢામાં બહાર ઘસડાતી હશે કે, લોકો તેને કચડશે. બેસવાની જગ્યા એટલી લાંબી હશે કે જાણે મક્કાશરીફથી મદીનાશરીફ સુધી અને તેઓ જહન્નમમાં મોઢું સંકોચેલા હશે કે ઉપરનો હોઠ સંકોચાઈને માથાની વચ્ચે સુધી પહોંચી જશે અને નીચેનો હોઠ લટકીને ડુંટીને અડી જશે.

આ લખાણથી એવું લાગે છે કે, કાફિરલોકોનો ચહેરો જહન્નમમાં માનવીય ચહેરો ન હશે કે, આ ચહેરો **"અહસને તકવીમ"** છે, અને તે અલ્લાહને પ્રિય છે કે, તેના મહબૂબ ના ચહેરાથી અનુરૂપ છે. બલ્કે જહન્નમીઓનો તે હુલીયો (સ્વરૂપ) છે જે ઉપર વર્ણવવામાં આવ્યો. પછી છેવટે કાફિરો માટે એ થશે કે તેના કદ (ઊંચાઈ) બરાબર આગની સંદુક (પેટી)માં તેને બંધ કરી દેવામાં આવશે. પછી તેમાં આગ સળગાવવામાં આવશે અને આગનું તાળુ લગાવવામાં આવશે, પછી આ સંદુક આગની બીજી સંદુકમાં મુકવામાં આવશે અને આ બંનેની વચ્ચે આગ સળગાવવામાં આવશે અને તેમાં આગનું તાળુ લગાવવામાં આવશે. પછી એવીજ રીતે તેને એક બીજી સંદુકમાં મુકીને અને આગનું તાળુ લગાવી આગમાં નાખી દેવાશે. તો હવે દરેક કાફિર એમ સમજશે કે તેના સિવાય હવે બીજો કોઈ આગમાં રહ્યો નથી. અને આ અઝાબ ઉચ્ચતમ અઝાબ છે અને હવે તેના માટે તે કાયમી અઝાબ છે

જ્યારે સઘળાં જન્નતી, જન્નતમાં દાખલ થઈ જશે અને જહન્નમમાં કેવળ તેઓજ રહી જશે, જેને કાયમ માટે તેમાં રહેવાનું છે. ત્યારે જન્નત તથા દોઝખની વચ્ચે મોતને મેંઢા (દુમ્બા)ની જેમ લાવીને ઉભી કરશે. પછી એક મુનાદી ( નાદકર્તા ) જન્નતવાળાઓને પોકારશે. તેઓ ડરતાં ડરતાં ઝાંખશે કે, ક્યાંક એવું ન થાય કે અહીંથી નીકળવાની આજ્ઞા થાય. પછી જહન્નમીઓને પોકારવામાં આવશે, તેઓ ખૂશ થતા ઝાંખશે કે કદાચ આ મુસીબતથી મુક્તિ થઈ જાય. પછી તે સૌને પૂછશે કે આને ઓળખો છો ? સૌ કહેશે : હા, આ મોત છે. ત્યાર પછી તેને ઝુબ્હ કરી દેવામાં આવશે અને કહેશે કે, હે જન્નતવાસીઓ ! હવે નિરંતરતા છે, હવે મરવાનું નથી. અને હે જહન્નમવાસીઓ ! હવે મૃત્યુ નથી, તમારે કાયમ અહીં રહેવાનું છે. તે વખત જન્નતીઓ માટે આનંદ જ આનંદ છે અને જહન્નમ વાળાઓ માટે સંતાપજ સંતાપ છે.

**"નસ્અલુલ્લાહલ-અફ્વ, વલ-આફિયત-ફીદ્દીન વદ્દુન્યા વલ-આખેરતે."** ( અમે અલ્લાહથી માફી તથા દીન, દુનિયા અને આખેરતમાં આફિયત માગીએ છીએ.—આમીન )

## ઈમાન તથા કુફ્રનું બયાન :

ઈમાન તેને કહે છે કે, સાચા દિલથી તે સઘળી વાતોનો સ્વીકાર કરે જે જરૂરીઆતે દીન છે. કોઈ એક પણ દીની જરૂરતના ઇન્કારને કુફ્ર કહે છે. ભલે પછી તે બાકીની તમામ જરૂરીઆતનો સ્વીકાર કરતો હોય. જરૂરીઆતે-દીન તે મસાઈલે-દીન છે જેને દરેક ખાસ અને આમ જાણતા હોય. જેવું કે અલ્લાહ અઝ્ઝ વજલ્લની વહેદાનીયત ( તવ્હીદ ), અંબિયાની નુબુવ્વત, જન્નત તથા

દોઝખ, હશ્ર તથા નશ્ર વિગેરે. દા. ત. એ અકીદો કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહોઅલયહે વસલ્લમ ખાતમુન્નબીયન છે, હુઝૂર પછી કોઇ નવો નબી થઇ શકતો નથી. અવામનો અર્થ તે મુસલમાનો છે જે ઉલ્માના વર્ગમાં ગણવામાં આવતા ના હોય. પરંતુ ઉલ્માની સોહબતનો લાભ ઉઠાવ્યો હોય અને ઇલ્મી મસઅલાઓનો શોખ ધરાવતા હોય, ન તેઓ કે જંગલો અને પર્વતોના રહેવાવાળા હોય જે કલ્મો પણ સહીહ પઢી શકતા નથી, કે એવા લોકોનું જરૂરીઆતે દીનનથી અજ્ઞાન હોવું તે જરૂરી ને, ગેર જરૂરી કરી દેશે નહીં અલબત્ત તેમના મુસલમાન હોવા માટે એ વાત આવશ્યક છે કે જરૂરીઆતે દીનના મુનકિર ન હોય અને એ અકીદો ધરાવતા હોય કે, ઇસ્લામમાં જે કાંઇ છે હક્ક ( સત્ય ) છે. તે સઘળાં પર ઇજમાલન ( સંક્ષિપ્ત )માં ઇમાન લાવ્યા હોય.

**અકીદહ :** (૧૧૫) મૂળ ઈમાન કેવળ સ્વીકારનું નામ છે. શરીરના અમલ તો મૂળમાં જુઝવે-ઇમાન ( ઇમાનનો ભાગ ) નથી. હવે રહ્યો ઈકરારનો સવાલ, તો તેમાં એ તપસીલ છે કે, જો સ્વીકાર પછી તેનો પ્રકટીકરણનો પ્રસંગ સાંપડયો નહીં તો અલ્લાહ સમક્ષ મોમિન છે અને જો પ્રસંગ મળ્યો અને તેનાથી માંગણી કરવામાં આવી અને ઈકરાર ન કર્યો તો કાફિર છે. અને જો માંગણી ન કરવામાં આવી તો દુન્યવી અહેકામમાં કાફિર સમજવામાં આવશે, તેના જનાઝાની નમાઝ પઢાશે નહિ અને તેને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરીશું નહિં. પરંતુ અલ્લાહ નઝદીક તે મોમિન છે, જો કોઈ કાર્ય ઇસ્લામ વિરૂદ્ધનું જાહેરમાં ન કર્યું હોય તો.

**અકીદહ :** (૧૧૬) મુસલમાન હોવા માટે એ પણ શરત છે કે જીભથી કોઈ એવી ચીઝનો ઇન્કાર ન કરે જે જરૂરીયાતે દીન પૈકી છે. જો કે બાકીની સઘળી વાતોનો ઈકરાર કરતો હોય, જો કે તે એમ કહે કે કેવળ જીભથી ઈન્કાર છે, હૃદયમાં ઇન્કાર નથી, કે શરઈ બળજબરી વગર મુસલમાન કુફ્રી વાણી બોલી શકતો નથી. એ જ માણસ આવી વાત મોઢે લાવશે જેના હૃદયમાં એટલીજ મહત્વતા છે કે જ્યારે ઈચ્છા થઇ ઇન્કાર કરી દીધો, અને ઇમાન તો એવી તસ્દીક છે કે, જેની વિરૂદ્ધતાની બિલ્કુલ કોઇ ગુંજાઇશ નથી.

**મસ્અલા :** અલ્લાહની પનાહ, કુફ્રી વાણી બોલવા માટે જો કોઈ માણસને મજબૂર કરવામાં આવ્યો અર્થાત તેને મારી નાખવા અથવા તેનું અવયવ કાપી નાખવાની સાચી ધમકી આપવામાં આવી કે આ ધમકાવનારને તેવું વર્તન કરવા માટે શક્તિમાન સમજે તો એવી હાલતમાં તેને છુટ આપવામાં આવી છે, પરંતુ શરત એ છે કે દિલમાં એજ ઇમાની વિશ્વાસ હોય જે અગાઉ હતો, પરંતુ અફઝલ ( ઉત્તમ ) ત્યારે પણ એ જ છે કે કતલ થઇ જાય, પરંતુ કુફ્રી શબ્દો ન બોલે.

**મસ્અલા :-** હાથ, પગ, જીભ અને બીજા અવયવોના અમલ ઈમાનમાં દાખલ નથી, અલબત્ત કેટલાક અઅમાલ જે સાવ ઈમાનના વિરૂદ્ધ હોય તેના કરવાવાળાને કાફિર કહેવામાં આવશે. દા. ત. મૂર્તિ અથવા ચંદ્ર-સૂરજ વિગેરેને સિજદો કરવું અને નબીની હત્યા અથવા નબીની તોહીન (અપમાન) અથવા સહીફાઓ ( આકાશી કિતાબો ) અથવા કા'બા શરીફનું અપમાન, હુઝૂરની કોઇ સુન્નતની કોઈ સુન્નતને હલકું સમજવું, આ વાતો વાસ્તવમાં કુફ્ર છે. એવી જ રીતે કેટલાક અઅમાલ છે. દા. ત. જનોઈ બાંધવું, માથા પર ચોટી રાખવું, આવા કૃત્યો કરનારને ફુકહાએકિરામ કાફિર કહે છે. તો જ્યારે આવા અઅમાલથી કુફ્ર લાઝિમ થાય છે તો તેના કરવાવાળાને ફરીથી ઈસ્લામ લાવવા અને તે પછી પોતાની સ્ત્રી સાથે ફરીથી નિકાહ પઢવાનો હુકમ આપવામાં આવશે.

**અકીદહ** : (૧૧૭) જે વસ્તુનું હલાલ હોવું નસ્સેકત્ઈ (કુર્આનની આયતો)થી સાબિત હોય તેને હરામ કહેવું અને જેનું હરામ હોવું યકીની હોય તેને હલાલ બતાવવું કુફ્ર છે. જ્યારે આ હુકમ જરૂરી આતે દીન પૈકી હોય અથવા મુનકિર આ કત્ઈ હુકમથી જાણકાર હોય.

**મસ્અલો** : મૂળ અકાઈદમાં તકલીદ (અનુસરણ) જાઈઝ નથી, બલ્કે, જે વાત હોય તે કતઈ યકીન સાથે હોય. ભલે તે યકીન કોઈ પણ રીતે પ્રાપ્ત થાય, તેની પ્રાપ્તિમાં ખાસ કરીને ઈસ્તીદલાલી ઈલ્મ (તર્કશાસ્ત્રનો ઈલ્મ) ની જરૂર નથી. હા, કેટલાક ફુરૂઈ (આનુષંગિક) અકાઈદમાં તકલીદ થઈ શકે છે. આ બાબતે ખુદ **અહલે સુન્નત**'માં બે ગિરોહ છે. (૧) માતુરીદયહના ઈમામ, ઈલ્મુલહુદા હઝરત અબૂમન્સૂર માતુરીદી રદીયલ્લાહો અન્હોની તાબેદારી કરવાવાળા માતુરીદી થયા અને (૨) અશાએરહ ગિરોહવાળા, હઝરત ઈમામ શૈખ અબૂલહસન અશઅરી રહેમતુલ્લાહે અલૈહની ઈત્તેબાઅ કરનારા છે. આ બંને જમાઅતો અહલે સુન્નતનીજ છે અને બન્ને હક્ક પર છે. તેઓમાં કેટલાક ફુરૂઈ મસ્અલાઓમાં મતભેદ છે તેઓનો મતભેદ હન્ફી-શાફેઈ જેવો છે. કે બંને અહલેહક્ક છે. કોઇ કોઈને જુઠલાવી શકતું નથી.

**મસ્અલો** : ઈમાન વધઘટને લાયક નથી, એટલા માટે કે ઓછું-વધારે એમાં થાય છે જે માત્રા-પરિમાણ અર્થાત લંબાઇ, પહોળાઇ, જાડાઇ અથવા ગણત્રી ધરાવતું હોય. ઈમાન તસ્દીક છે અને તસ્દીક-કૈફ અર્થાત એક હાલતે ઈઝઆનિય્યહ (વિશ્વસનિય સ્થિતિ) છે. કેટલીક આયતોમાં ઈમાનનું વધારે થવું જે બયાન ફરમાવ્યું છે તેનો ભાવાર્થ મુમનબેહિ' તથા મુસદ્દક બેહિ છે. એટલે જેના પર ઈમાન લાવવામાં આવ્યું અને જેની તસ્દીક કરવામાં આવી કે, કુર્આનના નુઝૂલના સમયે તેની કોઇ હદ નક્કી હતી નહિ. બલ્કે અહકામ નાઝિલ થતા રહેતા હતા. અને જે હુકમ નાઝિલ થતો તેના પર ઈમાન લાવવું લાઝિમ હોતું હતું, ન કે ખુદ નફ્સેઈમાન વધી ઘટી જતું હોય. અલબત્ત ઈમાન શિદ્દત (સખત) તથા ઝોઅફ (કમઝોર)ને યોગ્ય છે કે, આ કૈફની વ્યાધિઓ પૈકી છે. હઝરત સિદ્દીકેઅકબર રદીયલ્લાહો અન્હોનું એકલું તન્હા ઈમાન આ ઉમ્મતની તમામ વ્યક્તિઓના સામૂહિક ઈમાનો પર ગાલિબ છે.

**અકીદહ** : (૧૧૮) ઈમાન તથા કુફ્રમાં સંબંધ નથી અર્થાત આદમી યા તો મુસલમાન હશે અથવા કાફિર. ત્રીજું સ્વરૂપ કોઈ નથી કે, ન મુસલમાન (૧) હોય ન કાફિર.

**મસ્અલો** : નિફાક : (કપટ) એટલે જીભથી ઈસ્લામનો દાવો કરવો અને દિલમાં ઈસ્લામથી ઈનકાર કરવું, આ પણ બિલકુલ કુફ્ર છે. બલ્કે એવા લોકો માટે જહન્નમનો સૌથી નીચેનો વર્ગ છે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પવિત્ર જમાનામાં કેટલાક લોકો આલક્ષણના આ નામ સાથે મશહૂર થયા કે, તેમના બાતિની કુફ્ર પર કુર્આનની આયતો નાઝિલ થઈ. અને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાના વિશાળ ઈલ્મથી એક એકને ઓળખ્યો અને ફરમાવી દીધું કે, "આ મુનાફિક છે." હવે આ જમાનામાં કોઈ ખાસ માણસ વિષે ખાત્રીથી મુનાફિક કહી શકાતું નથી કે, અમારી સમક્ષ ઈસ્લામનો દાવો કરે, અમે તેને મુસલમાન જ સમજીશું જ્યાં સુધી કે તેનાથી તે કોલ અથવા ફેલ જે ઈમાન વિરૂદ્ધ છે અમલમાં ન આવે. અલબત્ત નિફાકની એક શાખા આ જમાનામાં દેખવામાં આવે છે કે,

(૧) હા, એ શકય છે કે અમે શંકાના લિધે કોઇને ન મુસલમાન કહીએ ન કાફિર. દા. ત. યઝીદ પલીદ તથા મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી.

કેટલાય બદમઝહબ વાળા પોતાને મુસલમાન કહે છે અને દેખવામાં આવે છે કે ઈસ્લામના દાવા સાથે જરૂરીયાતે દીનનો ઈન્કાર પણ છે.

**અકીદહ :** (૧૧૯) શિર્ક નો અર્થ ગેરખુદાને, 'વાજિબુલ વુજૂદ' અથવા ઇબાદતને લાયક જાણવું એટલે કે ઉલૂહીયતમાં બીજાને શરીક કરવું. કુફ્રનો આ સૌથી બદતર પ્રકાર છે. તેના સિવાય કોઇ વાત જોકે કેટલીય સખ્ત કુફ્ર હોય, વાસ્તવમાં શિર્ક નથી. જેથી પાક શરીઅતે, અહલેકિતાબ કાફિરોના અહકામ, મુશરિકોના અહકામથી જુદા (બયાન) ફરમાવ્યા. કિતાબીનું ઝુબ્હ કરેલ (જાનવર) હલાલ ઠેરવ્યું અને મુશરિકનું ઝુબ્હ કરેલું જાનવર મુરદાર. કિતાબીયહથી નિકાહ થઇ શકે છે, પરંતુ મુશરિકા (મુશરિક સ્ત્રી)થી થઈ શકતો નથી. ઇમામ શાફઇના નજીક કિતાબીથી જઝિયો લેવામાં આવશે અને મુશરિકથી લેવામાં આવશે નહીં. અને કયારેક શિર્ક બોલીને સર્વથાકુફ્ર મુરાદ લેવામાં આવે છે. આ જે કુર્આને અઝીમમાં ફરમાવ્યું કે, "**શિર્ક બખ્શવામાં નહીં આવે.**" તે એજ અર્થમાં છે. એટલે કે મૂળમાં કોઇકુફ્રની મગફેરત થશે નહીં. બાકીના સૌ ગુનાહ અલ્લાહ ત્આલાની મશિયય્ત (ઇચ્છા) પર છે. જેને ઇચ્છે બખ્શી દે.

**અકીદહ :** (૧૨૦) ગુનાહે કબીરાનો કસુરવાર મુસલમાન છે અને જન્નતમાં પણ જશે. ભલે, અલ્લાહ પોતાના ફક્ત ફઝલો કરમથી તેની મગફેરત કરીદે અથવા હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શફાઅત કર્યા પછી અથવા પોતાના કુકર્મોની(જહન્નમમા) સજા પામીને (જન્નતમાં જશે) ત્યાર પછી કયારેય તે જન્નતથી નીકળશે નહીં.

**મસ્અલો :** જો કોઈ કાફીર માટે તેના મૃત્યુ પછી મગફેરત (મોક્ષ) ની દુઆ કરે અથવા કોઈ મૃત્યુ પામેલા મુર્તદને, 'મરહૂમ' અથવા કોઈ હિન્દુ મૃતક ને 'વૈકુંઠવાસી' કહે તે (ખૂદ) કાફીર છે.

**અકીદહ :** (૧૨૧) મુસલમાન ને મુસલમાન અને કાફિરને કાફિર જાણવું તે જરૂરીયાતે દીન પૈકી છે.. અગરચે કોઈ ખાસ વ્યક્તિ સંબંધે એ યકીન કરી શકાતું નથી કે, તેનો ખાતમો ઇમાન પર અથવા (મઆઝલ્લાહ) કુફ્ર પર થયો. ત્યાં સુધી કે, તેના ખાતમાનો હાલ શરઈ દલીલથી સાબિત ન થાય, એનાથી એવું થશે નહિ કે, જે માણસે કત્અન કુફ્ર કર્યું હોય તેના કુફ્રમાં શંકા કરવામાં આવે કારણ કે નિશ્ચિત કાફિરના કુફ્રમાં શંકાપણ, આદમીને કાફિર બનાવી દે છે. ખાતમા પર કેયામતના દિવસે અને ઝાહેર પર, શરઈ હુકમેનો દારોમદાર છે. તેને એવું સમજો કે, કોઈ કાફિર દા. ત. યહુદી અથવા ખ્રિસ્તી અથવા બુતપરસ્ત મરી ગયો, તો યકીન સાથે એ કહી શકાતું નથી કે તે કુફ્ર પર મર્યો. પરંતુ અમને અલ્લાહ તથા રસૂલનો હુકમ એજ છે કે, તેને કાફિરજ જાણીએ. તેની ઝિંદગીમાં અને મૃત્યુ પછી તમામ એજ મામલાઓ તેની સાથે કરીએ જે કાફિર માટે છે. દા. ત. મેળ-મિલાપ, શાદીવિવાહ, જનાઝા ની નમાઝ, કફનદફન વિગેરે. જ્યારે તેણે કુફ્ર કર્યું તો ફરજ છે કે, અમે તેને કાફિરજ જાણીએ. અને તેના ખાતમાનોહાલ ઈલ્મેઈલાહી પર છોડીએ. જેવી રીતે જે જાહેરમાં મુસલમાન હોય અને તેનાથી કોઈ કોલ (વાણી) તથા ફેલ (કર્મ) ઈમાન વિરૂદ્ધ ન હોય, તો ફરજ છે કે, અમો તેને મુસલમાન જ માનીએ. જો કે અમને તેના ખાતમાનો પણ હાલ માલૂમ નથી. આ જમાનામાં કેટલાક લોકો એવું કહે છે કે "મીયાં ! જેટલો સમય તેને કાફિર કહેશો, તેટલો સમય અલ્લાહ-અલ્લાહ કરો કે, તે સવાબની વાત છે." તેનો જવાબ એ છે કે, અમે કયારે કહીએ છીએ કે, કાફિર-કાફિરનો વઝીફો કરી લો. મકસદ એ છે કે, તેને કાફિર જાણો અને પૂછવામાં આવે તો, નિશ્ચિત કાફિર કહો. એવું નહિ કે પોતાની 'સુલેહ કુલ્લી'થી તેના કુફ્રનો ઢાંકપીછોડો કરો.

★ **જરૂરી ચેતવણી** : હદીસમાં છે કે. "**સતફતરેકો ઉમ્મતી સલાસંવ વ સબ્ઈના ફિર્કતન કુલ્લોહુમ ફીન્નાર ઈલ્લા વાહેદતન**" (અર્થ : આ ઉમ્મત તોહત્તેર (૭૩) ફિરકાઓમાં વ્હેંચાઇ જશે. તે પૈકી એક ફિરકો જન્નતી હશે. બાકીના બધા જહન્નમી હશે.) સહાબાઓએ અરજ કરી : **મન હુમ યા રસૂલલ્લાહ** ? તે "**નાજી**" (**નજાત મેળવનાર**) ફિરકો કયો છે ? આપે ફરમાવ્યું : "**મા અના અલૈહે વ અસ્હાબી.**" (અર્થ : તેઓ જેના પર હું અને મારા સહાબા છે.) અર્થાત : સુન્નતની પયરવી કરનારાઓ. બીજી રિવાયતમાં છે કે, ફરમાવ્યું : "**હુમુલ-જમાઅતો**" (અર્થ : તે જમાઅત છે.) અર્થાત : મુસલમાનોનો મોટો ગિરોહ. જેને સવાદે આઝમ ફરમાવ્યું. અને આપે ફરમાવ્યું કે, જે તેનાથી અલગ થયો તે જહન્નમમાં અલગ થયો. એજ કારણથી આ 'નાજી' ફિરકાનું નામ, અહલે સુન્નત વ જમાઅત થયું. તે ગુમરાહ ફિરકાઓમાં કેટલાય પેદા થઇને ખતમ થઈ ગયા. તેમાંના કેટલાક ફિરકા હિન્દુસ્તાનમાં નથી. માટે તે ફિરકાઓના ઉલ્લેખની અમને શી જરૂર ? કે ન તે છે ન તેમનો ફિત્નો. પછી તેમના ઉલ્લેખથી શું મતલબ ? જે ફિરકાઓ આ હિન્દુસ્તાનમાં (ઉપખંડ) માં છે સંક્ષિપ્તમાં તેમના અકાઇદનું વર્ણન કરવામાં આવે છે કે, અમારા અવામ મુસલમાન ભાઇ તેમના ફરેબમાં ન આવે. કે હદીસમાં ઈરશાદ ફરમાવ્યો : "**ઈય્યાકુમ વઈય્યાહુમ લાયોદ્વિલ્લૂનકુમ વલાયૂફતેનૂનકુમ.**"

(અર્થ : પોતાને તેમનાથી દૂર કરો. કારણ કે તેઓ તમને ગુમરાહ ન કરીદે અને તેઓ તમને ફિત્નામાં ન નાંખી દે.)

## બાતિલ ફિર્કાઓ :

**(૧) કાદિયાની** : કે જે મિરઝાં ગુલામ અહમદ કાદિયાનીના માનવાવાળા છે. તે માણસે પોતાની, નુબુવ્વતનો જુઠો દઅવો કર્યો અને અંબિયાયે કિરામ અલયહિમુસ્સલામની શાનમાં બહુજ ધૃષ્ટતાથી ગુસ્તાખીઓ કરી. ખાસ કરીને હઝરત ઈસા રૂહુલ્લાહ વ કલેમતુલ્લાહ અલયહિસ્સલાતો વસ્સલામ અને તેમના વાલિદહ (અમ્મા સાહેબા) માજેદા, તૈયેબહ તાહેરા, સીદ્દીકા અને તેમના વાલિદહ હઝરત મરયમની પવિત્ર શાનમાં તે બેહુદા શબ્દો વાપર્યા કે, જેના ઉલ્લેખથી મુસલમાનોના દિલ કાંપી જાય છે. પરંતુ જમાનાની જરૂરત મજબૂર કરી રહી છે કે, લોકો સમક્ષ તે પૈકી કેટલાક શબ્દો નમૂના તરીકે રજૂ કરવામાં આવે.

ખૂદ નુબુવ્વત ના દાવેદાર બનવું તે કાફિર થવા અને અનંત જહન્નમમાં રહેવા માટે કાફી હતું. કારણ કે **કુર્આન મજીદનો ઈન્કાર અને હુઝુર ખાતેમુન્નબીય્યીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમને, ખાતેમુન્નબીય્યીન ન માનવું છે.** પરંતુ, તેણે એટલીજ વાતથી સંતોષ ન માન્યો, બલ્કે અંબિયા અલયહેમુસ્સલામની તોહીનનો વબાલ પણ પોતાના શિરે વહોરી લીધો. અને આ સેંકડો કુફ્ર નો મજમૂઓ છે કે, દરેક નબીને જુઠલાવવું તે સંપૂર્ણત કુફ્ર છે. ભલે પછી બીજા અંબિયાઓ તથા બીજી જરૂરિયાતનો સ્વીકારકર્તા બનતો હોય, બલ્કે કોઈ એક નબીને જુઠલાવવું તે સર્વ નબીઓને જૂઠલાવવા બરાબર છે. જેવું કે આયત : "**કઝ્ઝબત કૌમો નૂહે (નિ)લ-મુર્સલીન.**" (અર્થ : નૂહની કોમે. રસૂલોને જુઠલાવ્યા.) વિગેરે તેની સાક્ષી છે તેણે તો સેંકડો નબીઓને જુઠલાવ્યા અને પોતાને નબીથી બહેતર બતાવ્યો. એવા શખ્સ અને તેના અનુયાયીઓને કાફિર હોવામાં મુસલમાનોને હરગિઝ શક હોઈ શકતો નથી. બલ્કે એવાની તકફીરમાં તેના કથનો પર જાણકાર થઇને, જે શંકા કરે તે ખૂદ કાફિર છે.

હવે તેના (કાદીયાનીના) કુફ્રી કથનો સાંભળો. (નીચે તેના ગુજરાતી અર્થ રજુ કરીએ છીએ-અનુ.)

★ "ખુદા તઆલાએ, બરાહીને અહમદીયા'માં આ આજિઝનું નામ ઉમ્મતી પણ રાખ્યું અને નબી પણ." (એઝાલએ અવહામ, પેજ-૫૩૩)

☆ "અય અહમદ ! તારૂં નામ પુરૂં થઈ જશે, એનાથી પહેલાં કે, મારૂં નામ પુરૂં થાય." (અંજામે આથમ, પેજ-૫૨)

એજ કિતાબના પેજ નં. ૫૫ માં નીચે મુજબ લખ્યું છે.

☆ "તને ખુશ ખબરી થાય અય અહમદ ! તું મારી મુરાદ છે અને મારી સાથે છે." (અંજામે આથમ, પેજ-૫૫)

હુઝુર રસૂલુલ્લાહ સલ્લાહો અલયહે વસલ્લમની શાને અકદસમાં જે આયતો હતી, તેને (કાદિયાની કઝ્ઝાબે) પોતાના ઉપર ફીટ કરી લીધી.

☆ અન્જામ, પેજ નં-૭૮માં કહે છે. "વમા અર્સલ્નાક ઈલ્લા રહમતલ-લિલ-આલમીન." તને તમામ જગતની રહમત માટે રવાના કર્યો. વધુમાં આ કાદયાની કઝ્ઝાબ કુર્આનશરીફની આ આયતે કરીમા : "વમુબશ્શેરમ્-બેરસૂલીંયયા'તી મિમ્બઅદીસ્મોહુ અહમદ."થી પોતાની જાત મુરાદ લે છે. (હાલાંકે, ઉપરોક્ત આયત હુઝુર નબીયે કરીમ સંબંધી છે. હઝરત ઈસા અલૈહિસ્સલામે, હુઝુરના આગમનની બશારત આપી હતી, તેનું તેમાં વર્ણન છે.-અનુ)

☆ "દાફેઉલબલા, પેજ-૬ માં છે. મને અલ્લાહ તઆલા ફરમાવે છે : અન્ત મિન્ની બેમન્ઝેલતે ઔલાદી, અન્ત મિન્ની વ અના મિન્કા." (અર્થાત : અય ગુલામઅહમદ ! તું મારી ઔલાદની જગ્યાએ છે. તું મારાથી અને હું તારાથી છું.)

☆ ઈઝાલએ અવહામ, પેજ-૬૮૮માં છે : "હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહોઅલયહે વસલ્લમના ઈલ્હામ તથા વહી ગલત નીકળી હતી." એજ કિતાબના પેજ નં. ૮માં છે-

☆ "હઝરત મુસાની પેશગોઈઓ (ભવિષ્ય વાણીઓ) પણ એ સ્વરૂપે પ્રગટ થઈ નથી જે સ્વરૂપમાં હઝરત મુસાએ પોતાના દિલમાં ઉમ્મીદ રાખી હતી. આનો ઉદ્દેશ્ય એ છે કે, હઝરત મસીહની પેશગોઈઓ અધિકતમ ગલત-જુઠી નીકળી." (-ઈઝાલએ અવહામ)

☆ ઈઝાલએ અવહામ, પેજ-૭૭૫ માં છે. "સુરએ બકરહમાં જે એક કતલનો ઉલ્લેખ છે કે, ગાયની બોટીઓ લાશ પર મારવાથી તે કતલ થનાર જીવંત થઈ ગયો હતો, અને પોતાના હત્યારાની ઓળખ આપી દીધી હતી, તે કેવળ મુસા (અલયહિસ્સલામ) ની ધમકી હતી અને મેસ્મેરીઝમની વિદ્યા હતી." એનાજ પેજ ૫૫૩ માં લખે છે-

☆ "હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામનું ચાર પક્ષીઓના મોઅજેઝાનું વર્ણન જે કુર્આનશરીફમાં છે તે પણ તેમના મેસ્મેરીઝમનો અમલ હતો." (ઈઝાલએ અવહામ, પેજ-૫૫૩)

☆ એજ કિતાબના પેજનં ૬૨૯માં છે કેઃ " એક બાદશાહના સમયમાં ચ ારસો નબીઓએ તેના વિજય વિષે પેશગોઈઓ કરી અને તેઓ જુઠા સાબિત થયા. અને બાદશાહનો પરાજ્ય થયો બલ્કે એજ લડાઈમાં તે માર્યો ગયો. " એજ કિતાબના પેજ નં. ૨૬-૨૭માં (કાદયાની કઝ્ઝાબ) લખે છે—

☆ " કુર્આનશરીફમાં ગંદી ગાળો ભરેલી છે અને કુર્આને અઝીમ કડક ભાષાની રીતનો ઉપયોગ કરી રહ્યું છે." અને પોતાની કૃતિ "બરાહીને અહમદીયા" વિષે 'ઈઝાલએ અવ્હામ' નામની કિતાબના પેજ નં. ૫૩૩માં લખે છેઃ " બરાહીને અહમદીયા ખુદાનો કલામ છે."

"અર્બઈન" નં. ૨, પેજ નં. ૧૩ પર લખ્યું છે. "કામિલ મહદી ન મુસા હતા ન ઈસા." આ ઉલૂલ અઝમ રસૂલોનું હાદિ હોવું તો બાજુએ રહ્યું, પરંતુ તેમને પૂરા માર્ગ પામેલ પણ ન માન્યા. હવે ખાસ હઝરત ઈસા અલયહિસ્સલામની શાનમાં જે ગુસ્તાખીઓ કરી છે તે પૈકી થોડીક આ પ્રમાણે છે.

☆ મેયાર, પેજ-૧૩માં છે : અય ઈસાઇ મિશનરીઓ ! હવે "રબ્બોનલ મસીહ" (અમારો રબ્બ મસીહ છે.) ન કહો, અને જુઓ કે, આજે તમારામાં એક છે જે તે મસીહ કરતા વધીને છે.

☆ "પેજ નં. ૧૩ તથા ૧૪માં છેઃ "ખુદાએ આ ઉમ્મતમાંથી મસીહે મૌઊદ મોકલ્યો જે તે પહેલાના મસીહ કરતાં પોતાની તમામ શાનમાં બહુજ વધીને છે. અને તેણે આ બીજા મસીહનું નામ : ગુલામઅહમદ રાખ્યું, કે જેથી એ ઇશારો થાય કે ઈસાઈઓનો મસીહ કેવો ખુદા છે ? જે અહમદના અદના ગુલામથી પણ મુકાબલો કરી શકતો નથી. અર્થાત તે કેવો મસીહ છે જે પોતાના કુર્બ (નીકટના) અને શફાઅતના મરતબામાં અહમદના ગુલામથી પણ ઉતરતો છે." ( મેયાર )

☆ કિશ્તી, પેજ નં. ૧૩માં છે, "મુસાનો અનુરૂપ મુસાથી વધીને અને ઈબ્ને મરયમઃ (ઇસા)નો અનુરૂપ, ઇસાથી વધીને." તેવીજ રીતે પેજ નં. ૧૬ માં છે, " ખુદાએ મને ખબર આપી છે કે, મુહમ્મદીમસીહ, મસીહે મૂસવીથી અફઝલ છે.

☆ " દાફેઉલ બલા " પેજ નં. ૨૦માં છે. "હવે ખુદા બતાવે છે કે, દેખો હું તેના જેવો બીજો પેદા કરીશ, જે તેનાથી પણ બહેતર છે, જે ગુલામે અહમદ છે. અર્થાત : અહમદનો ગુલામ.

ઇબ્ને મરયમ કે ઝિક્ર કો છોળો,
ઉસ સે બહેતર ગુલામે અહમદ હય.

" આ વાતો શાએરાના નથી, બલ્કે વાસ્તવિકતાની છે. અને જો અનુભવની રીતે ખુદાનું સમર્થન મસીહ ઇબ્ને મરયમથી વધીને મારી સાથે ન હોય તો હું જુઠો છું."

☆ દાફેઉલ બલા, પેજ નં. ૧૫માં છે : "ખુદા તો પાબંદી સાથે પોતાના વાયદાઓની દરેક ચીઝ પર કાદિર (શક્તિમાન) છે, પરંતુ એવા માણસને બીજીવાર કોઇ રીતે દુનિયામાં લાવી શકતો નથી જેના પ્રથમ ફિત્નાએજ જગતને તબાહ કરી દીધું હોય."

☆ અન્જામે આથમ, પેજ નં. ૪૧માં લખે છે : "મરયમનો બેટો, કશલિયાના બેટા કરતાં કાંઇ અધિકતા ધરાવતો નથી." ( નોટઃકાદયાની કઝ્ઝાબની માંનું નામ કશલિયા હશે-અનુ.) ' કશ્તીએનૂહ,'

પેજ નં.૫૬માં છે "મને કસમ છે તે જાતની જેના હાથમાં મારો પ્રાણ છે કે, જો મસીહ ઈબ્ને મરયમ મારા જમાનામાં હોત તો તે કલામ જે હું કરી શકુ છું તે હરગિઝ ન કરી શક્ત અને તે નિશાનીઓ જે મારાથી જાહેર થઈ રહી છે તે કદાપિ દેખાડી ન શકત." (-કશ્તીએનૂહ)

એઅ્જાજે અહમદી, પેજ ૧૩માં છે: "યહુદીઓ તો હઝરત ઈસાના મામલામાં અને તેમની ભવિષ્યવાણીઓ વિષે એવા મજબૂત આક્ષેપો મુકે છે કે, અમે પણ જવાબ દેવામાં પરેશાન છીએ. હા, તેમનાથી છુટકારો મેળવવા એમ કહી દઈએ કે, જરૂર ઈસા નબી છે. કારણ કે કુર્આને તેને નબી ઠેરવ્યો છે. બીજી કોઈ દલીલ તેમની નુબુવ્વત પર કાયમ થઈ શકતી નથી, બલ્કે નુબુવ્વતને જુઠલાવવા પર કેટલીય દલીલો કાયમ છે." આ કથનમાં યહુદીઓના આક્ષેપો સત્ય હોવાનું બતાવ્યું અને કુર્આને અઝીમ પર પણ સાથે સાથે એ આક્ષેપ ઠોકી બેસાડયો કે, કુર્આન એવી વાતની તઅ્લીમ આપી રહ્યું છે જેના જુઠાપણ પર દલીલો સ્થાપિત છે.

એજ કિતાબના પેજ નં. ૧૪માં છે: "ઈસાઈ તો તેમની ખુદાઈને રડે છે, પરંતુ અહીં નુબુવ્વત પણ તેમની સાબિત નથી." એજ કિતાબના પેજ નં. ૨૪, પર લખ્યું છે: "કયારેક આપને (હઝરત ઈસાને) શયતાની ઈલ્હામ પણ થતા હતા."

ને મુસલમાનો તમને ખબર છે કે, શયતાની ઈલ્હામ કોને થાય છે? કુર્આન ફરમાવે છે: "**તનઝઝલો અલાકુલ્લે અફ્ફાકિન અસીમ.**" (મોટા દોષારોપણવાળા સખત ગુનેહગાર પર શયતાન ઉતરે છે.)

☆ એજ પાના પર લખ્યું છે, "તેમની અકસર પેશગોઈઓ (ભવિષ્ય વાણીઓ) ભુલથી ભરેલી છે." પેજ નં. ૧૩માં છે: "અફસોસથી કહેવું પડે કે, તેમની પેશગોઈઓ પર યહુદીઓના સખત આક્ષેપો છે, જે અમે કોઈ રીતે ટાળી શકતા નથી." પેજ નં. ૧૪માં છે: "હાય, કોની આગળ આ માતમ લઈ જઈએ કે, હઝરત ઈસા અલયહિસ્સલામની ત્રણ પેશીનગોઈઓ સ્પષ્ટ રીતે જુઠી નીકળી." આનાથી તેમની નુબુવ્વતનો ઇન્કાર છે. જેથી પોતાની કિતાબ 'કશ્તીએનૂહ',ના પેજ નં. ૫માં લખે છે: "શકય નથી કે નબીઓની પેશીનગોઈઓ ટળી જાય." અને 'દાફેઉલવસાવસ,' પેજ-૩ તથા અન્જામ આથમના પરિશિષ્ઠના પેજ નં ૨૭ પર તેને સઘળી રૂસ્વાઈઓથી વધીને રૂસ્વાઈ-બેઈઝઝતી અને અપમાન કહે છે.

☆ દાફેઉલબલા. ટાઈટલ પેજ-૩ પર લખે છે: "અમે મસીહને બેશક. એક સત્યવાદી આદમી સમજીએ છીએ કે, પોતાના જમાનાના અકસર લોકોથી અલબત્ત સારો હતો. વલ્લાહો તઆલા અઅ્લમ પરંતુ તે હકીકી (ખરેખર) "મુન્જી" (નજાત દેનાર) ન હતો. વાસ્તવિક "મુન્જી" તે છે જે હિજાઝમાં પેદા થયો હતો, અને હવે પણ આવ્યો પરંતુ 'બરોઝ'ની રીતે ખાકસાર ગુલામઅહમદ, કાદીયાનમાંથી." આગળ ચાલીને સત્યવાદનો પણ ફેંસલો કરી દીધો. કહે છે: "આ અમારૂં બયાન સદાચારની રીતે છે. નહી તો શકય છે કે, ઈસાના યુગમાં કેટલાંક સત્યવાદીઓ પોતાના સત્યવાદમાં ઈસાથી પણ ઉંચ્ચ હોય." એનાજ પેજ-૪માં લખ્યું છે: "મીસહનું સત્યવાદ પોતાના યુગમાં બીજા સત્યવાદીઓથી વધીને સાબિત થતું નથી. બલ્કે યહયાને તેના પર ફઝીલત છે. કારણ કે તે (યહયા) શરાબ પીતો ન હતો. અને કયારેય ન સાંભળ્યું કે કોઈ ફાહેશા (વેસ્યા) સ્ત્રીએ પોતાની કમાણીના

માલથી તેના માથા પર અત્તર લગાડયું હતું અથવા હાથો અને પોતાના માથાના વાળથી તેના શરીરને સ્પર્શ કર્યો હતો અથવા કોઈ સંબંધહીન જવાન સ્ત્રી તેની ખિદમત કરતી હતી. એજ કારણોસર ખુદાએ કુર્આનમાં યહયાનું નામ હુસૂર રાખ્યું, પરંતુ, મસીહનું ન રાખ્યું, કારણ કે આવા કિસ્સા આવું નામ રાખવા માટે માનેઅ (અડચણરૂપ) હતા.

☆ "અન્જામ આથમ"ના વધારાના પેજ નં. ૭ માં લખ્યું છે : "આપનું કંજરી સ્ત્રીઓ (વેશ્યાઓ)થી મેળાપ અને સંગત પણ કદાચ એજ કારણોસર હોય કે શારીરિક સંબંધ, વચ્ચે છે. નહી તો કોઈ પરહેઝગાર માનવી એક જવાન કુલ્ટાને એ પ્રસંગ આપી શકતો નથી કે, તેણી તેના માથા પર પોતાનો નાપાક હાથ લગાવી દે અને વ્યભિચારની કમાણીનું નાપાક અત્તર તેના માથા પર ચોળે અને પોતાના વાળોને તેના પગો પર મસળે. સમજવાવાળા સમજી લે કે, આવો માણસ, કેવી ચાલચલગતનો માણસ હોઈ શકે છે ?" એવીજ રીતે આ રિસાલામાં તે મુકદ્દસ તથા બુઝુર્ગ રસૂલ પર બીજા બહુજ સખત-સખત હુમ્લા કર્યા. દષ્ટાંત રૂપે : શરીર (દુષ્ટ), મક્કાર, કમઅક્કલ, બિભત્સશબ્દો બોલનાર, બદઝબાન, જુઠો, ચોર, દિમાગના ખલલવાળો, બદકિસ્મત, નર્યો ફરેબી, શયતાનની તાબેદારી કરનાર, હદ તો એ છે કે, પેજ નં. ૭ પર લખ્યું છે : "આપનું ખાનદાન પણ બહુજ પાક અને પવિત્ર છે, આપની ત્રણ દાદીઓ અને નાનીઓ (માતામહ) ઝિનાકાર અને વેશ્યા સ્ત્રીઓ હતી, જેના લોહીથી આપનું અસ્તિત્વ થયું."

દરેક માણસ જાણે છે કે દાદી, બાપની માંને કહેવામાં આવે છે, તો તેણે (કાદયાનીએ) હઝરત ઇસા અલયહિસ્સલામ માટે બાપનું હોવું બ્યાન કર્યું, જે કુર્આનની વિરૂદ્ધ છે. અને બીજા સ્થળે અર્થાત : કિશ્તીએ નૂહ, પેજ-૧૬માં ખુલાસો કરી દીધો કે, "યસૂઅ મસીહના ચાર ભાઈ અને બે બહેનો હતી. આ સઘળા 'યસૂઅ'ના સગાભાઈ તથા સગીબહેનો હતી. અર્થાત : યૂસુફ અને મરયમની ઔલાદ હતા.'

☆ હઝરત મસીહ અલયહિસ્સલામના મોઅજેઝાએ.નો એકદમ ઈનકાર કરી દીધો. "અન્જામે-આથમ" પેજ નં. ૬ માં લખે છે : "હક્ક વાત એ છે કે, આપથી કોઈ મોઅજેઝો ન થયો. પેજ નં. ૭ પર લખ્યું છે કે તે જમાનામાં એક તળાવથી મોટી મોટી નિશાનીઓ પ્રગટ થતી હતી. આપથી કોઈ મોઅજેઝો થયો પણ, તો તે આપનો નહી, તે તળાવનો છે. આપના હાથમાં મકરો-ફરેબ સિવાય કાંઇ ન હતું." (અલ્લાહની પનાહ—અનુ.)

"ઈઝાલએ અવહામ" ના પેજ નં. ૪માં છે, "સિવાય તેના કે જો મસીહના અસલી કામો ને તે હવાશી (બનાવો)થી અલગ કરીને દેખવામાં આવે જે કેવળ મિથ્યારોપ અથવા ભ્રમથી ઘડી કાઢયા છે, તો કોઈ આશ્ચર્યચકિત ચીઝ દેખાતી નથી. બલ્કે મસીહના મોઅજેઝાઓ પર જેટલા પ્રમાણમાં આક્ષેપો છે. હું નથી સમજી શકતો કે કોઈ બીજા નબીના ચમત્કારો પર આવી શંકાઓ હોય. શું તળાવનો કિસ્સો મસીહી મોઅજેઝાઓની રોનક દૂર નથી કરતો ?" કયાંક તેમના મોઅજેઝાઓને ચાવીવાળું રમકડું બતાવે છે, કયાંક મેસ્મેરીઝમ બતાવીને કહે છે : "જો આ આજિઝ આ અમલને મકરૂહ અને ધિક્કાર યોગ્ય ન સમજતો તે તેવા ચમત્કારો બતાવવામાં ઈબ્ને મરયમથી ઉતરતો ન રહેતો" અને મેસ્મેરીઝમની વિશિષ્ટતા એ બતાવી કે, "જે પોતાની જાતને આ લીનતામાં નાંખે તે રૂહાની તાસીરોમાં, જે રૂહાની બિમારીઓને દૂર કરે છે, બહુજ અશક્ત અને નકામો થઈ જાય છે. એજ કારણ છે કે, જો કે મસીહ શારીરિક બીમારીઓને આ અમલ દ્વારા સારૂં કરતા રહ્યા, પરંતુ હિદાયત તથા તવહીદ અને દીની દઢતાઓને દિલમાં સ્થાપિત કરવામાં તેમનો નંબર એવો ઓછો રહ્યો કે, લગભગ નિષ્ફળ રહ્યા."

તાત્પર્ય કે આ (કઝ્ઝાબ) દજ્જાલ કાદિયાનીની જુઠી અને વાહિયાત વ્યર્થ વાતો ક્યાં સુધી ગણાવવામાં આવે તેના માટે મોટા મોટા રજીસ્ટર જોઈએ, મુસલમાન તેની આ થોડીક વ્યર્થ વાતોથી, તેના હાલાત સારી રીતે સમજી શકે છે, કે તે ઉલૂલ અઝમ નબી (હઝરત ઈસા અલયહિસ્સલામ)ના ફઝાઈલ જે કુર્આનમાં બયાન થએલા છે, તેમના પર આ કેવા ગંદા હુમ્લા કરી રહ્યો છે. આશ્ચર્ય છે તે ભોળા લોકો પર કે, આવા જુઠા દજ્જાલના અનુયાયી થઈ રહ્યા છે. અથવા કમથી કમ તેને મુસલમાન સમજી રહ્યા છે. અને સૌથી વધુ આશ્ચર્ય તે કેળવણી પામેલ અધુરીઆઓથી કે જાણી-બુઝીને તેની સાથે, જહન્નમના ખાડાઓમાં પડી રહયા છે. શું આવા (દજ્જાલ-કઝ્ઝાબ) માનવીના કાફિર, મુરતદ, બેદીન હોવામાં કોઇ મુસલમાનને શંકા હોઇ શકે છે ? હાશ લિલ્લાહ ! **"મન શક્ક ફી-અઝાબેહિ વ કુફ્રેહિ ફકદ કફર."** જે આ ખબાસતો (દુષ્ટતાઓ) ને જાણ્યા પછી તેના અઝાબ તથા કુફ્રમાં શંકા કરે તે ખૂદ કાફિર છે.

## (નં. ૨) રાફઝી :

(૨) **રાફઝી** : તેમના મઝહબ (ધર્મ)ની થોડીક વિગત, જો કોઈ દેખવા ચાહે તો, **'તોહફએ ઈસ્નાઅશરિયા"** જુએ. થોડીક સંક્ષિપ્ત વાતો અહીં રજુ કરૂં છું.

સહાબએ કિરામ રદીયલ્લાહો અન્હુમની શાનમાં આ ફિરકો બહુજ ગુસ્તાખ છે. ત્યાં સુધી કે, તેમના પર ગાળ-ગલોચ તેમની આમ (સામાન્યત) નીતિ છે. બલ્કે અમુકના અપવાદ સિવાય સૌને (સહાબીઓને) મઆઝલ્લાહ, કાફિર તથા મુનાફિક ઠેરવે છે. હઝરાત ખુલ્ફાએ રાશિદીન (ત્રણે ક્રમવાર ખલીફાઓ)ની ખિલાફતને, ગાસિબા (નાહક ઝુંટવી લીધેલી) ખિલાફત કહે છે. અને મૌલાઅલી રદી-યલ્લાહો અન્હોએ જે તે હઝરતોની ખિલાફતો માન્ય કરી અને તેમના ફઝાઈલ બ્યાન કર્યા. તેને તકીયહ તથા બુઝદિલી પર, અનુમાનિત કરે છે. શું મઆઝલ્લાહ, મુનાફિકો તથા કાફિરોના હાથ પર બયઅત કરવું અને જિંદગીપર્યંત તેમની પ્રશંસા કરવું, શેરેખુદાની શાન હોઇ શકે છે ?

સૌથી વધીને એ કે કુર્આન મજીદ તેમને એવા મહાન તથા પવિત્ર ખિતાબોથી યાદ કરે છે. તે તથા તેમના અનુસરણ કરનારાઓ વિષે ફરમાવે કે, અલ્લાહ તેમનાથી રાઝી, તેઓ અલ્લાહથી રાઝી. શું કાફિરો, મુનાફિકો માટે અલ્લાહના આવા ઈરશાદો હોઈ શકે છે ? વળી બહુજ શરમની વાત છે કે મૌલાઅલી રદીયલ્લાહો અન્હો તો પોતાની શાહબઝાદી, હઝરત ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોના નિકાહમાં આપે અને આ ફિરકો કહે, તકિય્યહની રીતે આવું કર્યું. શું જાણી-બુઝીને કોઈ મુસલમાન પોતાની બેટી કાફિરને આપી શકે છે ? ન કે તે મુકદ્દસ હઝરતો, જેમણે ઈસ્લામ માટે પોતાના પ્રાણ વકફ કરી દીધા. અને હકક બોલવા અને હકકની પેરવીમાં. **લાયખાફુના લૌમત લાએમિન.** ( અર્થ : તે મલામત કરનારાઓની મલામતનો ખોફ કરતા નથી.) ના સાચા પ્રમાણક હતા. વળી ખૂદ હુઝુર સૈયદુલ મુરસલીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બે શાહબઝાદીઓ એક પછી એક હઝરત ઉસ્માન ઝુન્નુરૈન રદીયલ્લાહો અન્હોના નિકાહમાં આવી અને હઝરત સિદ્દીક તથા હઝરત ફારૂક રદીયલ્લાહો અન્હુમાની શાહબઝાદીઓ હુઝુરની પત્ની બનવા ભાગ્યશાળી થઈ શું હુઝુરના આવા સંબંધો જેમનાથી હોય તેમના વિષે તે મલઉન ( દુષ્ટ ) શબ્દો, કોઈ સામાન્ય બુદ્ધિવાળો એક ક્ષણ માટે જાઈઝ પણ સમજી શકે છે ? હરગિઝ નહીં, હરગિઝ નહીં.

આ ફિરકાનો એક અકીદો એ છે કે, અલ્લાહ પર અસ્લહ વાજિબ છે. અર્થાત જે કામ બંદાઓના હક્કમાં નફાકારક હોય તે અલ્લાહ પર વાજિબ છે કે એજ કરે, એજ તેને કરવું પડશે. એક અકીદો એ છે કે ઈમામો, અંબિયા અલયહિમુસ્સલામથી અફઝલ છે. આવો અકીદો સર્વાનુમતે કુફ્ર છે કે, ગેર નબીને નબીથી અફઝલ કહેવું છે. એક અકીદો એ છે કે, કુર્આન મજીદ મહેફુઝ (સુરક્ષિત) નથી, બલ્કે તેમાંથી કેટલાક પારાઓ અથવા સૂરતો અથવા આયતો અથવા શબ્દો, અમીરૂલ મોઅમેનીન ઉસ્માનગની રદીયલ્લાહો અનહો અથવા બીજા સહાબાઓએ કાઢી નાખ્યા, પરંતુ આશ્ચર્ય છે કે મૌલા અલી રદીયલ્લાહો અન્હોએ પણ તેને નાકિસ (અપૂર્ણ)જ રહેવા દીધું. આ અકીદો પણ સર્વાનુમતે કુફ્ર છે. કારણ કે તેમાં કુર્આન-મજીદનો ઇન્કાર છે. એક અકીદો એ છે કે અલ્લાહ કોઇ હુકમ આપે છે, પછી એ માલુમ કરીને કે મસલેહત તેના સિવાયમાં છે, પરતાવો કરે છે. અને આ પણ યકીનન કુફ્ર છે. (કારણ) કે ખુદાને જાહિલ બતાવવું છે. એક અકીદો એ છે કે, નેકીઓનો ખાલિક અલ્લાહ છે અને બુરાઇઓના ખાલિક તેઓ પોતે છે. મજુસીઓ (અગ્નિપૂજકો)એ બેજ ખાલિક માન્યા હતા, (૧) યઝદાન, ખેરનો ખાલિક અને (૨) અહરમન, શર (બુરાઇ)નો ખાલિક. આથી તેમના ખાલિકોની ચોકકસ ગણત્રીજ ન રહી, બલ્કે સેંકડે ખાલિક છે.

**(૩) વહાબી :** આ એક નવો ફિરકો છે જે. હિ સ. ૧૨૦૯માં અસ્તિત્વમાં આવ્યો. આ ફિર્કાનો સ્થાપક મોહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદી હતો. જેણે તમામ અરબસ્તાન અને ખાસ કરીને હરમયન શરીફયનમાં બહુજ ખતરનાક ફિત્ના ફેલાવ્યા. ઉલમાઓને કતલ કર્યા, સહાબાએ કિરામ, ઈમામો, ઉલમાઓ તથા શહીદોની કબરો ખોદી નાખી. રોઝએ અન્વરનું નામ, મઆઝલ્લાહ, "**સનમે અકબર**" રાખ્યું હતું (અર્થાત મોટો બૂત), અને જાત જાતના અત્યાચાર કર્યા. જેવું કે સહીહ હદીસમાં હુઝુરે અકદસ સલ્લલ્લાહોઅલયહે વસલ્લમે ખબર આપી હતી કે, "નજદથી ફિત્નાઓ ઉઠશે અને શયતાનનું ટોળું નીકળશે. તે ટોળું બારસો વર્ષ પછી જાહેર થયું. અલ્લામા શામી રહમતુલ્લાહે અલૈહે તેને "ખારજી" બતાવ્યો. તે અબ્દુલવહહાબના બેટાએ એક કિતાબ લખી જેનું નામ : "**કિતાબુત તવહીત**" રાખ્યું. તેનો તરજુમો હિન્દુસ્તાનમાં ઈસ્માઈલ દહેલીએ કર્યો જેનું નામ : "**તકવીયતુલ ઈમાન**" રાખ્યું. અને હિન્દુસ્તાનમાં તેણે જ વહાબિયત ફેલાવી.

આ વહાબીઓનો એક બહુ મોટો (મુખ્ય) અકીદો એ છે કે જે તેમના મઝહબ પર ન હોય તે કાફિર, મુશરિક છે. એજ કારણ છે કે વાત વાતમાં કેવળ વગર કારણે મુસલમાનો પર શિર્ક તથા કુફ્રનો હુકમ લગાવતા રહે છે. અને તમામ દુનિયાને મુશરિક બતાવે છે. 'તકવીયતુલ ઇમાન' પેજ નં. ૪૫માં તે હદીસ લખીને કે આખરી જમાનામાં અલ્લાહતઆલા એક હવા મોકલશે. જે સમસ્ત દુનિયામાંથી મુસલમાનોને ઉઠાવી લેશે ત્યાર પછી સ્પષ્ટ લખી દીધું "જેથી પયગંમ્બરે ખુદાના ફરમાન મુજબ થયું." અર્થાત તે હવા ચાલી ગઈ અને કોઇ મુસલમાન ધરતી પટ પર રહયો નહી, પરંતુ એ ન સમજયો કે આ સ્થિતિમાં તે પોતે પણ કાફિર થઈ ગયો.

આ મઝહબનો મુખ્ય સ્થંભ, અલ્લાહની તૌહીન અને ખુદાના મહેબૂબોની તઝલીલ (તિરસ્કાર) છે. દરેક કાર્યમાં એજ રીત ધારણ કરશે જેનાથી (તેની)મન્ફેઅત નીકળતી હોય, આ મઝહબના અગ્રણીઓના કેટલાક કથનો નકલ કરવું ઉચિત લાગે છે કે, અમારા અવામ ભાઈઓ તેમની હાર્દિક ભૂંડાઈઓથી જાણકાર થાય અને તેમની કપટ જાળથી બચે અને તેમના ઝબ્બા તથા દસ્તારથી ન ભોળવાય બિરા-દરાને ઈસ્લામ ! ધ્યાન પૂર્વક સાંભળે અને ઈમાનના ત્રાજવામાં તોલે કે, ઇમાનથી વધીને પ્રિય

મુસલમાનની નજરોમાં કોઈ ચીઝ નથી. ઈમાન અલ્લાહ તથા રસૂલની મહોબ્બત તથા તઅઝીમનુંજ નામ છે. ઈમાનની સાથે જેનામાં જેટલા ફઝાઈલ દેખવામાં આવે તે, એટલાજ પ્રમાણમાં અધિક ફઝીલત ધરાવે છે. જો ઈમાન નથી તો મુસલમાનોની દ્રષ્ટિમાં તે કાંઈ વકઅત (ઈઝઝત) ધરાવતો નથી, જો કે તે કેટલોએ મોટો આલિમ ફાઝિલ હોવાના લીધે તેમને પેશવા ન સમજો, જ્યારે કે તે અલ્લાહ તથા રસૂલના દુશ્મન છે.

શું યહુદીઓ તથા ખ્રિસ્તીઓ બલ્કે હિન્દુઓમાં પણ તેમના ધર્મોના આલિમ (પંડીત) અથવા સંસાર ત્યાગી, નથી હોતા ? શું તમે તેમને પોતાના પેશવા સ્વીકાર કરી શકો છો ? હરગિઝ નહી. એવી જ રીતે આ લામઝહબ તથા બદમઝહબ તમારા કોઇ રીતે આગેવાન થઈ શકતા નથી. (વહાબીઓની માન્યવર કિતાબ) "ઈઝાહુલ-હક્ક" પેજ નં. ૩૫ તથા ૩૬ (ફારૂકી પ્રેસ)માં છે. **"તન્ઝીહએઊ તઆલા અઝ ઝમાં વ મકાં વજેહત વ ઈસ્બાતે રૂયત બિલા જેહતો–મહાઝાત હમા અઝ કબીલે–બિદઆતે હકીકહ અસ્ત અગર સાહેબે આં એઅતેકાદે મઝકૂરા રા અઝ જિન્સે અકાઈદે દીનીયહ મી શુમારદ."** આમાં સ્પષ્ટ વિવરણ છે કે, "અલ્લાહ તઆલાને ઝમાન વ મકાન તથા દિશાથી પાક જાણવું અને તેનો દીદાર કૈફ વિહીન માનવું બિદઅત તથા ગુમરાહી છે." જો કે આ તમામ અહલે સુન્નતનો અકીદો છે તો તે લખનારે–કહેનારે અહલે સુન્નતના તમામ પેશવાઓને ગુમરાહ તથા બિદઅતી ઠેરવ્યા. બહરુર્રાઈક તથા દુર્રેમુખ્તાર તથા આલમગીરીમાં છે કે, ",અલ્લાહ તઆલા માટે જે મકાં (સ્થળ) સાબિત કરે તે કાફિર છે."

☆ તકવીયતુલઈમાન, પેજ નં. ૬૦માં આ હદીસ: **"અરઐતા લવ મરરત બેકબ્રી અકુન્ત તસ્જોદો લહુ."** નકલ કરીને તરજુમો કર્યો કે, ભલા વિચાર તો કર, જો તું પસાર થાય મારી કબ્ર પર, તો શું તું સિજ્દો કરે તેને ?" તે પછી (ફે) લખીને ફાયદો એ જડ દીધો, "અર્થાત : હું પણ એક દિવસ મરીને માટીમાં મળવા વાળો છું," હકીકત તો એ છે કે, પોતે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : **"ઈન્નલ્લાહ હર્રમ અલલ-અર્દે અન તાકોલ અજસાદલ-અમ્બેયાએ."** (**અર્થ** : અલ્લાહ તઆલાએ પોતાના અંબિયાઓના શરીરોને, જમીન માટે ખાવું હરામ કરી દીધું છે. **ફ નબીયુલ્લાહે હય્યુન, યુર્ઝકો."** તો અલ્લાહના નબી જીવંત છે, રોઝી આપવામાં આવે છે.

☆ એ[illegible] ઈમાન (લેખક મૌલ્વી ઈસ્માઈલ દહેલવી) પેજ નં. ૧૯માં છે "અમારો જયારે ખાલિક અલ્લાહ છે અને તેણે અમને પેદા કર્યા છે તો અમારે પણ જોઈએ કે, પોતાના દરેક કામોમાં તેને જ પોકારીએ, બીજા કોઈથી અમારે શું કામ ? જેવી રીતે જો કોઈ એક બાદશાહનો ગુલામ થઇ ગયો તો તે પોતાના દરેક કામનો સંબંધ તેનાથીજ રાખે છે. બીજા બાદશાહથી પણ રાખતો નથી, અને કોઈ ચૂડા–ચમારનો તો શું ઝિક્ર." અંબિયાએકિરામ તથા ઔલિયાએ ઉઝઝામની શાનમાં આવા દુષ્ટ શબ્દોનો પ્રયોગ કરવો શું મુસલમાનની શાન હોઇ શકે છે ?

સિરાતે મુસ્તકીમ, પેજ નં. ૯૫, **"બમુકતઝાએ ઝોલોમાતુન બઅદોહા ફૌકા બઅદીન. અઝ વસ્વસએ ઝેના ખયાલે મુજામેઅતે ઝૌજએ ખુદ બેહતર અસ્ત, વ સર્ફે હિમ્મત બસુએ શૈખ વઅમ્સાલે આં અઝ મુઅ[illegible] મઆબ બાશદ. બુદી મર્તબા બદતર અઝ ઈસ્તીગ[illegible] મુ[illegible]."** (– સિરાતે મુસ્તકીમ, પેજ ૯૫

મુસલમાનો ! આ છે ઈમામુલ વહાબિયાના ખબીસ શબ્દો. અને તે પણ કોની શાનમાં ? હુઝુરે અકદસ સલ્લાહો અલયહે વસલ્લમની પવિત્ર શાનમાં. જેના દિલમાં રાઇ બરાબર પણ ઈમાન છે તે જરૂર કહેશે કે આ કોમમાં ગુસ્તાખી જરૂર છે.

☐ "તકવીયતુલ ઈમાન", પેજ-૧૦માં છે : "રોજીમાં વધારો કરવું અને તંગી કરવું અને તંદુરસ્ત તથા બીમાર કરી દેવું, ભાગ્ય તથા દુર્ભાગ્ય આપવું, હાજતો પૂર્ણ કરવી, મુસીબતો ટાળવી, મુશ્કેલીમાં સહાયતા કરવું, આ સઘળું અલ્લાહની જ શાન છે. કોઇ અંબિયા અવલિયા, ભૂત-પરીની આ શાન નથી. જો કોઈ ને આવો અધિકાર સાબિત કરે અને તેનાથી મુરાદો માંગે અને મુસીબત વખતે તેને પોકારે, તો તે મુશરિક થઈ જાય છે. પછી ભલે એમ સમજે કે આ કામોનાં શક્તિ તેમને સ્વયં છે અથવા એમ સમજે છે કે અલ્લાહે તેમને અધિકાર અર્પણ કર્યો છે. દરેક રીતે શિર્ક છે." (-તકવીયતુલ-ઈમાન) (પરંતુ) કૂર્આન મજીદમાં છે. "અગ્નાહોમુલ્લાહો વ રસૂલોહુ મિન ફદલેહિ." (અર્થ : તેમને અલ્લાહ તથા રસૂલે ગની કરી દીધા પોતાના ફઝલથી) કુર્આન તો કહે છે કે, "નબીએ કરીમ સલ્લાહો અલયહે વસલ્લમે દોલતમંદ કરી દીધા. "અને આ (વહાબી) કહે છે કે, જે કોઈ ને આવો અધિકાર સાબિત કરે તે મુશરિક છે." તો તેની રીતે (એટલે તેની માન્યતા પ્રમાણે) કુર્આન મજીદ શિર્કની તઅલીમ આપે છે. કુર્આને અઝીમમાં ઇરશાદ છે. "વ તુબરેઊલ-અકમહ વલ-અબરસ બેઇઝની." (અર્થ : અય ઈસા ! તું મારા હુકમથી જન્મ જાત આંધળા અને સફેદ ડાઘવાળાને સારા કરી દે છે.) કુર્આન શરીફમાં બીજી જગ્યાએ છે કે, ઉબરેઉલ-અકમહ વલઅબરસ વ ઓહયીલ-મૌતા બેઇઝનિલ્લાહે. (અર્થ : હઝરત ઇસા અલયહિસ્સલામ ફરમાવે છે : હું સારો કરું છું જન્મજાત આંધળા અને સફેદ ડાઘાવાળાઓને અને મડદાંઓને સજીવન કરું છું અલ્લાહના હુકમથી.) હવે કુર્આનનો તો આ હુકમ છે. વહાબીઓ એ કહે છે કે, તંદુરસ્ત કરવું અલ્લાહની જ શાન છે, જે કોઈ ને આવો અધિકાર સાબિત કરે મુશરિક છે. હવે વહાબીઓ બતાવે કે અલ્લાહ ત્આલાએ આવો અધિકાર હઝરત ઇસા અલયહિસ્સલામ માટે સાબિત કર્યો, તો તેના પર શું હુકમ લગાવો છો ? અને મજાની વાત તો એ છે કે, અલ્લાહ ત્આલા એ જે તેમને શક્તિ અર્પી છે તે પણ શિર્ક છે, તો ખબર નથી કે તેમના ત્યાં ઇસ્લામ કઈ ચીજનું નામ છે ?

☐ તકવીયતુલઈમાન પેજ-૧૧ પર છે કે "આસપાસના જંગલનો અદબ કરવું અથવા ત્યાં શિકાર ન કરવું, વૃક્ષો ન કાપવા, આ કામ અલ્લાહે પોતાની ઈબાદત માટે બનાવ્યા છે. પછી જો કોઇ પયગમ્બર અથવા ભૂતના મકાનોની આસપાસના જંગલનો અદબ કરે તો તેના પર શિર્ક સાબિત છે, ભલે એમ સમજે કે આ પોતેજ આ સન્માનને લાયક છે અથવા એમ કે તેમના આ સન્માનથી અલ્લાહ ખૂશ થાય છે, દરેક રીતે તે શિર્ક છે."

અનેક સહીહ હદીસોમાં ઈરશાદ ફરમાવ્યો છે કે, હઝરત ઇબ્રાહીમે (અલયહિસ્સલામ)મક્કાને હરમ બનાવ્યું અને મેં મદીનાને હરમ ઠેરવ્યું. માટે તેના બાવળનાં વૃક્ષો કાપવામાં આવે નહીં અને તેમાં શિકાર ન કરવામાં આવે. મુસલમાનો, ઇમાનની નજરથી જુઓ કે આ શિર્કફરોશનુ શિર્ક ક્યાં સુધી પહોંચે છે, તમે દેખ્યું, આ ગુસ્તાખે, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર શુ હુકમ થોપ્યો ?

☐ તકવીયતુલ ઈમાન, પેજ નં. ૮ પર છે. "પયગમ્બરે ખુદાના સમયમાં કાફિર પણ પોતાના બુતોને અલ્લાહની બરાબર જાણતા ન હતા, બલ્કે તેનીજ મખલૂક અને તેનો બંદો સમજતા હતા અને

તેમને તેની સરખામણીની શક્તિ સાબિત કરતા ન હતા, પરંતુ એજ પોકારવું અને મન્નતો માનવું અને નઝરો નિયાઝ કરવું અને તેમને પોતાના વકીલ તથા સિફારશી સમજવું એજ એમનું કુફ્ર તથા શિર્ક હતું. માટે જે કોઈ, કોઈથી આવો મામલો કરે, ભલે તેને અલ્લાહનો બંદો તથા મખલૂક જ સમજે તો તે અને અબૂ જહલ શિર્કમાં બન્ને સરખા છે." અર્થાત, જે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શફાઅત માને કે હુઝુર, અલ્લાહ તઆલાના દરબારમાં અમારી સિફારિશ કરશે, તો મઆઝ-લ્લાહ તેની નજીક તે અબૂજહલ જેવો મુશરિક છે. અહીં શફાઅતના મસઅલાનોજ કેવળ ઇન્કાર જ નથી, બલ્કે તેને શિર્ક ઠેરવ્યું. અને તમામ મુસલમાનો, સહાબાઓ, તાબેઇન તથા દીનના ઈમામો તથા ઔલિયાઓ સૌને મુશરિક તથા અબૂજહલ બનાવી દીધા.

☐ તકવીયતુલ ઇમાન, પેજ ૫૮માં છે, "કોઈ માણસ કહે કે ફલાણા વૃક્ષમાં કેટલા પાંદડા છે અથવા આકાશનાં કેટલા તારા છે તો તેના જવાબમાં એમ ન કહે કે, અલ્લાહ તથા રસૂલ જાણે, કેમ કે ગૈબની વાત અલ્લાહજ જાણે છે, રસૂલને શું ખબર ?" (તકવીયતુલ-ઈમાન)

સુબ્હાનલ્લાહ, ખુદાઇ એવું જ નામ રહી ગયું કે કોઈ વૃક્ષના પાંદડાઓની સંખ્યા જાણી લેવામાં આવે !

☐ તકવીયતુલઈમાન, પેજ ૭માં છે "અલ્લાહ સાહેબે કોઈ ને જગતમાં અધિકાર કરવાની શક્તિ આપી નથી." (વાહરે, અલ્લાહ તઆલાને 'સાહેબ' માનનારા. અનુ.)

ઇસ્માઈલ દહેલ્વીની આ ઈબારતમાં અંબિયાએ કિરામના મોઅજેઝા અને ઔલીયાએકિરામની કરામતો નો સ્પષ્ટ ઇન્કાર છે, અલ્લાહ તઆલા ફરમાવે છે: "વલ-મુદબ્બેરાતે અમ્રન" (અર્થ :- કસમ તે ફરિશ્તાઓની, જે કામોની તદબીર (યુક્તિ) કરે છે.) તો, તે કુર્આન શરીફનો સાફ રદ કરી રહ્યો છે. એ જ કિતાબના પેજ-૨૨માં છે: 'જેનું નામ મોહમ્મદ અથવા અલી છે તે કોઇ ચીઝનો મુખતાર નથી." (તકવીયતુલ-ઇમાન) અર્થ એ છે કે, વહાબી સાહેબ તો પોતાના ઘરની સઘળી વસ્તુ-ઓનો અખત્યાર ધરાવે અને માલીકે હર દો સરા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કોઈ ચીઝના મુખતાર નહીં.

આ ગિરોહનો એક મશહૂર અકીદો એ છે કે અલ્લાહ તઆલા જુઠ બોલી શકે છે, બલ્કે તેમના એક અગ્રણીએ તો પોતાના એક ફતવામાં લખી દીધું કે "વુકૂએકિઝબનો અર્થ દુરસ્ત થઈ ગયો, જેએમ કહે કે અલ્લાહ તઆલા જુઠ બોલી ચુકયો, એવાને તઝલીલ (ગુમ્રાહ કહેવાથી)અને તફસીક(ફાસિક કહેવા)થી સુરક્ષિત કરવો જોઇએ" સુબ્હાનલ્લાહ! ખુદાને જૂઠો માન્યો તો પણ ઈસ્લામ તથા સુન્નીયત તથા સલાહ, કોઈ વાતમાં ફરક આવ્યો નહિ. માલુમ નથી કે, આ લોકોએ કઈ ચીઝને ખુદા ઠેરવી લીધો છે.

એક અકીદો એમનો એ છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ખાતેમુન્નબીય્યીન, આખીરુલ અંબીયાના અર્થમાં માનતા નથી અને આ સ્પષ્ટ કુફ્ર છે. જેવું કે "તહઝીરુન્નાસ" (લેખક મોલ્વી કાસિમ નાનોતવી)ના પેજ-૨માં છે, (અર્થ :) "અવામ (લોકો)ના ખ્યાલમાં તો રસુલુલ્લાહ 'સલ્અમ'(૧) નું ખાતિમ હોવું એ અર્થમાં છે કે, આપનો ઝમાનો ભૂતપૂર્વ અંબિયાઓની પછી અને આપ સૌમાં અંતિમ નબી છે; પરંતુ બુદ્ધિશાળીઓ પર રોશન થશે કે. પ્રાથમિકતા અથવા અંતિમનામાં બિઝઝાત (સ્વયં) કોઈ ફઝીલત નથી, પછી મકામે-મદહ (પ્રશંસા સ્થાન)માં, "વલાકિન્ન રસૂલલ્લાહે વ ખાતમન્નબીય્યીન" ફરમાવવું એ હાલતમાં કેવી રીતે સહીહ થઇ શકે છે. ૧૭.

(૧) અમે સુન્નીઓ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ કહીએ છીએ. ટૂંકમાં 'સલ્અમ' કહેવું જાઈઝ નથી. (અનુવાદકો)

જો આ વસ્ફ (વિશેષતા) ને ઔસાફેમદહ (પ્રશંસાના ગુણ) પૈકી ન કહે, અને આ સ્થાનને મકામે-મદહ (પ્રશંસાનું સ્થાન) ન ઠેરવો તો અલબત્ત ખાતમીયત બએઅતેબારે તાખીરે ઝમાની (જમાનાના વિલંબ) ના ભાવાર્થમાં સહીહ થઈ શકે છે.'' પ્રથમ તો આ કાઇલે (લખનારે-કહેનારે) ખાતમુન્નબીય્યીનનો અર્થ તમામ અંબિયાઓથી સમયની ગણનામાં અંતિમ હોવાને અવામ (સામાન્ય લોકો) નો ખ્યાલ કહ્યો, અને એમ કહ્યું કે "બુદ્ધિશાળીઓ પર રોશન છે કે, તેમાં બિઝઝાત (સ્વયં) કાંઈ ફઝીલત નથી. જો કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ખાતમુન્નબીય્યીનના એજ અર્થ કેટલીએ હદીસોમાં ઇરશાદ ફરમાવ્યા છે. તો મઆઝલ્લાહ ! આ કાઇલે (કેહનારે-લખનારે) હુઝૂરની પણ અવામમાં ગણના કરી, અને બુદ્ધિશાળીઓમાંથી આપને ખારિજ કર્યા, પછી તેણે ખત્મે ઝમાની (અંતિમ ઝમાના) ને દરેક રીતની ફઝીલતથી ખારિજ કર્યો. (૨) જો કે, એ જ તાખીરે ઝમાનીને, હુઝૂરે પ્રશંસા સ્થાનમાં ઝિક્ર કર્યો. પછી પેજ-૪માં લખ્યું : (અર્થ :) "આપ મૌસુફ, નુબુવ્વતના વસ્ફથી બિઝઝાત છે. અને આપના સિવાય બીજા નબીઓ, મૌસુફ બ વસ્ફ બિલ-અર્ઝ." પેજ નાં. ૧૬માં લખ્યું છે કે (અર્થ :) "બલ્કે માની લો કે, આપના યુગમાં પણ જો ક્યાંક કોઈ બીજો નબી હોય તો પણ આપનું "ખાતિમ" હોવું, બદસ્તુર બાકી રહે છે." તેજ કિતાબના પેજ-૩૩માં છે (અર્થ :) **બલ્કે જો માંની લયો કે, આપના ઝમાનએ નુબુવ્વત પછી પણ, કોઈ નબી પેદા થાય તો પણ ખાતમીયતે મોહમ્મદીમાં, કાંઈ ફરક પડશે નહી.** ચેજાઇ કે, (તો પછી), આપનો સમકાલીન કોઈ બીજી જમીનમાં અથવા માની લો કે, આજ ધરતી પર, કોઈ બીજો નબી નિયુક્ત કરવામાં આવે." (**'તહઝીરૂન્નાસ,'** પેજ ૩૩. લેખક મોલ્વી કાસિમ નાનોત્વી)

મજાની વાત તો એ છે કે, આ કાઇલે (લખનારે) આ દુષ્ટતાઓની ઉત્પતિ 'બંદા' હોવું, ખુદ સ્વીકારી લીધું. એ જ કિતાબના પેજ નં ૩૪માં છે (અર્થ :) "જો કમઇલ્તેફાતી (ઓછું ધ્યાન આપવા)ના કારણે મોટાઓની બુદ્ધિ, કોઈ વિષય સુધી ન પહોંચી, તો તેની શાનમાં શું નુકસાન આવી ગયું ? અને કોઈ નાદાન બાળકે કોઈ મહત્વની વાત કહી દીધી, તો શું એટલી વાતથી તે અઝીમુશશાન બની ગયું ?

**શેઅર :**

**ગાહ બાશદ કે કોદકે નાદાન,**
**બ ગલત બર હદફ ઝનદ તીરે.**

(અર્થ : ક્યારેક એવું થાય છે કે નાદાન બાળક ભૂલથી નિશાના પર કોઈ તીર મારી દે છે.)

હા, સત્ય સ્પષ્ટતા પછી, જો કેવળ આ કારણે કે આ વાત મેં કહી અને તે અગાઉના (પણ) કહી ગયા હતા. મારી ન માને અને તે જુની વાતનું રટણ કરતા રહે, તો કત્આ નઝર તેના કાનૂની મહોબ્બતે નબ્વી સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી એ બહુ જ બઇદ (મુશ્કેલ) છે. આમે પણ પોતાની બુદ્ધિ તથા સમજની ખૂબી પર સાક્ષી આપવું છે.'' અહીંયાથી સ્પષ્ટ થઈ ગયું કે, જે અર્થ તેણે ઉપજાવ્યા, તે આપણા થઈ ગએલા બુઝુર્ગોમાં ક્યાંય તેનું ઠેકાણું નથી. અને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જમાનાથી લઈ આજ સુધી જે સૌ સમજ્યા હતા, તેને "અવામનો ખ્યાલ" બતાવી રદ કરી દીધું કે, તેમાં કાંઈ ફઝીલત નથી. આ અકીદો ધરાવનાર પર ઉલ્માએ હરમયન તૈયેબૈને

(૨) પ્રથમ તો બિઝઝાતનો પડદો રાખ્યો હતો. પછી તેણે આ ખેલ ખેલ્યો, કે મકામે મદહમાં ઝિક્ર કરવો, કોઈ પણ રીતે સહીહ નથી. એટલે સાબિત થયું કે, તેની મૂળમાં કાંઈ, ફઝીલત નથી. (અનુવાદકો)

જે ફત્વો આપ્યો, તે "હુસામુલ હરમયન"ના અવલોકનથી જાહેર છે. અને તેણે પોતે પણ, એજ કિતાબ તહઝીરુન્નાસના પેજ-૪૬માં "પોતાનું ઇસ્લામ નામમાત્રનું સ્વીકાર્યું."

## મુદઈ, લાખ પે ભારી હય ગવાહી તેરી

આ નામ માત્રના મુસલમાનોથી, અલ્લાહ બચાવે. એ જ કિતાબના પેજ-૫ માં છે કે (અર્થ:) "અંબિયા પોતાની ઉમ્મતથી મુમતાઝ હોય છે તો, ઉલૂમમાં જ મુમતાઝ હોય છે, બાકી રહ્યું અમલ, તો તેમાં ઘણીવાર જાહેર રીતે ઉમ્મતી સમાન થઈ જાય છે, બલ્કે વધી જાય છે.' અને સાંભળો, આ લેખક હુઝૂરની નુબુવ્વતને કદીમ (અનાદી) અને બીજા અંબિયાઓની નુબુવ્વતને હાદિસ (ના હોય, હોય અને પછી ના હોય) બતાવી છે. પેજ નં-૭માં છે, (અર્થ:) "કેમ કે કદેમે નબૂવ્વત અને હુદુસે નુબૂવ્વતનો તફાવત, સારી રીતની સંગઠન પ્રકાર છતાં ત્યારેજ ફીટ થઈ શકે છે." શું ઝાત અને સિફાત સિવાય મુસલમાનોની નજરોમાં કોઈ બીજી ચીઝ પણ 'કદીમ' છે ? નુબૂવ્વત સિફ્ત છે અને સિફતનું અસ્તિત્વ મૌસૂફ વિના અસંભવ છે. જ્યારે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નુબૂવ્વત કદીમ અને ગૈરહાદિસ થઈ તો જરૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ ફાની ન થયા, બલ્કે અઝલી (અનાદી) ઠર્યા. અને જે અલ્લાહ તથા સિફાતે ઈલાહીયા સિવાય કોઇને કદીમ માને તો મુસલમાનોના સર્વાનુમતે તે કાફિર છે.

આ ગિરોહની એ સામાન્ય નીતિ છે કે, જે કાર્યમાં ખુદાના પ્રિય બંદાઓની ફઝીલત જાહેર થાય તેમાં જાતજાતના જુઠા અર્થઘટનો કરી, તેને નષ્ટ કરવા ચાહશે અને તે કાર્ય સાબિત કરશે. જેમાં માન-મર્તબાનો ઘટાડો અને ખામી હોય, દા. ત. "બરાહીને કાતેઅહ" પેજ નં. ૫૧માં લખી દીધું કે, "**નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમને દીવાલ પાછળનો પણ ઇલ્મ નથી**" અને તેને શૈખ મુહદ્દિસ દહેલ્વી રહમતુલ્લાહે અલયહે પ્રત્યે જુઠું સંબંધિત કરી દીધું, બલ્કે એ જ પેજ ૫૨ નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઇલ્મની વિશાળતા બાબતે ત્યાં સુધી લખી દીધું કે, "તાત્પર્ય કે વિચાર કરવો જોઈએ કે શયતાન તથા મલકુલ મૌતનો હાલ દેખીને ફખ્રેઆલમના જમીન વ્યાપક ઇલ્મને કુર્આની આયાતોની વિરૂદ્ધ દલીલો વગર કેવળ વિકૃત અટકળોથી સાબિત કરવું શિર્ક નથી તો કયો ઈમાનનો હિસ્સો છે કે, શયતાન તથા મલકુલ મૌતને આ વિશાળતા નસ્સ (કૂર્આની આયાત)થી સાબિત થઈ, ફખ્રેઆલમના ઇલ્મની વિશાળતા બાબતે કયી નસ્સેકતઈ (કુર્આની આયત) છે કે, જેનાથી તમામ નુસુસ (આયતો)ને રદ કરીને એક શિર્ક સાબિત કરે છે. આ શિર્ક નથી તો કયો ઇમાનનો હિસ્સો છે ?" (હવાલો, "બરાહીને-કાતેઅહ," પેજ-૫૧)

જે ઇલ્મની વિશાળતાને શયતાન માટે સાબિત કરે છે અને તેના પર નસ (કુર્આની હુકમ) હોવું બ્યાન કરે છે, તેને જ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ માટે શિર્ક બતાવે છે, તો શયતાનને ખુદાનો શરીક માન્યો અને તેને આયત તથા હદીસથી સાબિત જાણ્યું. બેશક, શયતાનના બંદા શયતાનને સાક્ષાત ખુદા નહી, તો ખુદાનો શરીક કહેવાથી પણ ગયા. (ચુકયા નથી). દરેક મુસલમાન પોતાના ઇમાનની આંખોથી દેખે આ શ્રીમાને ઇબ્લીસ લઈનના ઇલ્મને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઇલ્મથી વધુ બતાવ્યું કે નહીં ? જરૂર વધારે બતાવ્યું. અને શયતાનને ખુદાનો શરીક માન્યો કે નહીં ? જરૂર માન્યો. અને વળી તે શિર્કને નસ્સ (કુર્આની આયતો)થી સાબિત કર્યું, આ ત્રણે કાર્યો.

ખુલ્લંખુલ્લા કુફ્ર અને તેને માનનાર ખરેખર કાફિર છે. કયો મુસલમાન તેના કાફિર હોવામાં શંકા કરશે.

**'હિફ્ઝુલ ઈમાન'** પેજ-૭માં હુઝૂરના ઇલ્મ વિષે (મૌલ્વી અશરફઅલી થાન્વીએ) લખ્યું છે કે, "આપની પવિત્ર જાત માટે ઇલ્મે ગયબનો હુકમ કરવો, જો ઝયદના કથન મુજબ સહીહ હોય તો, પૂછવાનું એ છે કે, આ ગયબથી મુરાદ અમુક ગયબ છે કે કૂલ ગયબ ? જો કેટલાક ગયબી ઈલ્મો છે, તો તેમાં હુઝૂરની શું વિશેષતા છે, એવું ઇલ્મે ગયબ તો ઝયદ તથા અમ્ર બલ્કે દરેક બાળક તથા પાગલ બલ્કે સર્વ પ્રાણીઓ તથા ચોપગાં માટે પણ હાંસલ છે." મુસલમાનો વિચાર કરો કે, આ માણસે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાનમાં કેવી સ્પષ્ટ ગુસ્તાખી કરી કે, હુઝૂર જેવો ઇલ્મ ઝયદ તથા અમ્ર, દરેક બાળક અને પાગલ બલ્કે તમામ જાનવરો અને ચોપગાંઓ માટે પ્રાપ્ત હોવું કહ્યું, શું ઈમાની હૃદય આવા માણસના કાફિર હોવામાં શંકા કરી શકે છે ? હરગિઝ નહી.

આ કોમનો એ સામાન્ય તરીકો છે કે, જે ચીઝને અલ્લાહ તથા રસૂલે મના નથી કરી બલ્કે કુર્આન તથા હદીસથી તેનો જવાઝ (જાઈઝ હોવું) સાબિત હોય તેને મમ્નુઅ કહેવું (રોકવું) તો બાજુએ રહ્યું, બલ્કે તેના પર શિર્ક તથા બિદઅતનો હુકમ લગાવી દે છે. દા. ત. મીલાદ શરીફની મજલિસ અને કેયામ તથા ઈસાલે સવાબ તથા ઝિયારતેકુબૂર તથા બારગાહે બેકસપનાહ, સરકારે મદીના તય્યેબહની હાજરી તથા બુઝુર્ગાને-દીનના ઉર્સ તથા ત્રીજા-ચાલિસમાના ફાતેહા તથા અંબિયા તથા ઔલિયાથી મદદ માંગવું અને મુસીબત વખતે અમ્બેયા તથા અવલીયાને પોકારવું વિગેરે. બલ્કે, મીલાદ શરીફ વિષે તો **"બરાહીને કાતેઆહ"** પેજ નં. ૧૪૮ માં દેવબંદી મૌલ્વી ખલીલ અહમદ અંબેઠવીએ આ નાપાક શબ્દ લખ્યા.

**"આ દરરોજ વિલાદત (જન્મ)નું પુનરાવર્તન તો હિન્દુઓની જેમ, કનૈયાના જન્મનો સ્વાંગ રચાવવું છે. અથવા રાફિઝીઓની જેમ કે, જે દરસાલ અહલે બયતની શહાદતની નકલ કરે છે, ખુદાની પનાહ, આપની વિલાદતનો સ્વાંગ ઠર્યો. અને આ દુષ્ટ હરકત હરામ તથા ફિસ્કના યોગ્ય છે, બલ્કે આ લોકો તે કોમથી વધીને થયા તેઓ તો ઠરાવેલ તારીખે કરે છે, આ લોકોને ત્યાં કોઈ કેદ જ નથી જ્યારે ચાહે આ કલ્પિત વ્યર્થ વાતો ઘડી કાઢે છે."** (બારાહીને કાતેઅહ, પેજ ૧૪૮)

## ગેર મુકલ્લીદો

ગેર મુકલ્લીદો પણ વહાબીઓની એક પ્રશાખા છે. તે કેટલીક વાતો જે હાલમાં (ઉપરોક્ત) વહાબીઓએ, અલ્લાહ અને નબીની શાનમાં લખી છે, તે ગૈર મુકલ્લિદોથી સાબિત નથી, **બાકી તમામ અકાઈદોમાં બંને સરખા છે** અને આ હાલના સખત દેવબંદી, કુફ્રોમાં તેઓ પણ એવી રીતે શરીક છે કે, તેના પર તે ગુસ્તાખોને (ગૈર મુકલ્લિદો) કાફિર નથી સમજતા, અને તેમના (દેવબંદીઓ) વિષે હુકમ છે કે, "જે તેમના કુફ્રમાં શંકા કરે તે પણ કાફિર છે." વળી તેમનો એક નંબર વધારે એ છે કે, ચારે મઝહબોથી જુદા, તમામ મુસલમાનોથી અલગ તેમણે એક રસ્તો કાઢયો કે, તકલીદ (અનુસરણ) ને હરામ તથા બિદઅત કહે છે. અને દીનના ઈમામોને ગાળ-ગલોચ (અપશબ્દો) થી યાદ કરે છે, પરંતુ વાસ્તવમાં (તેઓ) તકલીદથી મુક્ત નથી. દીનના ઈમામોની તકલીદ તો કરતા નથી પરંતુ, શયતાન લઈનના જરૂર મુકલ્લિદ (અનુયાયીઓ) છે. આ લોકો કેયાસના મુનકિર છે અને કેયાસનો સર્વથા ઇન્કાર કુફ્ર છે. તકલીદના મુનકિર છે, અને તકલીદનો સાવ ઇન્કાર કુફ્ર છે.

**મસ્અલો :** મુત્લક (સર્વથા) તકલીદ ફર્ઝ છે અને શખ્સી તકલીદ વાજિબ છે.

**જરૂરી ચેતવણી :** વહાબીઓના ત્યાં બિદઅતનો બહુ જ વપરાશ છે. જે ચીઝને જુવો તે બિદઅત છે, આથી બિદઅત કોને કહે છે તેને બયાન કરી દેવું વ્યાજબી દેખાય છે. દુષ્ટ તથા બુરી આદત તે છે જે કોઈ સુન્નતના વિરૂદ્ધ તથા નુકશાનકર્તા હોય અને તે મકરૂહ અથવા હરામ છે. અને મુત્લક (સર્વથા) બિદઅત તો મુસ્તહબ બલ્કે સુન્નત બલ્કે વાજિબ સુધી હોય છે. હઝરત અમીરૂલ મોઅમેનીન ઉમર ફારૂકે આઝમ રદીયલ્લાહો અનહો તરાવીહ વિષે ફરમાવે છે : **નેઅમતિલ-બિદઅતો હાઝેહિ.** આ સારી બિદઅત છે. જો કે તરાવીહ સુન્નતે મોઅકકદા છે.

જે કાર્યની અસલ, શર્અ શરીફ (શરીઅત)થી સાબિત થાય તે કદાપિ બુરી બિદઅત થઇ શકતી નથી. નહીં, તો ખુદ વહાબીઓના મદરસા અને તેમના વાઅઝના જલ્સા આ ખાસ સ્વરૂપે જરૂર બિદઅત થશે. તો પછી તેને કેમ બંધ કરી દેતા નથી ? પરંતુ તેમના ત્યાં તો એ નક્કી કરેલું છે કે, ખુદાના મહેબૂબોની અઝમતના જેટલા કાર્યો હોય તે સઘળાં બિદઅત છે. અને જેમાં તેમનો સ્વાર્થ હોય તે હલાલ તથા સુન્નત છે. **વલા હૌલા વલા-કુવ્વતા ઈલ્લાબિલ્લાહ.**

## ઈમામતનું બયાન :

ઇમામત બે પ્રકારની છે : એક સુગરા, બીજી કુબરા. ઇમામતે સુગરા, ઈમામતે નમાઝ છે. તેનું વર્ણન ઇન્શાઅલ્લાહ કિતાબુસ્સલાતમાં આવશે. ઈમામતે કુબ્રા, નબીએકરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું મુત્લકા (સર્વથા) નાયબપણું કે, હુઝુરના નાયબપણાથી મુસલમાનોના તમામ દીની તથા દુન્યવીકાર્યોમાં શરીઅત પ્રમાણે સામાન્ય : અધિકારનો અખત્યાર ધરાવે અને ગુનાહ વગરના (અગુનાહિત) કૃત્યમાં તેની તાબેદારી, તમામ જગતના મુસલમાનો પર ફર્ઝ હોય.

આ ઇમામ માટે મુસલમાન, આઝાદ, બુદ્ધિવાન, બાલિગ, કાદિર (શકિતમાન) કુરૈશી હોવું શરત છે. હાશિમી, અલ્વી, મઅસૂમ હોવું તેની શરત નથી. તેવી શરત લગાવવું રાફઝીઓનો મઝહબ છે. જેનાથી તેમનો એ મકસદ છે કે, બરહક ઉમરાએ-મોઅમેનીન : ત્રણે ખલીફા અમીરૂલ મુમેનીન હઝરત અબૂબક સિદ્દીક તથા હઝરત અમીરૂલ મુમેમીન ઉમરે ફારૂક તથા અમીરૂલ મુમેનીન હઝરત ઉસ્માનગની રદીયલ્લાહો અન્હુમને ખિલાફતથી જુદા કરે. જો કે તેમની ખિલાફતો પર તમામ સહાબાએ કિરામ રદીયલ્લાહો અન્હુમે સર્વસંમતિ સાધી છે (તેમની ખિલાફતો સ્વીકારી છે). મૌલાઅલી કર્રમલ્લાહો તઆલા વજહહુલકરીમ અને હઝરત ઇમામહસન અને ઈમામહુસૈન રદિયલ્લાહો તઆલા અન્હુમે તેમની ખિલાફતો માન્ય રાખી. અલ્વીયતની શર્તે તો મૌલાઅલીને પણ ખલીફા હોવાથી ખારિજ કરી દીધા. મૌલાઅલી, અલ્વી કેવી રીતે થઈ શકે છે ? હવે રહી ઈસમત (માસુમ હોવા)ની વાત તો તે અંબિયા તથા ફરિશ્તાઓની વિશિષ્ટતા છે. જેને અમો આગળ બયાન કરી ગયા છીએ ઈમામનું માઅસૂમ હોવું, રાફઝીઓનો મઝહબ છે.

**મસ્અલો :** કેવળ ઈમામતના હકદાર હોવું, ઇમામ થવા માટે પુરતુ નથી, બલ્કે, જરૂરી છે કે અહલેહલ અને અકદ લોકોએ (પ્રબન્ધકોએ) તેને ઇમામ નિયુકત કર્યો હોય અથવા આગળના ઈમામે.

**મસ્અલો :** ઈમામની તાબેદારી તથા આજ્ઞાપાલન, સર્વથા દરેક મુસલમાન પર ફર્ઝ છે, જયારે કે તેનો હુકમ શરીઅત વિરૂદ્ધ ન હોય. શરીઅત વિરૂદ્ધમાં કોઈની તાબેદારી નથી.

મસ્અલો : ઈમામ એવો માણસ નિયુક્ત કરવામાં આવે જે બહાદુર અને આલિમ હોય અથવા આલિમોની મદદથી કામ કરે.

મસ્અલો : ઓરત અને નાબાલિગની ઈમામત જાઈઝ નથી, જો નાબાલિગને ભૂતપૂર્વ ઈમામે, ઈમામ તરીકે મુકર્રર કરી દીધો હોય, તો તેના બાલિગ થવા સુધી માટે, લોકો એક વાલી મુકર્રર કરી લે કે, તે અહકામ જારી કરે અને આ નાબાલિગ કેવળ રિવાજી ઈમામ હશે, અને વાસ્તવમાં તે સમય સુધી, તે વાલી ઈમામ છે.

અકીદહ : (૧૨૨) નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પછી ખલીફએ બરહક તથા ઈમામ હઝરત સૈયેદના અબૂબકર સિદ્દીક, પછી હઝરત ઉમરફારૂક, પછી હઝરત ઉસ્માનગની, પછી હઝરત મૌલાઅલી પછી છમહિના માટે હઝરત ઈમામ હસન (રદીયલ્લાહો અન્હુમ) ખલીફા થયા. આ હઝરતોને "ખુલફાએ રાશેદીન" અને તેમની ખિલાફતને "ખિલાફતે રાશેદહ" કહે છે, કે તેમણે હુઝુરની સાચી નયાબત (નાયબપણા)નો સંપૂર્ણહક અદા કર્યો.

મસ્અલો : (૧૨૩) તમામ અંબિયાઓ તથા રસુલો પછી ખુદાની તમામ મખલૂકાત, માનવી તથા જિન તથા ફરિશ્તાઓથી અફઝલ હઝરત સિદ્દીકે અકબર છે પછી હઝરત ઉમરફારૂકે આઝમ પછી હઝરત ઉસ્માનગની પછી મૌલાઅલી (રદીયલ્લાહોઅન્હુમ) છે. જે માણસ મૌલાઅલી કર્રમલ્લાહો ત્આલા વજહહુલકરીમ ને હઝરત સિદ્દીક અથવા હઝરત ઉમર ફારૂક રદીયલ્લાહો અન્હોમાથી અફઝલ બતાવે તે બદમઝહબ તથા ગુમરાહ છે.

અકીદહ (૧૨૪) અફઝલનો એ અર્થ છે કે, અલ્લાહને ત્યાં વધારે ઈજ્જત તથા દરજ્જાવાળો હોય. તેને જ સવાબની અધિકતાથી પણ તાબીર (ગણના) કરે છે, અજરની અધિકતાથી નહીં. કારણ કે ઘણીવાર મફઝુલ માટે હોય છે. હદીસમાં સૈયેદના ઈમામ મહદીના સાથીઓ વિષે આવ્યુ છે કે, તેમનામાં એકના માટે પચાસનો અજર છે. સહાબાઓએ અરજ કરી કે, "તેમનામાંના પચાસનો કે અમારામાંના ?" હુઝૂરે ફરમાવ્યું : બલ્કે તમારામાંના. તો અજર તેમનો વધારે થયો, પરંતુ અફઝલીયતમાં, તેઓ સહાબાના હમસર (સમાન) પણ થઇ શકતા નથી. તો પછી અધિકતાની વાત જ કયાં રહી ? કયાં ઈમામ મેહદીનું સહચર્ય (રિફાકત) અને કયાં હુઝુર સૈયદે આલમ સલ્લાલ્લાહો અલયહે વસલ્લમની સહાબીયત. તેનું દ્રષ્ટાંત વગર સરખામણીએ એમ સમજો કે બાદશાહે કોઇ અભિયાન પર વઝીર અને કેટલાક બીજા અફસરોને મોકલ્યા, તેના વિજય પર દરેક અફસરને લાખ લાખ રૂપીયા ઈનામ આપ્યું. અને વઝીરને ખાલી માનપત્ર આપ્યું. તો ઈનામ તેમનેજ વધારે મળ્યું. પરંતુ કયાં તે અને કયાં વઝીરેઆઝમનું સન્માન.

અકીદહ : (૧૨૫) તેમની ખિલાફત ફઝીલતના ક્રમ પ્રમાણે છે. અર્થાત, જે અલ્લાહ સમક્ષ અફઝલ તથા આલા તથા અકરમ (વધારે નેક) હતો એજ પ્રથમ ખિલાફત પામતો ગયો. અફઝલીયત બરતરતીબે ખિલાફત નથી (ખિલાફતની તરતીબથી અફઝલીયત નથી.) એટલે અફઝલ એકે, મુલ્ક તથા મુલ્કગીરીમાં વધારે કૌશલતા જેવું કે આજકાલ સુન્ની બનવાવાળા તફઝીલીઆઓ કહે છે. (તફઝીલી તેને કહે છે, જે હઝરતઅલીને ત્રણે ખલીફાઓથી અફઝલ માને છે.) એવું હોત તો હઝરત ફારૂકેઆઝમ રદીયલ્લાહો અનહો સૌથી અફઝલ હોત કારણ કે તેમની ખિલાફતને ફરમાવ્યું : "લમ અર અબ્કરીય્યન યફરી ફર્યેહિ હત્તા ઝરબન્નાસો બેઓતનિન" અને હઝરત સિદ્દીકે અકબરની ખિલાફતને ફરમાવ્યું : ફી નઝએહિ દંઅફુન વલ્લાહો યગ્ફેરોલહુ."

**અકીદહ :** (૧૨૬) ચારે ખુલફાએ રાશેદીન પછી બાકીના અશરએ મુબશ્શરા (તે દશ સહાબીઓ જેમને હુઝૂરે જન્નતની યકીની બશારત આપી છે.) તથા હઝરાત હસનયન તથા અસ્હાબે બદર તથા અસ્હાબે બયઅતે રિદવાન માટે અફઝલીયત છે અને આ સૌ નિશ્ચિત જન્નતી છે.

**અકીદહ :** (૧૨૭) તમામ સહાબાએ કિરામ રદીયલ્લાહો અન્હુમ અહલે ખયર છે અને આદિલ છે. તેમનો જ્યારે પણ ઉલ્લેખ કરવામાં આવે, ત્યારે ખયર સાથે હોવું ફર્ઝ છે.

**અકીદહ :** (૧૨૮) કોઈ સહાબી સાથે બૂરી અકીદત રાખવી તે બદમઝહબી તથા ગુમરાહી તથા જહન્નમને લાયક છે, કારણ કે તે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે અદાવત છે. એવો શખ્સ રાફઝી છે, ભલેને પછી તે ચારે ખલીફાઓને માને અને પોતાને સુન્ની કહે. દા. ત. હઝરત અમીર મઆવિયાહ અને તેમના વાલિદ હઝરત અબૂ સુફયાન અને વાલિદહ હઝરત હિન્દા, એવીજ રીતે હઝરત સૈયેદના અમ્ર બિન આસ તથા હઝરત મુગીરહ બિન શોઅબહ તથા હઝરત અબૂ મૂસા અશઅરી રદીયલ્લાહો અન્હુમ ત્યાં સુધી કે હઝરત વહશી રદીયલ્લાહો અન્હો જેમણે ઇસ્લામ લાવતા પહેલાં હઝરત સૈયેદના સૈયેદુશ્શોહદા અમીર હમઝહ રદીયલ્લાહો અન્હોને શહીદ કર્યા અને ઇસ્લામ લાવ્યા પછી સૌથી મોટા ખબીસ મુસયલમા કઝઝાબ મલઉનને જહન્નમ ભેગો કર્યો. તેઓ ખૂદ ફરમાવ્યા કરતા હતા કે, મેં ખયરૂન નાસ (ઉત્તમશખ્સ) તથા શર્રૂનનાસ (દુષ્ટતમશખ્સ)ને કતલ કર્યો. આ પૈકી કોઈની પણ શાનમાં ગુસ્તાખી, તબર્રો છે અને તેનો માનનાર રાફઝી છે. જો કે તે, હઝરાત શૈખૈન (હઝરત અબુબ) અને હઝરત ઉમર) રદીયલ્લાહો અન્હુમાની તૌહીન બરાબર થઈ શકતી નથી. કારણ કે તેમની તૌહીન, તેમની ખિલાફતનો ઇન્કાર જ છે અને તે ફુકહાએકિરામની નજરોમાં કુફ્ર છે.

**અકીદહ :** (૧૨૯) કોઈ વલી ભલે તે કેટલાય મોટા મરતબાનો હોય કોઈ સહાબીના રૂતબાએ પહોંચી શકતો નથી.

**મસ્અલો :** સહાબાએ કિરામ રદીયલ્લાહો અન્હુમના પરસ્પર જે બનાવો બન્યા, તેમાં આપણે પડવું હરામ, હરામ સખ્ત હરામ છે. મુસલમાનોએ તો એ દેખવું જોઈએ કે, તે સૌ હઝરતો આકાએ દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જાંનિસાર અને સાચા ગુલામ છે.

**અકીદહ :** (૧૩૦) તમામ સહાબાએ કિરામ આલા તથા અદના (અને તેમનામાં અદના કોઈ નથી) સૌ જન્નતી છે. તેઓ જહન્નમની ભણક પણ સાંભળશે નહિ. અને હમેશાં પોતાની મનમાની મુરાદોમાં રહેશે. મહશરની તે મહા ગભરાટ તેમને ઉદાસ કરશે નહિ. ફરિશ્તા તેમનું સ્વાગત કરશે કે આ તે દિવસ છે જેનો તમને વાયદો કર્યો હતો. આ સઘળુ વર્ણન કુર્આનનો ઈરશાદ છે.

**અકીદહ :** (૧૩૧) સહાબાએ કિરામ રદીયલ્લાહો અન્હુમ, અંબિયા ન હતા અને ફરિશ્તા પણ ન હતા, કે માસૂમ હોય. તેમનામાં કેટલાકોથી લગઝિશો (લપસણ) થઈ, પરંતુ તેમની કોઈ વાત પર પકડ કરવું અલ્લાહ તથા રસૂલની વિરૂદ્ધ છે. અલ્લાહ તઆલાએ સૂરએ હદીદમાં જ્યાં સહાબાઓના બે પ્રકાર (બયાન) ફરમાવ્યા છે તે ફતેહમક્કા અગાઉના મોમીનો તથા ફતેહમક્કા પછીના અને તેમને તેમના પર ઉચ્ચતા આપી, અને ફરમાવી દીધું : "કુલ્લંવ્વઅદલ્લાહુલ્હુસ્ના" સૌથી (દરેકથી) અલ્લાહે ભલાઈનો વાયદો ફરમાવી લીધો. સાથેજ ઈરશાદ ફરમાવી દીધો : "વલ્લાહો બેમાતઅમલૂન ખબીર" અલ્લાહ સારી રીતે જાણે છે, જે કાંઈ તમે કરશો. તો જ્યારે તેણે તેમના સઘળા અઅમાલ જાણીને

હુકમ કરી દીધો કે, તે સઘળાઓથી અમે અઝાબ વગર જન્નત તથા કરામત તથા સવાબનો વાયદો કરી ચૂકયા તો બીજાઓનું શું હક્ક છે ? કે, તેમની કોઈ વાત પર મેંણું મારે. શું કટાક્ષ કરનારા, અલ્લાહથી જુદી પોતાની સ્થાયી હુકમત સ્થાપવા ચાહે છે ?

**અકીદહ :** (૧૩૨) હઝરત અમીર મુઆવિયા રદીયલ્લાહો અન્હો **'મુજતહિદ'** હતા. તેમનું મુજતહિદ હોવું હઝરત સૈયેદના અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાએ સહીહ બુખારીની હદીસમાં બ્યાન કર્યું છે. **'મુજતહિદ'**થી સવાબ (ઉચિત) તથા ખતા (દોષ) બંને સાદર થાય છે. ખતાના બે પ્રકાર છે. ખતાએ એનાદી (વેરભાવના) અને ખતાએ ઈજતેહાદી. ખતાએ એનાદી, મુજતહિદની શાન નથી અને ખતાએ ઈજતેહાદી, મુજતહિદથી થાય છે. અને તેમાં તેના પર અલ્લાહ તરફથી બિલકુલ કોઈ પકડ નથી. પરંતુ દુનિયાના અહેકામમાં તે બે પ્રકારે છે. ખતાએ મુકર્રર, કે તેના કર્તા પર ઈન્કાર ન થશે, આ તે ખતાએ ઈજતેહાદી છે જેનાથી દીનમાં કોઈ ફિત્નો પેદા થતો ન હોય. જેવું કે અમારી નજરોમાં મુકતદીનું ઈમામની પાછળ સૂરએ ફાતેહા પઢવું. બીજું ખતાએ મુનકિર. આ તે ખતાએ ઈજતેહાદી છે જેના સાહેબ (કર્તા) પર ઈન્કાર કરવામાં આવશે કે, તેની ખતા ફિત્નાનું કારણ છે.

હઝરત અમીર મુઆવિયા રદીયલ્લાહો અન્હોનું હઝરત સૈયેદના અમીરૂલ મોઅમેનીન અલી મુરતુઝા કર્રમલ્લાહો વજહહુલ કરીમથી વિરૂદ્ધતા એજ પ્રકારની ખતા હતી, અને ફેંસલો તે જે ખૂદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે મૌલાઅલીની ડિગ્રી અને અમીર મુઆવિયાની મગફેરત છે.

**મસ્અલો :** કેટલાક જાહિલો એવું જે કહ્યા કરે છે કે "જ્યારે હઝરત મૌલાઅલીની સાથે હઝરત અમીર મુઆવિયા રદીયલ્લાહો અન્હોનું નામ લેવામાં આવેતો **"રદીયલ્લાહો અન્હો"** કહેવામાં ન આવે, આ કથન કેવળ બાતિલ અને તેની કોઈ અસલ નથી. ઉલ્માએ કિરામે સહાબાઓના પાક નામોના સાથે મુત્લકન "રદીયલ્લાહો અન્હો" કહેવાની આજ્ઞા કરી છે. આ અપવાદ તે નવી શરીઅતનું ઘડવું છે.

**અકીદહ :** (૧૩૩) મિન્હાજે-નુબુવ્વત (એટલે નુબુવ્વતના તરીકા) પર **"ખિલાફતે રાશેદાહ"** ત્રીસ વરસ રહી કે, તે સૈયેદના ઈમામ હસન મુજતબા રદીયલ્લાહો અન્હોની ખિલાફતના છ મહીના પર ખતમ થઈ ગઈ. પછી અમીરૂલ મોઅમેનીન ઉમર બિન અબ્દુલઅઝીઝ રદીયલ્લાહો અન્હોની ખિલાફત, **"રાશેદાહ"** થઈ, અને અંતિમ જમાનામાં હઝરત સૈયેદના ઈમામ મેહદી રદીયલ્લાહો અન્હો થશે. હઝરત અમીર મુઆવિયા રદીયલ્લાહો અન્હો પ્રથમ મુલુકે ઈસ્લામ (ઈસ્લામી બાદશાહ) છે, એની જ પ્રત્યે મુકદ્દસ તૌરેતમાં ઈશારો છે કે, **"માલેદોહુ બેમક્કતા વમુહાજેરોહુ તયબતા વ મુલ્કહુ બિશ્શામ."** (અર્થ : તે નબી આખિરૂઝઝમાં (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મક્કામાં પેદા થશે અને મદીના શરીફ હિજરત કરી જશે, અને તેમની સલતનત શામ (સિરિયા) માં હશે.) તો હઝરત મુઆવિયાની બાદશાહી જો કે સલતનત છે, પરંતુ કોની ? હઝરત મોહમ્મદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સલતનત છે.

સૈયેદના ઈમામ હસન મુજતબા રદીયલ્લાહો અન્હોએ જાંનિસારોની એક વિરાટ ફોજ સાથે (જંગના) મેદાનમાં જ ઈરાદા પૂર્વક, અખ્ત્યાર પૂર્વક હથિયાર મૂકી દીધા અને ખિલાફત હઝરત અમીર મુઆવીયાને સુપ્રત કરી દીધી અને તેમના હાથ પર બયઅત કરી લીધી અને આ સુલેહને, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે, પસંદ કરી અને તેની બશારત આપી હતી કે, ઈમામ હસન વિષે ફરમાવ્યું **"ઈન્નબ્ની હાઝા સૈયેદુન લઅલ્લલ્લાહ અંયયુસ્લહે બેહિ બૈના ફેઅતૈને. અઝીમતૈને મિનલ-મુસ્લેમીન."** મારો આ બેટો સૈયદ (સરદાર) છે, હું આશા રાખું છું કે, અલ્લાહ તેના કારણે બે મોટા ઈસ્લામી ગિરોહમાં સુલેહ કરાવી દે. તો અમીર મુઆવીયા પર મઆઝલ્લાહ ફિસ્ક વિગેરેનું મેંણું મારનાર, આક્ષેપ કરનાર વાસ્તવમાં, હઝરત ઈમામ હસન, બલ્કે હુઝુર સૈયેદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ, બલ્કે અલ્લાહ પર તઅન (આક્ષેપ) કરે છે.

**અકીદહ :** (૧૩૪) ઉમ્મુલ મોઅમેનીન હઝરત આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હા કત્ઈ, યકીની જન્નતી અને યકીનન આખેરતમાં પણ મોહમ્મદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પ્રિયપાત્ર દુલ્હન છે. જે તેમને ઈઝા આપે છે તે રસૂલુલ્લાહને ઈઝા આપે છે. અને હઝરત તલ્હા તથા હઝરત ઝુબૈર રદીયલ્લાહો અન્હોમા તો અશરએ મુબશ્શરાહ પૈકી છે. આ સાહેબોથી પણ અમીરૂલ મોઅમેનીન મૌલા અલીના મુકાબલામાં ઈજતેહાદી ખતાઓ થઈ, પરંતુ તે સૌએ અંતે ખતાથી રજ્ઞુ ફરમાવ્યું.

શરીઅતની પરિભાપામાં, બગાવત સર્વથા ઈમામે બરહકના મુકાબલાને કહે છે. વૈર ભાવનાથી હોય કે, ઈજતિહાદી હોય. આ હઝરતો પર રૂજુઅ કરવાને કારણે તેનો ઈત્લાક થઈ શકતો (લાગુ પડી શકતી) નથી. હઝરત અમીર મુઆવિયા રદીયલ્લાહો અન્હોના ટોળા પર શરીઅતની પરિભાપા પ્રમાણે, 'બાગીટોળું' (શબ્દ) આવ્યો છે, પરંતુ હવે તો (આ જમાનામાં) બાગી એટલે ફસાદી તથા દુશ્મનાવટ રાખનાર તથા તોફાનીઓના ભાવાર્થમાં વપરાય છે. અને તે અપશબ્દ સમજવામાં આવે છે હવે કોઈ સહાબી પર તેનો શબ્દ પ્રયોગ જાઈઝ નથી. (એટલે હવે **'બાગી'** શબ્દ હઝરત અમીર મુઆવીયહ માટે ઉચ્ચારવો હર્ગિઝ જાઈઝ નથી -અનુ.)

**અકીદહ :** (૧૩૫) ઉમ્મુલ મોઅમેનીન હઝરત આઈશા સિદ્દીકા બિન્તે હઝરત સિદ્દીકે અકબર (મેહબુબએ મહબુબે રબ્બુલ આલમીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રદીયલ્લાહો અન્હોમા પર મઆઝલ્લાહ ધિક્કારિત આક્ષેપથી પોતાની નાપાક જબાન ગંદી કરનાર કત્અન-યકીનન કાફિર-મુરતદ છે. અને તે સિવાય બીજા આક્ષેપ કરનાર રાફઝી-તબર્રાઈ બદદીન જહન્નમી છે.

**અકીદહ :** (૧૩૬) હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન રદીયલ્લાહો અન્હોમા અવશ્ય ઉચ્ચ દરજ્જાના શોહદાએ કિરામ પૈકી છે. તેમામાંથી કોઈની શહાદતનો મુનકિર, ગુમરાહ-બદદીન અને ખાસિર છે.

**અકીદહ :** (૧૩૭) યઝીદપલીદ ફાસિક ફાજિર કબીરા ગુનાહોમાં સંડોવાએલો હતો.અલ્લાહની પનાહ, તેનાથી અને...રૈહાનએ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સૈયેદના ઈમામ હુસયન રદીયલ્લાહો અન્હોથી શું સંબંધ ? આજકાલ કેટલાક ગુમરાહ લોકો જે એમ કહે છે કે, અમારે તેમના મામલામાં શું કામ પડવું જોઈએ ? અમારે માટે તો તે પણ શાહઝાદા અને તેઓ પણ શાહઝાદા. આવી બકવાસ કરવા વાળો મરદૂદ-ખારેજી, જહન્નમનો હકદાર છે. હા, યઝીદને કાફિર કહેવા અને તેના પર લઅનત કરવામાં અહલે સુન્નતના ઉલ્માઓના ત્રણ કોલ-કથન છે. અને અમારા ઈમામે આઝમ રદીયલ્લાહો અન્હોનો મસ્લક મૌન રહેવું છે. એટલે કે, અમે તેને ફાસિક-ફાજિર કહેવા સિવાય ન કાફિર કહીએ ન મુસલમાન.

**અકીદહ :** (૧૩૮) અહલેબયતે કિરામ રદીયલ્લાહો અન્હોમ, અહલે સુન્નતના મુકતદા (જેમની ઈકતેદા કરવામાં આવે તે) છે. જે તેમનાથી મોહબ્બત ના ધરાવે તે મરદૂદ-મલઉન-ખારજી છે.

**અકીદહ :** (૧૩૯) ઉમ્મુલ મોઅમેનીન હઝરત ખદીજતુલકુબ્રા તથા ઉમ્મુલ મોઅમેનીન હઝરત આઈશા સિદ્દીકા તથા હઝરત સૈયેદહ રદીયલ્લાહો અન્હુમ કત્ઈ જન્નતી છે. અને તેમને ત્થા બાકીની પવિત્ર દીકરીઓ તથા બાકીની પવિત્ર પત્નીઓ રદીયલ્લાહો અન્હુન્નને તમામ સહાબીયાત (સહાબી ઔરતો) પર ફઝીલત છે.

**અકીદહ :** (૧૪૦) તેમની પવિત્રતાની ગવાહી કુર્આને આપી છે.

## વિલાયતનું બ્યાન

વિલાયત એક ખાસ કુર્બ (નિકટતા) છે કે અલ્લાહ ત્આલા, પોતાના બરગુઝીદહ (પર્સંદ ફરમાવેલા) બંદાઓને કેવળ પોતાના ફઝલો કરમ (કૃપા) થી અતા ફરમાવે છે.

**મસ્અલો** : વિલાયત વહબી (ખુદાદાદ) ચીઝ છે. ન એકે કષ્ટદાયક અઅમાલથી આદમી ખૂદ હાંસલ કરીલે. અલબત, ગાલેબન (વધુ કરીને) નેક અઅમાલ આ ઈલાહી ઈનામ માટે ઝરીયો થાય છે. અને કેટલાકોને આરંભમાં જ મળી જાય છે.

**મસ્અલો** : વિલાયત બેઈલ્મ (જાહિલ) ને મળતી નથી. ચાહે ઈલ્મ જાહેર રીતે પ્રાપ્ત કર્યો હોય અથવા આ મરતબા પર પહોંચવાથી પહેલાં અલ્લાહે તેના પર ઉલૂમ પ્રકટ કરી દીધા હોય. (એટલે જરૂરીયાતે દીનની તાલીમ મેળવ્યા પછી જ વિલાયત મળે છે. -અનુ)

**અકીદહ** : (૧૪૧) અવ્વલના તથા આખિરના અને તમામ અવલિયાથી, અવલિયાએ મોહમ્મદીયીન અર્થાત આ ઉમ્મતના અવલિયા અફઝલ છે અને તમામ અવલિયાએ મોહમ્મદીયીનમાં સૌથી અધિક મઅરફત અને અલ્લાહની નિકટતામાં ચારે ખુલ્ફાઓ (રદીયલ્લાહો અન્હુમ) છે. અને તેમનામાં ક્રમ એજ અફઝલીયતનો ક્રમ છે. સૌથી વધુ મઅરફત તથા નિકટતા હઝરત સિદ્દીકે અકબરને છે. પછી હઝરત ફારૂકે આઝમ, પછી હઝરત ઉસ્માન, પછી હઝરત અલીને રદીયલ્લાહો અન્હુમ અજમઈન. હા, તકમીલ (પૂર્ણતા)ના મરતબા પર હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને નુબુવ્વતના કમાલાત પ્રત્યે હઝરાત શૈખૈનને કાયમ કરી દીધા અને વિલાયતના કમાલાત પ્રત્યે હઝરત મૌલાઅલી મુશ્કિલકુશાને તો પાછળના સમસ્ત ઔલીયાઓએ મૌલાઅલીના જ ઘરથી નેઅમત મેળવી અને તેમના જ દસ્તેનિગર (આશ્રિત) હતા અને છે અને રહેશે.

**અકીદહ** : (૧૪૨) તરીકત, શરીઅતની વિરૂદ્ધ નથી. તે શરીઅતનો જ બાતિની (ગુહ્ય) હિસ્સો છે. કેટલાક જાહિલ સુફીઓ જે એમ કહી દે છે કે, "તરીકત અલગ છે અને શરીઅત અલગ." એ કેવળ ગુમરાહી છે. અને આ બાતિલ વિચાર-ભ્રમના લીધે પોતાને શરીઅતથી આઝાદ-મુક્ત સમજવું, ખુલ્લમખુલ્લા કુફ્ર અને નાસ્તિકતા છે.

**મસ્અલો** : શરીઅતના અહકામોની પાબંદીથી કોઈ વલી ભલે પછી તે કેવોએ મહાન હોય ભાર-મુક્ત થઈ શકતો નથી. કેટલાક જાહિલો જે એમ બકવાસ કરી નાંખે છે કે, "શરીઅત રસ્તો છે, રસ્તાની હાજતં તેમને છે જે મકસુદ (ધ્યેય) સુધી ન પહોંચ્યા હોય. અમો તો પહોંચી ગયા છીએ." સૈયેદુત્તએફા હઝરત જુનૈદ બગદાદી રદીયલ્લાહો અન્હોએ તેમના માટે જ કહ્યું છે : **"સદકૂ લકદ વસલૂ વલાકિન ઈલા ઐના ? ઈલન્નાર !"** (તરજુમા : તેઓ સાચું કહે છે, બેશક પહોંચ્યા : પરંતુ કયાં ? જહન્નમમાં") અલબત જો મજઝુબિયતથી અકલેતકલીફી (બુદ્ધિ) નષ્ટ થઈ ગઈ હોય. જેવો કે મૂર્છાવાળો તો તે તેનાથી શરીઅતની કલમ ઉઠી જશે. (શરીઅત લાગુ પડશે નહીં) પરંતુ એ પણ સમજી લો કે, જે આવા પ્રકારનો (મજઝુબ) હશે તેની એવી વાતો (શરીઅત વિરૂદ્ધ) કયારેય ન હશે. (અને તે) શરીઅતનો મુકાબલો (પણ) કયારેય ન કરશે.

**મસ્અલો** : ઔલીયાએ કિરામને અલ્લાહ ત્આલાએ બહુજ મોટી શક્તિ આપી છે. તેઓ પૈકી જે ખિદમતશાળીઓ છે તેમને તસર્રૂફનો અખત્યાર આપવામાં આવે છે સિયાહ-સફેદ (દરેક વસ્તુ)નો મુખતાર બનાવી દેવામાં આવે છે, આ હઝરતો નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સાચા નાયબ છે. તેમને અખત્યારો અને અધિકારો હુઝુરના નાયબપણા હેઠળ મળે છે. ગૈબીઉલૂમ તેમના પર પ્રગટ થાય છે. તેમનામાં ઘણાઓને **"માકાન વમા યકૂન"** (ત્રીકાળજ્ઞાન) અને તમામ લોહે મહફૂઝ પર ઈત્તેલાઅ (ખબરદાર) કરે છે, પરંતુ આ સઘળું હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વાસ્તા તથા અતાથી મળે છે. રસૂલુલ્લાહના વાસ્તા (માધ્યમ) વગર કોઈ ગેર નબી, કોઈ ગૈબનો જાણકાર થઈ શકતો જ નથી.

**અકીદહ** : (૧૪૩) કરામતે ઔલીયા હક્ક છે, તેનો ઈન્કાર કરનાર ગુમરાહ છે.

**મસ્અલો** : મુર્દા જીવતા કરવું, જન્મજાત આંધળા અને કોઢીયાને શિફા આપવું, પૂર્વથી પશ્ચિમ સુધી સમસ્ત જમીન એક કદમમાં પસાર કરી જવું, સારાંશકે તમામ નિયમ વિરૂદ્ધ કામો ઔલીયાઓથી

શકય છે. સિવાય તે મોઅજેઝાના (કાર્યો) જેની બાબતે બીજાઓ માટે મનાઈ સાબિત થઈ ચુકી હોય. દા.ત. કુર્આન મજીદ જેવી કોઈ સૂરત લઈ આવવું અથવા દુનિયામાં જાગ્રતાવસ્થામાં અલ્લાહના દીદાર અથવા હકીકી વાતચીતથી સન્માનિત થવું, તેનો જે પોતાના માટે અથવા કોઈ વલી માટે દાવો કરે, તે કાફિર છે.

**મસ્અલો** : તેમનાથી મદદ માંગવું અથવા સહાયતા યાચવું પ્રિય છે. તેઓ મદદ માંગનારાની મદદ કરે છે. ભલે તે કોઈ જાઈઝ શબ્દ સાથે હોય. હવે રહ્યું એ કે તેમને ફાઈલેમુસ્તકિલ (હમેશ માટે કર્તા) જાણવું આ વહાબીઓનો ફરેબ છે. મુસલમાન કયારેય એવો ખ્યાલ કરતો નથી. મુસલમાનના ફેલને બળજબરીએ દોપના સ્વરૂપે ઢાળવું વહાબીયતની ખાસ આદત છે.

**મસ્અલો** : તેમના મઝારો પર હાજરી આપવું, મુસલમાનો માટે સુભાગ્ય અને બરકતરૂપ છે.

**મસ્અલો** : તેમને દૂર-નજદીકથી પોકારવું, સલ્ફેસાલેહ (નેક પૂર્વજો)નો તરીકો છે.

**મસ્અલો** : ઔલીયાએ કિરામ પોતાની કબરોમાં અબદી હયાત સાથે જીવંત છે. તેમના ઈલ્મ તથા ઈદ્રાક (તીવ્ર અનુભૂતિ) દેખવું-સાંભળવું, પહેલાં કરતાં અધિકતમ શક્તિશાળી છે.

**મસ્અલો** : તેમને ઈસાલે સવાબ કરવું, તે બહૂજ બરકતરૂપ અને મુસ્તહબ કાર્ય છે. તેને ઉર્ફે આમ : સામાન્ય ભાપામાં અદબરૂપે, નઝરો નિયાઝ કહે છે. આ નઝરે શરઈ નથી.જેવું કે બાદશાહને નઝર આપવુ. તે પૈકી ખાસ રીતે અગીયારમી શરીફની ફાતેહા બહુજ મોટી બરકતની ચીઝ છે.

**મસ્અલો** : ઔલીયાએ કિરામનો ઉર્સ અર્થાત કુર્આનખ્વાની તથા ફાતેહાખ્વાની તથા નઅતખ્વાની તથા વાઅઝ તથા ઈસાલે સવાબ સારી ચીઝ છે. હવે રહ્યા શરીઅત વિરૂદ્ધના કાર્યો, તે તો દરેક સ્થિતિમાં દુષ્ટતમ છે. અને પાક મઝારો પાસે તો તે વધારે દુષ્ટતમ છે.

ચેતવણી : સામાન્યતઃ મુસલમાનોને ઔલીયાએ કિરામથી નિયાઝમંદી અને મશાયખ (પીરો) સાથે તેમને એક ખાસ અકીદત હોય છે. તેમના સિલસિલામાં જોડાવવાને પોતાના માટે **'ફલાહે દારૈન'** કલ્પે છે. એ કારણે હાલના જમાનાના વહાબીઓએ લોકોને ગુમરાહ કરવા માટે, એ જાળ પાથરી રાખી છે કે, પીરી મુરીદી પણ શરૂ કરી દીધી. જો કે તે લોકો ઔલીયાઅલ્લાહના મુનકિર છે. જેથી જ્યારે મુરીદ થવું હોય તો સારી રીતે ખાતરી કરી લે. નહીં તો જો (તે કહેવાતો પીર) બદમઝહબ હશે તો ઈમાનથી પણ હાથ ધોઈ બેસશો.

**અય બસા ઈબ્લીસ આદમ રૂએ હસ્ત, પસ બહર દસ્તે નબાયદ દાદ દાસ્ત.**

(અર્થ : ઘણીવાર શૈતાન, આદમીની સુરતમાં હોય છે. માટે દરેકના હાથમાં હાથ આપવો જોઈએ નહિ)

**પીર માટે** ચાર શરતો છે. બયઅત પહેલાં તેનું જાણી લેવું ફરજ છે. (૧) સુન્ની સહીહુલ અકીદહ હોય (૨) એટલો ઈલમ ધરાવતો હોય કે, પોતાની જરૂરતના મસઅલાઓ કિતાબોમાંથી કાઢી શકે. (૩) ખુલ્લો ફાસિક ન હોય (દાઢીમુંડો-નમાઝ વિગેરે છોડી દેનાર) (૪) તેનો સિલસિલ (બૈઅતો-ખિલાફત) નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સુધી જોડાએલો હોય.

**નસ્અલુલ્લાહલ-અફવ વલ-આફેયતા, ફીદીને વદ દુન્યા વલ-આખેરતે. વલ-ઈસ્તીકામતે અલશરીઅતિત્તાહેરતે વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહિ, અલૈહે તવક્કલ્તો વઈલૈહે ઓનીબ. વ સલ્લલ્લાહો ત્આલા અલા હબીબેહિ વ આલેહિ વ સહબેહિ વ ઈબ્નેહિ વ હિઝબેહિ અબદલ-આબેદીન, વલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન.**

**-: તમ્મત બિલ-ખૈર :-**

★★★

